અકલંક ગ્રંથમાળા પુષ્પ-૮૨

# તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ



: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંક વિજયજી મહારાજ

# છપાયેલ પુસ્તકોની યાદી

૧. કલ્યાણક સ્તવન ટોડર
૨. ઋષભદેવ ચરિત્ર
૩. શાંતિનાથ ચરિત્ર
૪. નેમિનાથનેકૃષ્ણ ચરિત્ર
૫. પાર્શ્વનાથને આદિનાથ ચરિત્ર
૬. મહાવીર ચરિત્ર
૭. જૈન રામાયણ
૮. ચેઈયિથયથુઈસિજ્ઝાય માળા
૯. શુકરાજાની કથા
૧૦. સમક્તિના સડસઠ બોલની સજ્ઝાય અર્થ સાથે
૧૧. અકલંક વિજયનું જીવનચરિત્ર
૧૨. કુમારપાળ ચરિત્ર
૧૩. ભક્તામર અર્થકથા સહિત
૧૪. છકર્મગ્રંથસાર ભા-૧
૧૫. નળ-દમયંતી ચરિત્ર
૧૬. પ્રકરણ ભાષ્યસાર
૧૭. જૈન કથાઓ ભા-૧
૧૮. છ કર્મગ્રંથ સાર ભા-૨
૧૯. જૈન કથાઓ ભાગ-૨
૨૦. સજ્ઝાયમાળા
૨૧. ભોગોપભોગ વિરમણવ્રત
૨૨. કુવલયમાળા કથા
૨૩. સામાયીક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪. તિલકમંજરી
૨૫. જૈન કથાઓ ભાગ-૩
૨૬. વૈરાગ્યનું અમૃત યાને સમરાદિત્ય ચરિત્ર
૨૭. ઋષભદેવ ચરિત્ર સ્તવનો સાથે
૨૮. શાન્તિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૨૯. નેમિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૦. પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧. મહાવીર ચરિત્ર સ્તવનો સાથે
૩૩. જૈન રામાયણ
૩૩. ભક્તિ મુક્તિ પર્યૂષણ-પર્વમાળા
૩૪. ભૂર્ભુવઃ સ્વઃ ભા-૧
૩૫. શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬. વીશસ્થાનકની કથાઓ
૩૭. જૈન કથાઓ ભા-૪
૩૮. મયણા શ્રીપાળ
૩૯. નેમિ વિવાહલો
૪૦. મહાબળ મલયા સુંદરી ચરિત્ર

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

શ્રી પરમાત્મને નમઃ    શ્રી ગુરવે નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ-૮૨

# તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ

卐

પ્રકાશક :
અકલંક ગ્રંથમાળા
C/O. નવનીત જે. મહેતા
પાદશાહની પોળ, રીલીફ રોડ અમદાવાદ-૩૮૦ ૦૦૧.

卐

: સંપાદક :
તપસ્વી મુનિશ્રી અકલંક વિજયજી મહારાજ

卐

સં. ૨૦૪૫ * નકલ : ૧૦૦૦ * મૂલ્ય : રૂા. ૧૦

# યોજના

શ્રી અકલંક ગ્રંથમાળા તરફથી જૈન ધર્મના અત્યુત્તમ પુસ્તકો છપાય છે. તેમાં યથાશક્તિ ભાગ લેવા વિનંતી છે. જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ દાન છે. રૂા. ૧૫૦૧, આપવાથી પેટ્રન થવાય છે અને છપાતા હજાર પુસ્તકમાં ફોટો જીવન ઝરમર લેવાય છે.

રૂા. ૧૦૦૧ આજીવન સભ્યના છે.
રૂા. ૫૫૧ પાંચ વર્ષના સભ્યના છે.
રૂા. ૧૫૧ એક વર્ષના સભ્યના છે.

ઉપર મુજબ કે તેથી વધુ આપનારનું નામ પુસ્તકમાં લેવાશે. હાજર પુસ્તકોનું લીસ્ટ પાછળ આપ્યું છે. તેમજ કુલ એકાશી પુસ્તકો છપાયાં છે અને સત્તાવીસ બાકી છે. એટલે એકસો આઠ છપાવાની ધારણા છે. પૂ. સાધુ સાધ્વીઓને તેમજ જ્ઞાનભંડારને આ પુસ્તકો ભેટ અપાય છે. તેમજ શ્રાવક શ્રાવીકાને ઓછામાં ઓછા રૂા. ૧૫૧, ભેટ મોકલવાથી હાજર પુસ્તકો ભેટ અપાય છે. પુસ્તકોનું વેચાણ થતું નથી. ભેટ રકમ લેવાય અને ભેટ પુસ્તકો અપાય છે. ભેટ રકમની પહોંચ અપાય છે અને પુસ્તકમાં નામ પણ છપાય છે સાધુ સાધ્વીઓને વિનંતી કરવામાં આવે છે કે આપ ઉપધાન ઉજમણા પ્રસંગે મહોત્સવ પ્રસંગે અમોને સારી રકમ મોકલાવશો તો આપના કહેવા મુજબ પુસ્તકો છપાવીશું વર્ષીતપ, સિદ્ધિ તપ ઉપધાનાદિમાં પ્રભાવના માટે પડતર કિંમતે પુસ્તકો અપાશે.

નવનીત જે. મહેતા પાદશાહની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧

મુદ્રક : સાગર પ્રિન્ટર્સ પાદશાહની પોળ, રીલીફ રોડ, અમદાવાદ

# પ્રસ્તાવના

શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર–સર્વ સમાજમાં અતિ પ્રચલિત છે જેના રચયિતા પૂર્વધર મહાપુરુષ શ્રી ઉમા સ્વાતિજી મહારાજ છે. આગમસાગરનું મંથન કરી તેઓશ્રીએ ટૂંકાણમાં સિદ્ધાંતનો સાર–તદ્દન નાના–ટૂંકા સૂત્રોમાં રજૂ કર્યો છે દિગંબર સમાજમાં પણ આ સૂત્ર જાણીતું અને માનીતું છે. તત્વાર્થાધિગમ સૂત્રમાં આગમનો સાર છે. જૈન દર્શન નો સાગર છે અન્ય દર્શનો નદી સમાન છે. સાગરમાં સઘળી નદીઓનો સમાવેશ થાય છે. અન્ય દર્શનકારો–મતકારો–ગીતા બાઈબલ કુરાન વિ. પોતાના ધર્મના સિદ્ધાંતોને રજૂ કરે છે. જ્યારે સાગર સમાન જૈન દર્શનનો એક પુસ્તકમાં કઈ રીતે સમાવેશ થાય.

આત્મા ધર્મ તથા કર્મના વિષય ઉપર લાખો શ્લોકોની રચના છે. આવા ગહન અને જટિલ વિષયને એક પુસ્તકમાં કેવી રીતે સમાવી લેવાય માટે આપણે જૈન દર્શનનું એક પુસ્તક કુરાન, બાઈબલ કે ગીતાની જેમ બતાવી શકતા નથી છતાં બતાવવું હોય તો શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર–કલ્પસૂત્ર વિગેરેને બતાવી શકીએ. સંતોષ આપવા ખાતર શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર ઉપર કેટકેટલા આચાર્યોએ ટીકાઓની રચના કરી છે. આવા ગહન અને જટિલ ગ્રંથ વિષે શું લખવું ? જેની પ્રસ્તાવના પણ એક ગ્રંથ બની જાય તેવો આ ગ્રંથ છે. દિગંબરોની જેમ આપણા લોકો ગળથુથીમાં જ આ ગ્રંથનો અભ્યાસ કરે તો તાકાત નથી કે આપણી શ્રદ્ધાને કોઈ ભ્રષ્ટ યા ઢીલી કરી શકે. શ્રદ્ધાને દૃઢ બનાવવા આવા તત્વજ્ઞાનના ગ્રંથનો અભ્યાસ કરવો જોઈએ. બ્હેનો રોટલી

વણતાં અને ભાઈઓ દુકાનમાં બેઠા બેઠા પણ એક એક સૂત્ર ગોખી કાઢે તો ટૂંક સમયમાં જ ગ્રંથ કંઠસ્થ થઇ શકે. વધુ શું લખું મુનિરાજ શ્રી અકલંક વિજયજી આ વિષયમાં ઠીક ઠીક પુરુષાર્થ કરી રહ્યા છે. એમની જ્ઞાનરુચિ પ્રશંસનીય છે. ઘણાંય ગ્રંથો તેમને સારરૂપે બહાર પાડ્યા છે. ખરેખર તેઓ અભિનંદનને પાત્ર છે. મેં પ્રુફ વાંચ્યા નથી એટલે પ્રસ્તાવનામાં પૂરો ન્યાય આપ્યો નથી. સુજ્ઞેષુ હિં બહુના.

શ્રી લબ્ધિ લક્ષ્મણ
સૂરિ શિશુ કીર્તિચંદ્રસૂરિ

---

# અકલંક ગ્રંથમાળામાં
## દ્રવ્ય સહાયકની યાદી

૧. રૂા. ૧૦૦૧/–રસીકલાલ કાન્તિલાલ પાટણવાળા, પારલા

૨. રૂા. ૧૦૦૧/– મુલતાનમલજી ચાંદમલજી મલાડ

૩. રૂા. ૧૦૦૧/– નગીનદાસ ભાયચંદ સમૌવાળા મલાડ

૪. રૂા. ૧૦૦૧/– કાર્ટરરોડ, સંભવનાથ જૈન દેરાશર,

૫. રૂા. ૧૦૦૧/– મરઘાબેન જયંતીલાલ રાજપાલ મૂળીવાળા

૬. રૂા. ૧૦૦૧/– સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર બાબુલનાથ

૭. રૂા. ૧૦૦૧/– ખુમચંદ રતનચંદ જોરાજી

૮. રૂા. ૧૦૦૧/– અસીમ અશોક મહેતા, મરીન ડ્રાઈવ

૯. રૂા. ૧૦૦૧/– ગોકળદાસ મગનલાલ ,,

૧૦. રૂા. ૧૦૦૧/– કાન્તિલાલ લલ્લુભાઈ ઝવેરી ,,

૧૧. રૂા. ૧૦૦૧/– પુખરાજજી અચલાજી, મીરઝા સ્ટ્રીટ

૧૨. રૂા. ૧૦૦૧/– પરશોતમ વેલજીભાઈ કુંભાસણવાળા
( આંબેલ ખાતાની ઉપર )

૧૩. રૂા. ૫૦૧/– ભગવતી મફતલાલ લક્ષ્મીચંદ પાટણવાળા

૧૪. ,, ૫૦૧/– રમણલાલ ડાહ્યાભાઈ અંબાસણવાળા

૧૫. ,, ૫૦૧/– શાન્તિલાલ મગનલાલ ટોપીવાળા મેન્શન

૧૬. ,, ૫૦૧/– નગીનદાસ દોશી મરીન ડ્રાઈવ નીલમ

૧૭. ,, ૫૦૧/– શૈલેશભાઈ ચંદુલાલ શાહ સર્વોદય નગર

૧૮. ,, ૫૦૧/– ધુળાલાલ પોપટલાલ શાહ કરણનગરવાળા

૧૯. ,, ૫૦૧/– હિંમતલાલ કાન્તિલાલ નહાલચંદ
ઓપેરાહાઉસ

૨૦. ,, ૫૦૧/– ભવરલાલજી નવજીવન સોસાયટી
ગ્રાન્ટ રોડ, મુંબઈ



# પૂજ્યશ્રીનો પરિચય

**મુનિ અકલંક વિજય**

જન્મ સ્થળ : લીંચ જી. મહેસાણા

સંવત : ૧૯૭૦ ફાગણ સુદ-૫

સંસારી નામ :

અમૃતલાલ શિવલાલ શાહ

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ. આચાર્યશ્રી વિજય ભૂવનભાનુંસૂરી પાસે સંવત ૨૦૩૫ ના વૈશાખ સુદ-૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંક વિજય નામભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ના વૈશાખ સુદ-૩ના રોજ પૂર્ણ કરી.

સ્વ. પૂ. કર્મશાસ્ત્ર પારંગત સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરિ મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથાદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે હાલ વર્ધમાન તપની પુનઃ ૪૭ મી ઓળીની આરાધના ચાલે છે જ્ઞાન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રીને કોટિ કોટિ વંદન.

—પ્રો. કવિન શાહ બીલીમોરા

## શ્રી મુક્તાનમલજી ચાંદમલજી સોનીગરા



[redacted]

(નારડોલ-રાજસ્થાન)

"ન્યુ મન-મંદિર" S.V. Road

મલાડ વેસ્ટ નટરાજ માર્કેટ સામે, મુંબઈ

તત્વાર્થાધિગમ સૂત્રાર્થ છાપવામાં સહાયક તરીકે રૂા. ૧૦૦૧/- મુલતાનમલજી ચાંદમલજી તરફથી મળ્યા છે. તેનો સાભાર સ્વિકાર કરવામાં આવ્યો છે. તેમનું ટૂંક જીવન નીચે મુજબ છે.

મુલતાનમલજીનો જન્મ નાડોલ (રાજસ્થાનમાં) સં. ૧૯૭૫ માં પિતા ચાંદમલજી વનરાજજી સોનીગરા અને માતા મગદુબેનની કુક્ષીએ થયો હતો. તેમના બીજા પાંચ ભાઈઓ નામે દાનમલજી, ઝવેરચંદજી, પુખરાજજી, સાહેબચંદજી અને લક્ષ્મીજી હતા. બે વ્હેનો ડાહી અને અંસી નામે હતી. આજે સીત્તોર વર્ષની ઉંમરે પણ વર્ષી તપ કરી રહ્યા છે. અઠ્ઠાઈઓ ઘણી જ કરી છે, નવ્વાણું યાત્રા કરી છે અને તપશ્ચર્યા તો ચાલુ જ છે. બે વર્ષી તપ કર્યા પછી હાલ ત્રીજો વર્ષી તપ ચાલે છે. પંચમી તપ, પૌષદશમી તપ અને વર્ધમાન તપની ત્રેવીસ ઓળી કરી છે.

આ રીતે શ્રાવક ધર્મની આરાધના કરી જીવન સફળ બનાવ્યું છે. સંઘ સાથે સાથે કાળીગંધાર અને દયાળશાના કિલ્લાની યાત્રા કરીને કરાવી છે. સમેત શિખર વગેરે તીર્થોની પણ યાત્રા કરી છે તેમનાં ધર્મપત્નિ શાન્તાબેન પણ ધર્મિષ્ઠ મળ્યાં છે.

તેમની ઉંમર સાઠ વર્ષની છે અને પાંચ દીકરા અને બે દીકરીએ માસખમણની તપસ્યા કરેલ છે. તેઓ ધર્મક્રિયામાં ઉત્તરોત્તર આગળ વધે. એમ ઇચ્છીએ. નાડોલ (રાજસ્થાન) જૈન ભોજનશાળા તેમના તરફથી ચાલું છે. ધર્માનુરાગી છે.



શ્રી વાડીલાલ જીવરાજ ઝવેરી

પાલનપુરવાળા

# પરિચય યાને સંક્ષિપ્ત જીવન ઝરમર

શ્રી વાડીલાલ જીવરાજભાઈ. ધર્મનીષ્ઠ અને સંસ્કાર પુરુષ છે તેઓશ્રી પાલનપુરના વતની હોઈ ખૂબ જ માતાપિતાના સુસંસ્કાર પામી આગળ આવેલ છે. મેટ્રીક પાસ થઈને કલકત્તા, બર્મા વ્યવસાય અંગે રહ્યા અને ત્યાંથી મુંબઈ હાલ પચ્ચાસ સાઈઠ વર્ષથી રહે છે.

તેમનો દૈનિક ધાર્મિક કાર્યક્રમ સામાયિક, જીનપૂજા અને લગભગ એક હજાર સ્વાધ્યાયનો છે

પાલનપુરમાં શ્રી જગદ્દગુરૂ જૈન મિત્રમંડળના તેઓ સ્થાપક છે તેના અંતર્ગત પાઠશાળા, બોર્ડીંગ, કેળવણી ફંડ આદિ સ્થાના વર્ષોથી અગ્ર-ગણ્ય કાર્યકર્તા હાલમાં પણ છે.

શ્રી શાંતિનાથ જૈન દેરાસરના ટ્રસ્ટી તથા મુંબઈ પાયધુની ખાતે અને શ્રી પ્રવચન પૂજક સભાના માનદ સેક્રેટરી વર્ષોથી મલાડ જૈન સંઘના (દેવકરણ મૂલજી) ઉપપ્રમુખ તરીકે પણ હતા.

તેઓશ્રી મલાડ પોષાતી મંડળના હાલમાં પ્રમુખ છે.

તેઓ સંસ્કૃત તથા પ્રાકૃત તથા જ્યોતિષના સારા અભ્યાસી છે. સ્વ. આ વિકાશચન્દ્રસૂરિએ જે. મહેન્દ્ર જૈન પંચાંગ પાંત્રીશ વર્ષ સુધી જે ચાલુ રહેલ તેના પાંત્રિશ વર્ષ સુધી સંપાદક તરીકે તેઓ રહ્યા હતા.

તેઓશ્રી ઝવેરી બજારમાં હીરાનો ધંધો કરતા હતા. હાલમાં વર્ષોથી નિવૃત્ત છે. શ્રી નાનુભાઈ નગીનદાસ સંચાલીત જૈનપંડળના સેક્રેટરી ઘણા વર્ષ સુધી હતા.

આજે ૮૨ વર્ષની જૈફ વયે પણ તેમની ધાર્મિક ક્રિયાઓ યુવકને પણ વિચાર કરતો કરે તેવી છે.

તેઓશ્રીના પરિવારમાં છ પુત્રો ચાર પુત્રીઓ છે અને તેમના ધર્મપત્ની (સ્વર્ગવાસ) થયેલ છે.

તેઓશ્રી અમારા ખૂબ જ પરિચિત અને આત્મીય મુરબ્બી છે, સ્નેહી છે. તેમના જીવન વિશે વિશેષ તો શું કહેવું.

**લી. પં. પુનમચંદ કે શાહ**
શ્રી હીરસૂરિશ્વરજી સંસ્કૃત પાઠશાળા ગોડીજી
મુંબઈ : પાયધુની, નં ૩

## તત્ત્વાર્થસૂત્ર.

# પહેલો અધ્યાય—૧

### સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ : ૧

સમ્યગ્દર્શન 'સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે. એ ત્રણેનું સમુદિતપણું તે મોક્ષ માર્ગ છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય છે. સમ્યગ્જ્ઞાન વિનાનું ચારિત્ર તે કષ્ટ ક્રિયા કહેવાય છે. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા, વિશ્વાસ, પ્રતીતિ, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરોએ જે વસ્તુ જે સ્વરૂપે કહી હોય તે સ્વરૂપે માનવી તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન હોવા છતાં સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્ર ન હોય તેમ બને. પરંતુ સમ્યગ્જ્ઞાન હોય તેનામાં સમ્યગ્દર્શન અવશ્ય હોય અને સમ્યગ્ચારિત્ર હોય તેનામાં સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન બંને હોય. ગુણઠાણાની અપેક્ષાએ ચોથું ગુણઠાણું અવિરતિ સમ્યગ્દૃષ્ટિનું છે. તે શ્રેણિક અને કૃષ્ણ વગેરેને હતું. પરંતુ પાંચમું ગુણઠાણું પચ્ચક્ખાણ વિરતિ કરવાથી આવે છે. એટલે શ્રદ્ધા એકલી કામમાં આવતી નથી. શરીરમાં રોગ થયો હોય અને વૈદ્ય ઉપર એકલી શ્રદ્ધા રાખીએ તો રોગ મટે નહિ. તેની પાસેથી કઈ દવા લેવી તે જાણવું જોઈએ અને જાણ્યા પછી એટલે દવા લાવ્યા પછી તે દવા જ્યાં સુધી વાપરીએ નહિ ત્યાં સુધી કેવળ જાણવા માત્રથી લાભ થતો નથી એટલે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોવા

છતાં તે મુજબનું વર્તન ન કરવાથી ફાયદો થતો નથી. એટલે સમ્યગ્ચારિત્ર ક્રિયા રૂપ છે.

**જ્ઞાનસ્ય ફલં વિરતિ** : જો સમ્યગ્જ્ઞાન હોય તો વિરતિ આવ્યા વિના રહે નહિ. એટલે ચોથે ગુણઠાણે જીવાદિ નવતત્ત્વોનું જ્ઞાન થતાં હેય જ્ઞેય ને ઉપાદેયનું ભાન થાય છે. પછી થોડેઘણે અંશે વિરતિ કરવાનું મન થાય. પચ્ચક્ખાણ લેવાથી પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થાય છે. તેમાં શ્રાવકનાં બાર વ્રત લેવાય છે. પછી સર્વ પાપવ્યાપારનો ત્યાગ કરવા રૂપ સર્વવિરતિ એટલે દીક્ષા–પ્રવ્રજ્યા ગ્રહણ કરી અણગાર બનવા તૈયાર થાય તેને છઠ્ઠું ગુણઠાણું ફરસે છે. તે વખતે પ્રમાદ આવી જાય છે. તે પ્રમાદમાંથી નીકળી અપૂર્વ વીર્યોલ્લાસ વધતાં જીવ અપ્રમત્ત નામે સાતમે ગુણઠાણે આવે છે. પણ તે અપ્રમત્ત દશા બે ઘડી સુધી ટકતી ન હોવાથી પાછો છઠ્ઠે ગુણઠાણે આવે છે. એમ છઠ્ઠું ને સાતમું ગુણઠાણું ઝોલા ખાતું રહે છે. પ્રમાદ દશા પણ બે ઘડીથી વધુ રહે તો તે નીચે પડે છે.

અત્યારના જીવોને ઉત્તમ સંઘયણના અભાવે અપ્રમત્તદશા વધુ ટકતી નથી. તેથી સાતમા ગુણઠાણાથી આગળ જઈ શકતો નથી. ઘણું ઉચ્ચ ચારિત્ર પાળે તો પણ છઠ્ઠા સાતમામાં ઝોલાં ખાતાં હોય છે. પ્રથમના ત્રણ સંઘયણવાળો જીવ કષાયોને દબાવતો ઉપશમાવતો આઠ નવ દશ ને અગીઆરમા ગુણઠાણા સુધી આવીને પડી જાય છે. કારણ કે તે કષાયોનો ક્ષય કરતો જતો નથી તેથી

પાણીમાં જેમ કચરો નીચે બેસી જતાં પાણી સ્વચ્છ દેખાય છે. તેમ નિરતિચાર ચારિત્ર પાળવા છતાં નિમિત્ત મળતાં કચરો ઉપર આવતાં પાણી ડહોળાઈ જઈ મેલું થાય છે. તેમ તે જીવ અગ્યારમા ગુણઠાણાથી પડીને અનુક્રમે દશમે નવમે આઠમે સાતમે છઠ્ઠે આવે છે. કોઈક જીવ પડીને છેક પહેલે ગુણઠાણે મિથ્યાત્વે પણ આવે છે.

પ્રથમ સંઘયણવાળો જીવ છઠ્ઠે કે ચોથે આવી ફરી ચડવાની મહેનત કરે તો કષાયોનો ક્ષય કરતો ક્ષપકશ્રેણી માંડી આઠમે નવમે દશમેથી સીધો બારમે જાય છે. અગિયારમે ગુણઠાણે તો ઉપશમશ્રેણીવાળો જ જાય છે. બારમાને અંતે જીવ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મનો ક્ષય કરી તેરમે આવે ત્યારે કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરે છે.

તેથી જગતના તમામ ભાવો જાણે છે, દેખે છે પ્રથમ મોહનીય કર્મનો ક્ષય કરી દશમે ગુણઠાણે સૂક્ષ્મલોભને ખપાવી બારમે આવે ત્યારે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયેલો હોય છે. છઠ્ઠું સાતમું ગુણઠાણું જેમ અંતર્મુહૂર્તથી વધારે ટકતું નથી. બન્ને મળીને તો દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી ટકે છે. પણ છઠ્ઠું કે સાતમું એકલું દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી ટકતું નથી અંતર્મુહૂર્ત બદલાયા કરે છે. તેવી જ રીતે આઠમાથી બારમા ગુણઠાણાનો કાળ પણ અંતર્મુહૂર્ત જ છે. એટલે જ સામાયિકનો કાળ એક મુહૂર્ત, અડતાલીસ

મીનીટનો રાખ્યો છે. એક જ મુહૂર્તમાં જીવ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી ચાર અનંતાં મેળવે છે. અનંતજ્ઞાન અનંતદર્શન અનંતચારિત્ર ને અનંતવીર્ય પછી આયુષ્ય કર્મના ક્ષયે બાકીનાં નામ, ગોત્ર અને વેદનીય મળી ચારે અઘાતીકર્મોનો ક્ષય ચૌદમે ગુણઠાણે થતાં જીવ એક જ સમયમાં સિદ્ધ થાય છે.

**તત્ત્વાર્થ શ્રદ્ધાના સમ્યગ્દર્શનમ્** (૨) તત્ત્વ અને તેના અર્થમાં રુચિ પ્રગટવી, શ્રદ્ધા થવી તેને સમ્યગ્દર્શન કહેવાય છે. **તન્નિસર્ગાદધિગમાદ્વા** (૩) તે સમ્યગ્દર્શન નૈસર્ગિક (કુદરતી રીતે) અને ઉપદેશથી એમ બે પ્રકારે ઉત્પન્ન થાય છે તે બન્નેમાં અનંતાનુબંધી ચાર કષાય, સમક્તિ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ, મોહનીય એ દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ અવશ્ય થાય છે, દર્શનસપ્તકના ક્ષયે જીવને ક્ષાયિક સમક્તિ પ્રાપ્ત થાય છે; તે આવેલું જતું નથી. દર્શન-સપ્તકના ઉપશમે ઉપશમ સમક્તિ થાય છે. તે અંતર્મુહૂર્તથી વધારે ટકતું નથી.

દર્શનસપ્તકના ક્ષયોપશમે ક્ષયોપશમ સમક્તિ થાય છે. ઉપશમમાં કષાયોને દબાવતો જાય છે પણ ક્ષય કરતો નથી. જ્યારે ક્ષયોપશમમાં ઉદય આવેલ કર્મોનો ક્ષય કરે છે અને અનુદિત કર્મોનો ઉપશમ કરે છે. માટે ક્ષયોપશમ કહેવાય છે. તે વધુમાં વધુ એક ભવ આશ્રી તેત્રીસ સાગરોપમ અને અનેક ભવ આશ્રી છાસઠ સાગરોપમ સુધી ટકે છે. ક્ષયોપશમ સમક્તિ અસંખ્યાતીવાર આવે છે ને જાય

છે. આવે ત્યારે ચોથા ગુણઠાણે હોય અને જાય ત્યારે પહેલા ગુણઠાણે હોય છતાં બીજ બંધાઈ ગયું હોવાથી તદ્દન નાશ પામતું નથી. ઉપશમ સમકિત આખા ભવચક્રમાં પાંચ જ વાર આવે છે. પહેલ વહેલું જીવ ઉપશમ સમકિત પામે છે. પછી ચાર વખત ઉપશમ શ્રેણીમાં આવે છે. એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી થઈ શકે છે.

**જીવા જીવાશ્રવબંધ સંવર નિર્જરામોક્ષાસ્તત્ત્વમ્=(૪)** જીવ અને અજીવ એ તત્ત્વો જ્ઞેય=જાણવા યોગ્ય છે. આશ્રવ ને બંધ બે તત્ત્વો હોય એટલે તજવા યોગ્ય છે. સંવર નિર્જરા ને મોક્ષ એ ત્રણ તત્ત્વો ઉપાદેય એટલે આદરવા યોગ્ય છે. શુભાશ્રવ તે પુણ્ય છે અને અશુભાશ્રવ તે પાપ છે. પુણ્ય અમુક અંશે ઉપાદેય છે. પાપ સર્વથા હેય છે. એ સર્વનું વર્ણન આગળ કહેવાશે.

**નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસ : (૫)** નામ સ્થાપના દ્રવ્ય અને ભાવથી તે તત્ત્વો જાણી શકાય છે. જ્ઞાન મેળવવાનું સાધન તે નિક્ષેપ કહેવાય. તે ચાર પ્રકારે છે. વસ્તુને ઓળખવાનો સંકેત તે નામ. વસ્તુની ગેરહાજરીમાં તેનું આરોપણ પ્રતિબિંબ તે સ્થાપના. વસ્તુની ભૂત અને ભાવી અવસ્થા તે દ્રવ્ય અને વર્તમાન અવસ્થા તે ભાવ કહેવાય. જેમ કે પ્રભુ મહાવીરનું નામ તે નામજિન. તેમની પ્રતિમા તે સ્થાપના જિન. તેમની કેવળજ્ઞાન પ્રાપ્તિ અગાઉની સ્થિતિ તેમજ મોક્ષે ગયા પછીની સ્થિતિ તે

દ્રવ્યજિન અને કેવળજ્ઞાન પામી મોક્ષે જાય ત્યાં સુધીની અવસ્થા તે ભાવજિન આ પ્રમાણે નિક્ષેપા વિચારવા.

**પ્રમાણ-નયૈરધિગમ:** (૬) જીવાદિતત્ત્વોનું જ્ઞાન **પ્રમાણ અને નય** દ્વારા થાય છે. અનંત ગુણપર્યાયવાળી દરેક વસ્તુને અનેકરૂપે અવલોકી તેના ધર્મોનો સમન્વય કરી તેનો સ્વીકાર કરવો તે પ્રમાણ છે. જુદી જુદી અપેક્ષાએ મુખ્યપણે સ્વીકારી બાકીના ગૌણ માનવા તે નય છે.

**નિર્દેશસ્વામિત્વ સાધનાધિકરણ સ્થિતિવિધાનતઃ (૭) સત્સંખ્યાક્ષેત્રસ્પર્શનકાલાન્તરભાવાલ્પબહુત્વૈશ્ચ** (૮) અનુયોગદ્વાર એ પણ જ્ઞાનનાં સાધન છે. નિર્દેશ એટલે વસ્તુની વ્યાખ્યા. રૂપ, રંગ, સ્વરૂપ, સ્વભાવ, અંગેના પ્રશ્નો તેમાં આવે છે સ્વામિત્વ એટલે વસ્તુના માલીક અંગેના પ્રશ્નો, સાધન એટલે તેની ઉત્પત્તિના હેતુ, અધિકરણ એટલે વસ્તુને રહેવાનો આધાર સ્થિતિ એટલે વસ્તુને ટકવાની કાળમર્યાદા, વિધાન એટલે જુદા જુદા પ્રકાર, સત્ એટલે વસ્તુનું અસ્તિત્વ સત્તા, સંખ્યા એટલે વસ્તુની ગણતરી, ક્ષેત્ર એટલે વસ્તુથી રોકાતી જગા, સ્પર્શન આજુબાજુની દિશાને સ્પર્શતી જગા, કાળ-વસ્તુની કાળમર્યાદા, અંતર-વસ્તુની રૂપાન્તર અવસ્થા વચ્ચેનો સમય, ભાવ એટલે વસ્તુની વર્તમાન અવસ્થા, અલ્પબહુત્વ-વસ્તુની સંખ્યામાં ન્યૂનાધિકતા. સમ્યગ્દર્શનમાં આ અનુયોગ દ્વાર

ઘટાવીએ તો સમ્યદગ્શ૪નની વ્યાખ્યા તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ એ કહેવાય. સમ્યગ્દર્શનનો માલીક જીવ છે, સમ્યગ્દર્શન નિસર્ગ અને અધિગમથી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન જીવમાં રહેલું છે. સમ્યગ્દર્શનની સ્થિતિ અગાઉ જણાવી તે મુજબ છે. સમ્યગ્દર્શન ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ એમ ત્રણ પ્રકારે છે. ચોથાથી સાતમા ગુણઠાણા સુધી જ સમ્યગ્દર્શન ગણાય છે. પણ સમક્તિની ગણતરી જુદી રીતે છે તે આગળ જણાવી છે. સત્સંખ્યાદિ નવદ્વારે મોક્ષનું સ્વરૂપ આગળ જણાવીશું. એટલે આ ચૌદમાં એકબીજાં સમાઈ જાય છે.

**મતિશ્રુતાવધિ મનઃપર્યાયકેવલાનિ જ્ઞાનમ્.** (૯) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ જ્ઞાનના પાંચ પ્રકાર છે. જ્ઞાન એ જ પ્રમાણ છે. પહેલાં બે જ્ઞાન પરોક્ષ અને પછીનાં ત્રણ પ્રત્યક્ષ એટલે આત્માને ઈંદ્રિયની મદદ વિના સીધેસીધાં થાય છે. **તત્પ્રમાણે** (૧૦) **આદ્યેપરોક્ષમ્** (૧૧) **પ્રત્યક્ષમન્યત્**(૧૨) **મતિઃ સ્મૃતિઃ સંજ્ઞાચિન્તાભિનિબોધ ઈત્યનર્થાન્તરમ્** (૧૩) મતિ એટલે બુદ્ધિ વર્તમાન કાલીન છે. સ્મૃતિ એટલે સ્મરણશક્તિ તે ભૂતકાલીન છે. સંજ્ઞા એટલે સંકેત. ચિન્તા ભૂતકાળના અનુભવની સાથે વર્તમાનકાળના અનુભવની તુલના રૂપ છે. મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન થાય છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા, અભિનિબોધ એ બધા મતિજ્ઞાનના પર્યાય

શબ્દો જ છે. સિદ્ધાંતમાં મતિજ્ઞાનને અભિનિબોધ જ્ઞાન કહ્યું છે.

**તદિન્દ્રિયાનિન્દ્રિયનિમિત્તમ્ (૧૪) અવગ્રહેહા-પાય ધારણાઃ (૧૫)** મતિ જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને મનના નિમિત્તથી ઉત્પન્ન થાય છે. પણ આત્માને સીધેસીધું થતું નથી માટે તે પરોક્ષ કહેવાય છે. મતિજ્ઞાનની પ્રાપ્તિનાં ચાર પગથીયાં અનુક્રમે અવગ્રહ, ઇહા, અપાય ને ધારણા છે. કંઈક એવું અસ્પષ્ટ જ્ઞાન તે અવગ્રહ છે, પછી શું હશે તેવી ઇહા એટલે વિચારણા થાય. પછી આજ છે એમ નક્કી થાય તે અપાય કહેવાય. અને મનમાં ધારી રાખે તે ધારણા કહેવાય. તે દરેકમાં પાંચ ઇન્દ્રિયને મન કામ કરતું હોવાથી ચાર ને છએ ગુણતાં ચોવીસ ભેદ થાય. તેને નીચે મુજબ બાર પ્રકારે ગુણતાં બસો અઠ્ઠાસી ભેદ અર્થાવગ્રહથી ધારણા સુધીના થાય છે.

**બહુ બહુ વિધક્ષિપ્રાનિશ્રિતાસંદિગ્ધધ્રુવાણા-સેતરાણામ્ (૧૬)** બહુ, અબહુ, બહુવિધ, અબહુવિધક્ષિપ્ર, અક્ષિપ્ર, નિશ્રિત, અનિશ્રિત, સંદિગ્ધ, અસંદિગ્ધ ધ્રુવને અધ્રુવ એ બાર, પ્રકારે જ્ઞાન થાય છે. તેમાં પ્રથમના ચાર વિષયની વિવિધ-તાના કારણ રૂપ છે. બાકીના આઠ ક્ષયોપશમની તીવ્રમં-દતાના કારણ રૂપ છે. એક ને અબહુ કહેવાય અનેકને બહુ કહેવાય, એકવિધ, અનેકવિધ. જલ્દી જાણે તે ક્ષિપ્ર અને વિલં-બથી જાણે તે અક્ષિપ્ર, હેતુદ્વારા સિદ્ધ તે નિશ્રિત અને હેતુદ્વારા

અસિદ્ધ તે અનિશ્રિત, સંશયાત્મક તે સંદિગ્ધ અને સંશય સંહિત તે અસંદિગ્ધ, અવશ્યભાવિ તે ધ્રુવ અને કદાચિત્ ભાવિ તે અધ્રુવ **અર્થસ્ય.** (૧૭) **વ્યંજનસ્યાવગ્રહઃ** (૧૮) **ન ચક્ષુરનિન્દ્રિયાભ્યામ્** (૧૯) ઇન્દ્રિય સાથે વસ્તુનો સંયોગ તે વ્યંજન કહેવાય તે ઘણા સમયનો છે. ચક્ષુ અને મન, છેટેથી સ્પર્શ થયા વિના જાણે છે માટે તેનો વ્યંજનાગ્રહ થતો નથી. એટલે ચાર ઇન્દ્રિયને બારે ગુણતાં અડતાલીસ ભેદ વ્યંજનાવગ્રહના થાય. કુલ ત્રણસો છત્રીસભેદ શ્રુત નિશ્રિત મતિજ્ઞાનના થાય અને ચાર પ્રકારની બુદ્ધિના ચાર ભેદ અશ્રુત નિશ્રિતના, ઉમેરતાં ત્રણસો ચાલીસ ભેદ મતિજ્ઞાનના છે. સ્વભાવ જન્ય બુદ્ધિ તે ઔત્પાતિકી, કર્મપરિણામજન્ય બુદ્ધિ તે કાર્મિકી, વિનયના પરિણામજન્ય બુદ્ધિ તે વૈનયિકી અને વયના પરિપાકથી અનુભવ યુક્ત બુદ્ધિ તે પારિણમિકી એ ચાર પ્રકારની બુદ્ધિ શ્રુત વિના થતી હોવાથી ભણ્યા વિનાની અશ્રુત નિશ્રિત છે.

**શ્રુત મતિપૂર્વં દ્વયનેક દ્વાદશ ભેદમ્** (૨૦) શ્રુતજ્ઞાન તે મતિપૂર્વક હોય છે. એ બે જ્ઞાન સાથે જ હોય છે.

શ્રુતજ્ઞાન બે પ્રકારે છે. અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય. અંગ પ્રવિષ્ટના બાર પ્રકાર દ્વાદશાંગી કહેવાય છે. અંગબાહ્યમાં ઉપાંગ પયન્ના મૂળસૂત્ર વગેરે આવે છે. શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં અંતરંગ કારણ શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે અને બાહ્યકારણ મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ત્રિકાળ વિષયક છે. જ્યારે મતિજ્ઞાન વર્તમાનકાળ વિષયક છે મતિજ્ઞાન મુંગું છે તેની

આપલે થતી નથી જ્યારે શ્રુતજ્ઞાન સ્વપર પ્રકાશક છે બીજાને શ્રુતજ્ઞાન ભણાવાય છે. શ્રુત તે અક્ષર રૂપ છે તેના ઉત્તરોત્તર ચૌદ પૂર્વ સુધીના વીશ ભેદ થાય છે. બીજી રીતે શ્રુતજ્ઞાન ચૌદ પ્રકારે છે. તીર્થંકરો જે દેશના આપે છે. તેને વાણી વડે ગણધરો ગુંથે છે. તેની દ્વાદશાંગી બને છે. આચારાંગ સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ યાને ભગવતી સૂત્ર, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાતિકદશાંગ, પ્રશ્ન વ્યાકરણ, વિપાક સૂત્ર અને દૃષ્ટિવાદ એ બારઅંગમાં દૃષ્ટિવાદ હાલ વિચ્છેદ ગયું હોવાથી અગ્યાર અંગ વિદ્યમાન છે. તે અંગ ઉપરથી બીજા આચાર્યોએ ઉપાંગ પયન્ના છેદસૂત્ર મૂળસૂત્ર નંદીને અનુયોગદ્વાર એમ ચોત્રીસ સૂત્ર રચેલાં મોજુદ છે એટલે પિસ્તાલીશ આગમ છે. પહેલાં ચોરાસી હતાં.

અક્ષરનું જ્ઞાન તે અક્ષરશ્રુત. ઈશારાથી જાણે તે અનક્ષર શ્રુત. મનવાળાનું શ્રુત તે સંજ્ઞીશ્રુત મન. વગરનાનું તે અસંજ્ઞીશ્રુત. સાચું જાણે તે સમ્યગ્શ્રુત. સાચાને ખોટું માને તે મિથ્યાશ્રુત. ભરત ઐરવતમાં પ્રથમ તીર્થંકરનું તીર્થ સ્થપાયને છેલ્લા તીર્થંકરનું તીર્થ વિચ્છેદ થતાં સાદિસપર્યવસિતશ્રુત કહેવાય, મહાવિદેહમાં અનાદિ પર્યવસિતશ્રુત કદિ વિનાશન પામે સદાકાળ કેવળીઓ વિચરતા હોય ત્યાં પણ તીર્થંકરનો વિરહ તો અવશ્ય પડે પણ તીર્થ વિચ્છેદ થાય નહિ. આલાવા સરખા હોય તે ગમિકશ્રુત અને સરખા ન હોય તે અગમિકશ્રુત. અંગપ્રવિષ્ટ ને અંગ-

બાહ્ય આગળ જણાવ્યાં છે. એ રીતે શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ થાય છે. અક્ષરનો અનંતમો ભાગ અનાદિ નિગોદના જીવમાં પણ ઉઘાડો હોય છે. તે ન હોય તો જીવ કહેવાય નહિ. અક્ષરના એક પર્યાયનું જ્ઞાન તે પર્યાયશ્રુત અનેક પર્યાયનું જ્ઞાન તે પર્યાય સમાસશ્રુત.

એક અક્ષરનું જ્ઞાન તે અક્ષરશ્રુત ઘણા અક્ષરનું જ્ઞાન તે અક્ષર સમાસશ્રુત, એક પદનું જ્ઞાન તે પદશ્રુત, ઘણા પદોનું જ્ઞાન તે પદ સમાસશ્રુત, એક વાકય સંઘાતનું જ્ઞાન તે સંઘાતશ્રુત અનેક સંઘાતનું જ્ઞાન તે સંઘાત સમાસશ્રુત, એક પ્રકરણ–પ્રતિપત્તિનું જ્ઞાન તે પ્રતિપત્તિશ્રુત અનેક પ્રતિ પત્તિનુંજ્ઞાન તે પ્રતિપત્તિ સમાસશ્રુત, એક અનુયોગનું જ્ઞાન તે અનુયોગશ્રુત અનેક અનુયોગનું જ્ઞાન તે અનુયોગ સમાસશ્રુત.

એક વિભાગ–પ્રાભૃત પ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃતપ્રાભૃત શ્રુત અનેક પ્રાભૃત પ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃત પ્રાભૃત સમાસ શ્રુત એક ખંડ=પ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃતશ્રુત અનેક પ્રાભૃત નું જ્ઞાન તે પ્રાભૃત સમાસશ્રુત, એક વસ્તુનું જ્ઞાન તે વસ્તુ શ્રુત અનેક વસ્તુનું જ્ઞાન તે વસ્તુ સમાસશ્રુત એક પૂર્વનું જ્ઞાન તે પૂર્વશ્રુત અને સંપૂર્ણ ચૌદ પૂર્વનું જ્ઞાનને પૂર્વ સમાસશ્રુત એક એકથી ચઢીયાતા ક્રમે શ્રુતજ્ઞાનના વીશ ભેદ થાય છે.

**દ્વિવિધોવધિઃ (૨૧) તત્ર ભવ પ્રત્યયો નારક દેવાનામ્ (૨૨) યથોક્ત નિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ (૨૩)** અવધિ મર્યાદાવાળું જ્ઞાન બે પ્રકારનું છે.

ભવ પ્રત્યયિકને ગુણપ્રત્યયિક તેમાં નારકી અને દેવોને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે. તેમાં પણ સમ્યગ્દૃષ્ટિને અવધિજ્ઞાન કહેવાય છે. અને મિથ્યાદૃષ્ટિને વિભંગ જ્ઞાન એટલે અજ્ઞાન કહેવાય છે મનુષ્ય અને તિર્યંચોને ગુણ-પ્રત્યયિક અવધિજ્ઞાન થાય છે. તેમાં પણ અઠ્ઠમ અઠ્ઠમની તપસ્યાપૂર્વક સમ્યગદૃષ્ટિને અવધિજ્ઞાન થાય છે.

જ્યારે મિથ્યાદૃષ્ટિને છઠ્ઠ છઠ્ઠની તપસ્યાપૂર્વક વિભંગ-જ્ઞાન થાય છે. તેથી તે પુરૂં જાણતો નથી. અવધિજ્ઞાની રૂપી દ્રવ્યને જાણે પણ અરૂપી દ્રવ્યને જાણે નહિ. ઉપયોગ મૂકે તો રૂપી દ્રવ્યના કેટલાક પર્યાયને જાણે પણ સર્વપર્યાયને જાણે નહિ. તેના છ ભેદ છે અનુગામી અનનુગામી, વર્ધમાનને હીયમાન, પ્રતિપાતિ અને અપ્રતિપાતિ. અનુગામી એટલે જ્યાં જાય ત્યાં સાથે આવે. અનનુગામી, એટલે જે ક્ષેત્રમાં થયું હોય ત્યાંથી બીજે જાય તો ઉપયોગ મૂકવા છતાં જાણે નહિ.

જે જ્ઞાન આવેલું હોય તે વધતું જાય તેને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય અને જે દિવસે દિવસે પડતા પરિણામથી ઘટતું જાય તે હીયમાન અવધિજ્ઞાન કહેવાય.

આવેલું બધું જ ચાલ્યું જાય તે પ્રતિપાત્તિ અવધિ-જ્ઞાન અને આવેલું જાય નહિ મોક્ષ અપાવે તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન પરમાવધિ અવધિજ્ઞાન આવું છે. લોકાવધિ અવધિજ્ઞાન પણ પ્રતિપાત્તિ છે. એટલે ચાલ્યું જાય છે.

**ઋજુ વિપુલમતિ મનઃપર્યાયઃ** (૨૪) **વિશુદ્ધ પ્રતિપાતાભ્યામ્ તદ્વિશેષઃ** (૨૫) મનઃ પર્યવજ્ઞાન બે પ્રકારે છે.

ઋજુમતિને વિપુલમતિ. ઋજુમતિ કરતાં વિપુલમતિમાં વિશુદ્ધિ ઘણી હોય છે. ઋજુમતિ આવેલુ જાય છે. પણ વિપુલમતિ આવેલું જતું નથી.

અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનના ભાવોને મનઃપર્યવજ્ઞાની જાણે છે. ઋજુમતિ મનના ભાવોને સામાન્યપણે જાણે છે જ્યારે વિપુલમતિ વિશેષપણે જાણે છે. અઢી અંગુલ વિશેષ ક્ષેત્ર જાણે છે.

**વિશુદ્ધિક્ષેત્ર સ્વામિ વિષયેભ્યોવધિમનઃ પર્યાયયોઃ ૨૬**

અવધિ કરતાં મનઃપર્યવમાં ચાર બાબતમાં વિશેષતા છે અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન ઘણું વિશુદ્ધ હોય છે. અવધિજ્ઞાનનું ક્ષેત્ર ચૌદરાજ લોક છે. જ્યારે મનઃપર્યવનું ક્ષેત્ર ફક્ત અઢીદ્વીપ છે. અવધિજ્ઞાન ચારે ગતિના જીવોને થઈ શકે છે જ્યારે મનઃપર્યવ સંયમી મનુષ્યને જ થાય છે. અવધિ સર્વરૂપી દ્રવ્યને જાણે છે જ્યારે મનઃપર્યવ તેના અનંતમા ભાગે ફક્ત મનના પર્યાયોને જ જાણે છે. પરંતુ વિશુદ્ધિ વિશેષ હોવાથી ચઢીઆતું છે.

**મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વ પર્યાયેષુ (૨૭)**

મતિજ્ઞાનને શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્યને કેટલાક પર્યાયોને જાણે છે **રૂપિષ્વવધેઃ (૨૮). તદનન્ત ભાગે મનઃપર્યાયસ્ય (૨૯)**

અવધિજ્ઞાન રૂપીદ્રવ્ય અને તેના કેટલાક પર્યાયોને જાણે તેના અનંતમા ભાગના પર્યાયોને મનઃ પર્યવજ્ઞાની

જાણે છતાં અવધિ કરતાં મનઃપર્યવજ્ઞાની મનના પર્યાયોને વિશુદ્ધપણે જાણેને વિશેષ પ્રકારે જાણે. સામાન્યપણે જાણે તે દર્શન અને વિશેષપણે જાણે તે જ્ઞાન એટલે અવધિ દર્શન છે પણ મનઃપર્યવ દર્શન નથી.

**સર્વ દ્રવ્ય પર્યાયેષુ કેવલસ્ય. (૩૦)**

કેવળી સર્વ દ્રવ્યને સર્વ પર્યાયને જાણે છે. કેવળજ્ઞાનમાં લોકા લોકનું ત્રણે કાળનું જ્ઞાન આવી જાય છે. પણ તેટલું બોલી શકાતું નથી. બોલવું તે શ્રુતજ્ઞાન છે ચારે જ્ઞાન મુંગાં છે. સ્વપર પ્રકાશક ફક્ત શ્રુતજ્ઞાન જ છે. તેથી ચૌદપૂર્વી અને કેવળજ્ઞાનીની દેશના સરખી જ હોય છે.

**એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ (૩૧)**

એક જીવને એક કાળે ચાર જ્ઞાન હોઈ શકે. પ્રથમનાં ચારે જ્ઞાન ક્ષયોપશમિક છે જ્યારે કેવળજ્ઞાન ક્ષાયિક છે એટલે કેવળજ્ઞાન હોય ત્યારે બાકીનાં ચાર જ્ઞાન હોય નહિ. સૂર્યના તેજમાં ચંદ્રગ્રહ નક્ષત્ર તારાનો પ્રકાશ ઢંકાઈ જાય છે. તેમ કેવળજ્ઞાનરૂપી સૂર્ય જળહળતો હોય ત્યારે ચારે જ્ઞાન તેમાં ઢંકાઈ જાય છે એટલે કેવળજ્ઞાન એકલું હોય છે.

બે હોય તો મતિ અને શ્રુતજ્ઞાન હોય. કારણ કે જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન પણ હોય એ બન્ને સંલગ્ન જ હોય છે. ત્રણ હોય ત્યારે તેમાં અવધિ કે મનઃપર્યવ ભળે અને ચાર હોય ત્યાં અવધિ અને મનઃપર્યવ બન્ને હોય. **મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ (૩૨)**

**સદસતોરવિશેષાદ્ યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત્ (૩૩)** મતિશ્રુત ને અવધિ એ ત્રણે અજ્ઞાનરૂપે પણ હોય છે. તેથી મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવાય છે. સાચા ખોટાના ભેદ વિના પોતાની મરજીમાં આવે તેમ ગાંડાની જેમ વગર વિચારે બોલે તે અજ્ઞાની કહેવાય, તેનું જ્ઞાન પણ અજ્ઞાન જ કહેવાય, તે મિથ્યાદૃષ્ટિ હોય, તેથી વિપરીત સમ્યગ્દૃષ્ટિ હોય. તે વીતરાગને સાચા દેવ તરીકે માને, કંચન કામિનીના ત્યાગી પંચ મહાવ્રત ધારીને સદ્ગુરૂ માને અને કેવળી ભાષિત ધર્મને સદ્ધર્મ માને. જિનાજ્ઞા વિનાનું બધું જુઠ માને. **નૈગમ સંગ્રહ વ્યવહારર્જુ સૂત્ર શબ્દા નયાઃ (૩૪) આદ્ય શબ્દૌ દ્વિત્રિ ભેદૌ (૩૫)** નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર ને શબ્દ એ પાંચ નય છે તેમાં નૈગમના સામાન્ય અને વિશેષગ્રાહી એમ બે ભેદ છે અને શબ્દનાસાંપ્રત, સમભિરૂઢને એવંભૂત એ ત્રણ ભેદ છે.

નય એ પ્રમાણનો એક અંશ છે. વસ્તુ અનંત ધર્માત્મક હોવાથી નયો પણ અનંતા છે. મુખ્યત્વે સાત નયના સાતસો ભેદ કર્યા છે. જુદી જુદી અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ સમજાવવું પણ તેમાં બીજી અપેક્ષાઓનો નિષેધ કરવામાં ન આવે તો નય સાચો ગણાય અને એકાંત પકડે તો નય ખોટો કહેવાય. પ્રથમના ત્રણ દ્રવ્યાર્થિક નય છે અને પછીના ચાર પર્યાયાર્થિક નય છે.

જુદા જુદા વસ્તુનો સમન્વય કરનાર દૃષ્ટિ તે દ્રવ્યાર્થિક નય છે અને અસમાન ગુણનો સમન્વય સાધનાર પર્યાયા-

ર્થિક નય છે. લોક સંકેત અને સંસ્કારને અનુસરનાર વિચારધારા તે નૈગમનય છે. જેમ કે આસોવદને મહાવીર પ્રભુનું નિર્વાણ કલ્યાણક છે.

ભવિષ્યમાં જે બનવાનું હોય તેનું વર્તમાનમાં કહેવું જેમકે કોઈ ભાઈ મુંબઈ જવા નિકળ્યા. હજુ તે સ્ટેશને પણ પહોંચ્યા નથી તેટલામાં બીજો કોઈ પૂછે તો તેનો સંબંધી કહે તે મુંબઈ ગયા. કોઈ સુતાર જંગલમાં લાકડું લેવા જતો હોય તેને કોઈ પુછે કે કયાં જાઓ છો તો તે કહેશે ઘરના બારણા લેવા જાઉં છું. આ બધું નૈગમ નયના મતે કહેવાય છે. સંગ્રહ નય વિશેષ ધર્મને ગૌણ કરી સામાન્યને ગ્રહણ કરે છે. જેમકે સર્વ જીવો સિદ્ધ સમાન છે.

જીવના અસંખ્યાત પ્રદેશમાં વચલા આઠ પ્રદેશોને કર્મ લાગતાં નથી તેથી તે અપેક્ષાએ સિદ્ધ સમાન કહે છે. વ્યવહાર નય સામાન્યને ગૌણ કરી વિશેષને ગ્રહે છે. વર્તમાનમાં જીવો કર્મ સહિત હોવાથી સિદ્ધ સમાન કહેવાય નહિ. પણ ચારે ગતિમાં રખડતાં સંસારી જીવો છે. નૈગમના બે ભેદમાંથી સંગ્રહ નય સામાન્યને ગ્રહણ કરે છે અને વ્યવહાર નય વિશેષને ગ્રહણ કરે છે. પણ એ ત્રણે નયો દ્રવ્યાર્થિક છે.

ઋજુસૂત્ર નય વર્તમાન પર્યાય જુએ છે એટલે પાણી ભરેલા (ભરવાના) વાસણને ઘડો કહે છે. ખાલી ઘડાને ઘડો કહેતો નથી. શબ્દમાં સાંપ્રતનય એકાર્થવાચી જુદા

જુદા શબ્દોને ગ્રહણ કરે છે પરંતુ તેમાં કાળજાતિ સંખ્યા કારક પુરૂષ અને ઉપસર્ગના કારણે ભેદ પડે છે.

પાટલીપુત્ર નામે નગર હતું એ વાકય ભૂતકાળના અને આજના પાટલીપુત્ર વચ્ચે ભેદ દર્શાવે છે. કૂવો કુઈ એ લિંગ ભેદના અર્થ સ્પષ્ટ છે. રામે કર્યું અને રામ વડે કરાયું એ કર્તરિને કર્મણિના ભેદ છે હું તું ને તે એ પહેલો બીજોને ત્રીજો પુરૂષના ભેદ છે. કૃ ધાતુમાં ઉપસર્ગ લાગતાં સમાન ધાતુ છતાં તેના જુદા જુદા અર્થ થાય છે.

સંસ્કાર, વિકાર, પ્રકાર, ઉપકાર, આકાર, અધિકાર, અપકાર, વગેરે સમાનાર્થક શબ્દોનો ભેદ કરી માત્ર વ્યુત્પત્તિ સિદ્ધ અર્થને સ્વીકારનાર દૃષ્ટિ તે સમભિરૂઢ નય છે. જેમકે રાજ્ય ચિન્હથી શોભે તે રાજા મનુષ્યનું રક્ષણ કરે તે નૃપ, પૃથ્વીનું પાલણ કરે તે ભૂપતિ વગેરે વ્યુત્પત્તિ સિદ્ધ પણ કાર્યકર અર્થ સ્વીકારનાર દૃષ્ટિ તે એવંભૂત નય છે. રાજા જયારે ચિન્હથી શોભતો હોય ત્યારે જ તેને રાજા કહે છે.

મનુષ્યનું રક્ષણ કરતો હોય ત્યારે નૃપ કહે મતલબ કે તે વખતે તે ક્રિયા થતી હોવી જોઈએ. જેમ પાણી ભરીને માથે ઘડો લઈ જતી બાઈને પણીહારી કહે છે. પણ ખાલી ઘડો લઈ જતીને પણીહારી ન કહે. તીર્થંકર ભગવાન સમોવસરણમાં બેસી ઉપદેશ આપતા હોય ત્યારે

તીર્થંકર કહે પણ દેવ છંદામાં બિરાજતા હોય કે વિચરતા હોય ત્યારે તીર્થંકર ન કહે.

શબ્દનય સમાનાર્થક શબ્દોને પર્યાયરૂપ માને છે જ્યારે સમભિરૂઢ નય માત્ર વ્યુત્પત્તિ સિદ્ધ અર્થને સ્વીકારે છે. એવંભૂત નય તો તે મુજબ ક્રિયા થતી હોય તો જ માને છે.

□

# અધ્યાય બીજો

**ઔપશમિકક્ષાયિકૌ ભાવૌ મિશ્રશ્ચ જીવસ્ય સ્વતત્ત્વ મૌદયિકપારિણામિકૌ ચ (૧)**

ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિકમિશ્ર એ ત્રણ જીવના મુખ્ય ભાવો છે.

બીજા બે ઔદયિકને પારિણામિક જીવ અને અજીવ બન્નેના છે. એટલે કુલ પાંચ ભાવો છે.

**દ્વિનવાષ્ટા દશૈક વિંશતિ ત્રિભેદા યથાક્રમમ્**

ઔપશમિકના બે ક્ષાયિકના નવ, મિશ્રના અઢાર, ઔદયિકના એકવીશ અને પારિણામિકના ત્રણ મળી કુલ ત્રેપન ઉત્તર ભેદ છે.

**સમ્યકત્વ ચારિત્રે**

(૩) ઔપશમિકના ઔપશમીક સમ્યકત્વને ઔપશમિક ચારિત્ર બે ભેદ છે. ફક્ત મોહનીય કર્મનો જ ઉપશમ થાય છે.

**જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગોપભોગ વીર્યાણિચ** (૪) કેવળજ્ઞાન કેવળદર્શન પાંચ લબ્ધિ તે દાન લાભ ભોગઉપભોગને વીર્ય ક્ષાયિક સમ્યકત્વ અને ક્ષાયિક ચારિત્રએ નવભેદ ક્ષાયિક ભાવના છે. **જ્ઞાના જ્ઞાન દર્શન દાનાદિલબ્ધ યશ્ચતુસ્ત્રિત્રિ પંચ ભેદાઃ યથાક્રમં સમ્યકત્વ ચારિત્ર સંયમા સંયમાશ્ચ** (૫)

ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, દાનાદિ પાંચ લબ્ધિ, ત્રણ દર્શન, ક્ષયોપશમ સમ્યકત્વ, ક્ષયોપશમ ચારિત્ર અને દેશ-

વિરતિ એ અઢાર ભેદ ક્ષયોપશમ=મિશ્રના, છે.

**ગતિકષાયલિંગ મિથ્યા દર્શનાજ્ઞાના સંયતા સિદ્ધત્વ લેશ્યા** શ્વતુ શ્વતુ સ્ત્રેકૈકૈકષટ્ ભેદાઃ (૬) ચાર ગતિ, ચાર કષાય, ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ અને અસિદ્ધત્વ તેમજ છ લેશ્યા મળી એકવીશ ભેદ ઔદયિક ભાવના છે.

**જીવ ભવ્યાભવ્યત્વાદીનિચ** (૭) જીવવત્વ ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ ભેદ પારિણામિક ભાવના છે.

અજીવના ફક્ત પુદ્ગલ સ્કંધોના ઔદયિકને પારિણામિક ભાવો છે. ગુણુઠાણુાની અપેક્ષાએ વિચારીએ તો ઉપશમ સમ્યક્ત્વ ચારથી અગ્યાર સુધી અને ઉપશમ ચારિત્ર ૯ થી ૧૧ સુધી હોય છે.

ક્ષાયિક સમ્યકત્વ ૪ થી ૧૪ સુધી ક્ષાયિક ચારિત્ર ૧૨ થી ૧૪ સુધી હોય છે. ક્ષયોપશમ સમ્યકત્વ ૪ થી ૭ સુધીને ક્ષયોપશમ ચારિત્ર ૬ થી ૧૦ સુધી હોય છે.

ક્ષાયિક લબ્ધિ, કેવળજ્ઞાનને કેવળદર્શન તેરને ચૌદ ગુણુઠાણે હોય છે. ક્ષયોપશમ લબ્ધિ ૧ થી ૧૨ સુધી ચાર જ્ઞાંન અવધિ દર્શન ૪ થી ૧૨ સુધી ચક્ષુ અચક્ષુ દર્શન ૧ થી ૧૨ સુધી દેશ વિરતી પાંચમે ગુણુઠાણે હોય.

મિથ્યાત્વ પહેલે ગુણુઠાણે હોય, ત્રણ અજ્ઞાન ૧ થી ૩ ગુણુઠાણુા સુધી હોય. અવિરતિ ૧ થી ૪ સુધી હોય, અસિદ્ધત્વ ૧ થી ૧૩ સુધી હોય,

પહેલી ત્રણ લેશ્યા ૧ થી ૬ સુધી, તેજો પદ્મ લેશ્યા ૧ થી ૭ સુધી અને શુકલ લેશ્યા ૧ થી ૧૩ સુધી હોય દેવ નારક ગતિમાં ૧ થી ૪, તિર્યંચમાં ૧ થી ૫, મનુષ્યમા ૧ થી ૧૪ ત્રણ કષાયને ત્રણ લિંગવેદ ૧ થી ૯, લોભ ૧ થી ૧૦, સુધી હોય અજીવમાં પણ પારિણામિક ભાવ હોય છે,

સિદ્ધમાં ક્ષાયિકને પારીણામિક બે હોય છે ઉપશમ શ્રેણીએ વર્તતા ક્ષાયિક સમકિતીને જ પાંચે ભાવો હોય છે. બાકીનાને ત્રણ અગર ચાર ભાવો હોય છે. કેવળીને ક્ષાયિક પારિણામિક અને ઔદયિક એ ત્રણ ભાવો હોય છે.

**ઉપયોગો લક્ષણમ્ (૮) સદ્વિવિધોષ્ટચતુર્ભેદઃ**

(૯) ઉપયોગ એ જીવનું લક્ષણ છે. આત્મ જ્ઞેય છે અને ઉપયોગએ જાણવાનો ઉપાય છે. વિશ્વ એ જડ અને ચેતન એ બેનું મિશ્રણ છે. તેમાંથી જડ અને ચેતનનો, વિવેક-પૂર્વક નિશ્ચય કરવાનું સાધન એ ઉપયોગ છે. ઓછેવત્તો અંશે દરેક જીવમાં ઉપયોગ રહેલો છે.

જ્ઞાનદર્શનની ચેતના એ ઉપયોગ છે, તે બાર પ્રકારનો છે. તેમાં સાકાર ઉપયોગ આઠ પ્રકારનો અને નિરાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. પાંચ જ્ઞાનને ત્રણ અજ્ઞાન એ સાકાર છે. ચાર દર્શન નિરાકાર છે. સંસારી અને સિદ્ધ બન્નેમાં ઉપયોગ રહેલો હોવાથી તે જીવનો અસાધારણ ગુણ છે. બીજા ગુણો તો કેટલાંકમાં હોય છે. અને નથી પણ હોતા.

**સંસારિણો મુક્તાશ્ચ (૧૦) સમનસ્કાઽમનસ્કાઃ (૧૧)**

જીવો બે પ્રકારે છે સંસારી કર્મસહિત અને સિદ્ધ કર્મરહિત સંસારી જીવો બે પ્રકારે છે. મનવાળાસંજ્ઞી અને મનવગરના અસંજ્ઞી. એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય સુધીના જીવો અસંજ્ઞી જ છે પંચેન્દ્રિયમાં નારક અને દેવો સંજ્ઞી છે. મનુષ્યમાં સંજ્ઞી અને અસંજ્ઞી બે પ્રકાર છે. અસંજ્ઞી મનુષ્યો ચર્મચક્ષુથી દેખાતા નથી તેમજ તેઓનું આયુષ્ય ફક્ત અંતર્મુહૂર્તનું જ હોય છે. પ્રાણ પણ સાત કે આઠજ હોય છે.

પણ અસંજ્ઞી તિર્યંચોનું આયુષ્ય વધારે હોય છે શરીર પણ મોટું જોઈ શકાય તેવું હોય છે અને નવ પ્રાણ હોય છે. સંજ્ઞી તિર્યંચ મનુષ્યોનું ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ આયુષ્ય હોય છે.

**સંસારિણસ્ત્રસસ્થાવરાઃ (૧૨) પૃથિવ્યમ્બુવનસ્પતય સ્થાવરાઃ તેજોવાયૂ દ્વીન્દ્રિયાદયશ્ચત્રસાઃ (૧૪)** સંસારી જીવો વળી બે પ્રકારે છે. ત્રસ અને સ્થાવર-હાલે ચાલે તે ત્રસ અને સ્થિર રહે તે સ્થાવર. પૃથ્વીકાય, અપકાયને વનસ્પતિકાય સ્થિર રહેતા હોવાથી સ્થાવર કહેવાય છે.

તેઉકાયને વાઉકાય ગતિત્રસ છે. અગ્નિ ઉંચો જાય છે અને વાયુ તીર્છો જાય છે. તે તેની સ્વાભાવિક ગતિ છે. પરંતુ ઇચ્છા મુજબની નથી. તેથી સ્થાવરમાં ગણત્રી જીવ વિચારમાં કરી છે. બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચૌરેન્દ્રિયને પંચે-

ન્દ્રિય જીવો ઇચ્છા મુજબ ગતિ કરતા હોવાથી લબ્ધિત્રસ ગણાય છે.

**પંચેન્દ્રિયાણિ (૧૫) દ્વિવિધાનિ (૧૬) નિર્વૃત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ (૧૭) લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ (૧૮) ઉપયોગઃ સ્પર્શાદિષુ (૧૯) સ્પર્શનરસનઘ્રાણચક્ષુઃશ્રોત્રાણિ, (૨૦) સ્પર્શરસ ગંધવર્ણ શબ્દાસ્તેષામર્થાઃ (૨૧) શ્રુતમનિન્દ્રિયસ્ય,** (૨૨) ઈન્દ્રિયો પાંચ છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

નિવૃત્તિ એટલે બાહ્યરચના અને ઉપકરણ એટલે જ્ઞાન ઉત્પન્ન કરનાર પૌદગલિક શક્તિ એ બન્ને દ્રવ્યેન્દ્રિય છે. કર્મોનો ક્ષયોપશમ આત્મિક પરિણામ તે લબ્ધિ અને નિવૃત્તિ ઉપકરણ અને લબ્ધિ એ ત્રણેનો સમન્વય થતાં સામાન્ય અને વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ તે ઉપયોગ. એમ લબ્ધિને ઉપયોગ બન્ને ભાવેન્દ્રિય છે.

જ્ઞાન મેળવવાનું બાહ્ય સાધન ઈન્દ્રિયો છે, મન અંતરંગ સાધન છે. ઈન્દ્રિયો માત્ર રૂપી પદાર્થ અને તેના મર્યાદિત પર્યાયો ગ્રહણ કરે છે. પરંતુ મન વિચારણા દ્વારા રૂપી અરૂપી પદાર્થ અને તેના મર્યાદિત પર્યાયો ગ્રહણ કરે છે. સ્પર્શાદિ વિષયોમાં ઉપયોગ થાય છે.

ઈન્દ્રિયો પાંચ છે તેમાં સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો છે. શીતને ઉષ્ણ, ગુરુ અને લઘુ, સ્નિગ્ધ ને રુક્ષ, મૃદુ અને ખર (ટાઢો, ઉનો, હળવો, ભારે, ચીકણોને લુખ્ખો, કોમળ

અને કઠણ.) સ્પર્શેન્દ્રિય એટલે ચામડી તે ઉપરના આઠ વિષયોને જાણે છે. રસનેન્દ્રિયના પાંચ વિષયો. તિક્ત એટલે કડવો, કટુ એટલે તીખો, કષાય એટલે તુરો, આમ્લ એટલે ખાટો, મધુર એટલે મીઠો. ઘ્રાણેન્દ્રિયના બે વિષયો સુગંધ અને દુર્ગંધ છે.

ચક્ષુરિન્દ્રયના પાંચ વિષયો કૃષ્ણ એટલે કાળો, નીલ એટલે લીલો, રક્ત એટલે રાતો, પીત એટલે પીળો અને શુકલ એટલે ધોળો-ઉજ્જવળ. આ સિવાય ચક્ષુથી આકાર પણ પારખી શકાય છે. શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયો છે સચિત અચિત અને મિશ્ર અથવા પ્રયોગજ અને વૈસ્રસિક, જીવના પ્રયોગથી ઉદ્ભવે તે શબ્દના છ પ્રકાર છે. ભાષા, તત, એટલે ચામડાથી લપેટેલ વાદ્યનો અવાજ વિતત એટલે તારવાવાળા વાદ્યનો અવાજ, ઘન એટલે ઘંટ વગેરેનો અવાજ, શુષિર એટલે ફુંક મારી વગાડાતા વાદ્યનો અવાજ, સંઘર્ષ એટલે એકબીજાની અથડામણથી થતો શબ્દ, વૈસ્રસિક એટલે કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના થતો અવાજ, મેઘગર્જના વગેરે

**વાયવન્તાનામેકમ્ (૨૩) કૃમિપિપીલિકા ભ્રમરમનુષ્યાદી નામે કૈકવૃદ્ધાનિ (૨૪) સંજ્ઞિનઃ સમનસ્કાઃ (૨૫)**

વાયુકાય સુધીના એટલે પૃથ્વી, અપ, વનસ્પતિ, તેજો ને વાયુ એ પાંચને એક જ શરીર ઈન્દ્રિય હોય છે. શંખ, કોડા, કૃમિ, જળો અળશીયાં, લાળીયા જીવો વાશી અન્નમાં થતા, પોરા, લાકડામાં થતા, ઘુણા, પેટમાં થતા કરમીયા, વગેરે શરીરને જીભ એ બેઇન્દ્રિયવાળા છે. કાનખજુરા,

માંકડ, મંકોડા, જુ, લીખ, કીડી, ઉધેઈ, ઈયળ, ઘીમેલ, સાવા ગદ્દધૈયાં, વિષ્ટાના કીડા, ધાન્યમાં થતા કીડા, કંથવા, ગોકળગાય વગેરેને શરીર જીભને નાક એ ત્રણ ઈન્દ્રિયો હોય છે. વીંછી, બગાઈ, ભમરા, ભમરીઓ, માખી, મચ્છર, ડાંસ, પતંગીયાં, તીડ, કંસારી, ખડમાંકડી વગેરેને શરીર જીભ નાક અને આંખ એ ચાર ઈન્દ્રિયો હોય છે. મનુષ્ય પશુ, પક્ષી, દેવ નારક, માછલાં વગેરેને શરીર, જીભ, નાક, આંખ ને કાન એ પાંચ ઈન્દ્રિયો હોય છે. ભાવેન્દ્રિય તો સર્વજીવને પાંચ હોય છે. પણ દ્રવ્યેંદ્રિયની મદદ વિના તે કાર્ય કરી શકતી નથી, ગર્ભજ સંજ્ઞી જીવોને જ મન હોય છે, સંમૂર્છિમ જીવો અસંજ્ઞી એટલે મન વગરના હોય છે.

**વિગ્રહગતૌ કર્મયોગઃ** (૨૬) **અનુશ્રેણિગતિઃ** (૨૭) **અવિગ્રહા જીવસ્ય** (૨૮) **વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ચતુર્ભ્યઃ** (૨૯) એકસમયોવિગ્રહઃ (૩૦) એકંદ્વૌવાનાહારકઃ (૩૧) વિગ્રહગતિમાં કાર્મણયોગ હોય છે. જીવનીગતિ સરળ રેખાનુસાર થાય છે. મોક્ષે જતાં જીવની ગતિ સરળ રેખામાં હોય છે. સંસારી જીવની ગતિ વિગ્રહ એટલે વળાંકવાળી અને ઋજુ એટલે સરળ એમ બે પ્રકારની હોય.

વક્રાગતિમાં વધારેમાં વધારે ચાર સમય સુધીના ત્રણ વળાંક હોય છે. ઋજુગતિવાળા જીવને પરભવમાં જન્મ લેતાં એક સમય લાગે છે. જીવની અનાહારક દશા એકથી બે સમયની હોય છે. ઋજુગતિવાળાને અનાહારક

દશા હોતી નથી, વક્રાગતિવાળા બીજા ત્રીજા સમયે અનાહારક હોય છે એકવિગ્રહને પાણી મુકા બે વિગ્રહને લાંગલિકા ત્રણવિગૃહને ગોમુત્રિકા કહેવાય છે. પાંસસમયની વિગ્રહગતિમાં ત્રણસમય અનાહારક છે.

**સંમૂર્છન ગર્ભોપપાતા જન્મ (૩૨) સચિત્તશીનસંવૃતાઃસેતરા મિશ્રાશ્ચૈકશસ્તદ્યોનયઃ (૩૩) જરાય્વણ્ડપોતજાનાં ગર્ભઃ(૩૪)નારકદેવનામુપપાતઃ (૩૫) શેષાણાં સંમૂર્છનમ્ (૩૬)**

જન્મના ત્રણ પ્રકાર છે. દેવનારકનો જન્મ ઉપપાતથી થાય છે ગર્ભજજીવો ત્રણ પ્રકારે ગર્ભથી ઉત્પન્ન થાય છે. જરાયુજ એટલે લોહીમાંસથી ભરેલું જાળી જેવું પડ તે ઓળ કહેવાય. તેમાં મનુષ્ય, ગાય, ભેંસ, બકરી વગેરેનો જન્મ થાય પક્ષીઓ ઈંડામાંથી નીકળતા હોવાથી અંડજ કહેવાય અને પડ વગર ઉત્પન્ન થતા હાથી, સસલું, નોળીઓ, ઉંદર, વગેરે પોતજ કહેવાય દેવશય્યામાં દેવો દિવ્ય વસ્ત્રથી ઢંકાયેલ ભાગમાં ઉત્પન્ન થાય છે.

જ્યારે નારકો કુંભી વજ્રમય ગોખલામાં ઉત્પન્ન થાય છે, માતાપિતાના સંયોગ વિના ઉત્પન્ન થતા જીવો સંમૂર્છિમ હોય છે. યોનિ કુલ નવ પ્રકારની છે. યોનિ આધાર છે ને જન્મ આધેય છે. ગર્ભજ જીવ કાર્મણ શરીર લઈને પરભવમાં જાય છે. ત્યાં માતાનું લોહી અને પિતાનું વીર્યરૂપ આહાર ગ્રહણ કરી શરીર બનાવે છે. સંમૂર્છિમ જીવો ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલનો આહાર લઈ શરીરરૂપે બનાવે છે.

જીવપ્રદેશથી ભરેલી યોનિ તે સચિત યોની છે. કેટલાક ભાગ જીવથી ભરેલો અને કેટલોક જીવ વિનાનો તે મિશ્રયોનિ છે.

ગર્ભજ મનુષ્ય તિર્યંચનીયોનિ આવી છે. નારક ને દેવની યોનિ અચિત છે. સંમૂર્છિમની યોનિ ત્રણે પ્રકારની છે. અગ્નિકાયની ઉષ્ણ યોનિ છે. ગર્ભજ તિર્યંચ મનુષ્ય અને દેવની યોનિ શીતોષ્ણ છે. બાકીનાની યોનિ ત્રણે પ્રકારની છે. નારકદેવ અને એકેન્દ્રિય જીવોની યોનિ સંવૃત ઢંકાયેલી છે. ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોની યોનિ સંવૃતવિવૃત છે. વિકલેન્દ્રિય સંમૂર્છિમપંચેન્દ્રિય જીવોનીયોનિ વિવૃત એટલે ખુલ્લી છે.

---

**ઔદારિક વૈક્રિયાહારિક તૈજસ કાર્મણાનિ શરીરાણિ (૩૭) તેષા પરંપરા સૂક્ષ્મમ્ (૩૮) પ્રદેશતો સંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્ (૩૯) અનંત ગુણેપરે (૪૦) અપ્રતિઘાતે (૪૧) અનાદિસંબંધેચ (૪૨) સર્વસ્ય (૪૩) તદાદીનિ વિભાજ્યાનિ યુગો-દેકસ્યા ચતુર્ભ્યઃ** : શરીર પાંચ પ્રકારે છે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, કામર્ણ શરીર કર્મ રૂપે છે. તેજસ શરીર જઠરમાં છે. આહારક કરતાં વૈક્રિય અને વૈક્રિય કરતાં ઔદારિક સ્થૂળ છે. ઔદારિક કરતાં વૈક્રિય અસંખ્યગુણ પ્રદેશવાળા છે અને વૈક્રિય કરતાં અસંખ્યગુણ આહારક છે તેથી અનંતગુણ તૈજસ તેથી અનંતગુણ કામર્ણ છે. છેલ્લાં બે શરીર પ્રતિઘાત વિના ગમનાગમન કરવાના સ્વભાવવાળા છે.

આત્મા સાથે તેનો સંબંધ અનાદિનો છે. એક સાથે વધારેમાં વધારે ચાર શરીર હોય છે. વૈક્રિય ને આહારક સાથે

હોતાં નથી. કાર્મણ શરીરમાં સુખ દુઃખનો ઉપભોગ નથી. ગર્ભજ અને સંમુર્છિમ જન્મથી ઔદારિક શરીર હોય છે. દેવનારકને તથા લબ્ધિવાળા તિર્યંચ મનુષ્યને વૈક્રિય શરીર હોય અને ચૌદ પૂર્વી મુનિને લબ્ધિથી શુભ શુદ્ધ અવ્યાઘાતી આહારક શરીર હોય છે. વૈક્રિયલબ્ધિના પ્રયોગ સમયે અને વ્યવહાર સમયે પ્રમત્ત દશા હોય છે. પરંતુ આહારક લબ્ધી ના પ્રયોગ સમયે જ પ્રમાદ હોય છે. પણ આહારક શરીર બન્યા પછી શુદ્ધ અદ્ધવસાયને કારણે અપ્રમત્ત દશા હોય છે. લબ્ધિ એ તપોજન્ય શક્તિ છે.

તેથી તે ગર્ભજ તિર્યંચ મનુષ્ય ઉત્તર વૈક્રિય કરી શકે છે. બાદર વાઉકાયને તપોજન્ય શક્તિ ન હોવા છતાં કેટલાક ઉત્તર વૈક્રિય કરી શકે છે. ચૌદ પૂર્વધર મુનિઓ કેવળીને સંદેહ પૂછવા નાનું એક હાથ પ્રમાણ આહારક શરીર બનાવી મોકલે છે તે સંદેહ પૂછીને અંતર્મુહૂર્તમાં પાછું આવી જાય છે, તૈજસ શરીરનો ઉપયોગ લબ્ધિધર તેજોલેશ્યા મૂકવા કરે છે.

**નિરૂપભોગમન્ત્યમ્ (૪૫) ગર્ભસમ્મૂર્છનજમાદ્યમ્ (૪૬) વૈક્રિયમૌપપાતિકમ્ (૪૭) લબ્ધિપ્રત્યયંચ (૪૮) શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશ-પૂર્વધરસ્યૈવ. (૪૯) નારકસંમૂર્છિનો નપુંસકાનિ (૫૦) ન દેવાઃ (૫૧) ઔપપાતિકચરમદેહોત્તમ પુરૂષાઽસંખ્યેવર્ષાયુષોઽનપવર્ત્યાયુષઃ (૫૨)**

નારક અને સંમૂર્છિમો નપુંસક વેદવાળા હોય છે. દેવોમાં સ્ત્રી અને પુરુષ બે વેદ હોય છે. બાકીના જીવોને ત્રણે વેદ હોય છે. દ્રવ્ય વેદ તે લિંગચિન્હ છે અને ભાવવેદ તે અભિલાષા છે. દ્રવ્યવેદ પૌદ્ગલિક આકૃતિરૂપ હોવાથી નામકર્મના ઉદયથી હોય છે જ્યારે ભાવવેદ મનો વિકાર રૂપ હોવાથી મોહનીય કર્મના ઉદયથી થાય છે.

પુરુષને સ્ત્રી ભોગવવાની ઈચ્છા તે પુરુષવેદ ઘાસના અગ્નિ જેવો તરત શાન્ત થઈ જાય છે. સ્ત્રીને પુરુષ ભોગવવાની ઈચ્છા તે સ્ત્રી વેદ. ભારેલા અગ્નિ જેવો જેમ ભોગવાય તેમ દીપ્ત થાય છે તેથી પુરુષ કરતાં સ્રીને આઠ ઘણો વિકાર માનવામાં આવે છે. કેટલાંક ચિન્હ પુરુષનાં અને કેટલાંક સ્ત્રીનાં હોય તે દ્રવ્ય નપુંસક વેદ છે. તેને સ્ત્રી અને પુરુષ બન્ને ભોગવવાની ઈચ્છા તે નગરના દાહ જેવી ચિરસ્થાયી હોય છે.

સ્રી કોમળને પુરુષ કઠોર ભાવી છે. શરીરના સંયોગ કાળને આયુષ્ય કહે છે. જે આયુષ્ય ઘટી શકે તે અપવર્તનીય અને ન ઘટે તે અનપવર્તનીય કહેવાય છે. બંધ સમયે ઢીલા પરિણામ હોય તો આયુષ્યની સ્થિતિ ટુંકાય છે. પણ પરિણામ દૃઢ હોય તો કાળ મર્યાદા ઘટતી નથી. દેવનારક ચરમ દેહી ઉત્તમ શલાકા પુરુષો અને યુગલિકોનું આયુષ્ય ઘટતું નથી. બન્ને પ્રકારના આયુષ્યો પ્રદેશથી અને વિપાકથી પૂરેપૂરાં ભોગવાય છે.

# અધ્યાય ત્રીજો

## નારકીનું વર્ણન

### જીવોનું વર્ણન

**રત્ન શર્કરાવાલુકા પંકધૂમતમો મહાતમઃ પ્રભા ભૂમયો ઘનાંબુવાતાકાશ પ્રતિષ્ઠાઃ સપ્તાધોધઃ પૃથુતરાઃ (૧) તાસુનરકાઃ (૨) નિત્યાશુભતર લેશ્યા પરિણામ દેહ વેદના વિક્રિયાઃ (૩) પરસ્પરોદીરિત-દુઃખાઃ (૪) સંકિલષ્ટા સુરોદીરિત દુઃખા શ્કાપ્રાક્-ચતુર્થ્યાઃ (૫) તેષ્વેકત્રિ સપ્તદશ સપ્તદશ દ્વાવિંશતિ ત્રયત્રિંશત્ સાગરોપમા સત્વાનાં પરા સ્થિતિઃ (૬)**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમ-પ્રભા તમઃપ્રભા અને મહાતમઃપ્રભા એ સાત નરકભૂમિ છે તે દરેક અનુક્રમે ઘનોદધિ ઘનવાત તનવાત અને આકાશ પર પ્રતિષ્ઠિત છે. દરેક નરકભૂમિ એકબીજાની નીચે પહોળી પહોળી આવેલી છે. આ નારકભૂમિમાં નારક જીવોને રહેવાનાં સ્થાન ચોરાશી લાખ નરકાવાસા છે. પ્રતર ઓગણપચાસ છે. નિરંતર અશુભ લેશ્યા, પરિણામ, દેહવેદના અને વિક્રિયા તે જીવોને હોય છે. પ્રમાણમાં ઉત્તરોત્તર વધુ હોય છે. પરસ્પર વૈરભાવે દુઃખની ઉદીરણા કરે છે. ઉપરાંત કૃષ્ણ લેશ્યાવાળા અસુરનિકાયના પરમાધામી દેવો પહેલી ત્રણ નરક સુધીના જીવોને દુઃખ આપે છે પહેલેથી સાતમી નરક સુધીના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ અને તેત્રીશ સાગરોપમનું હોય છે.

આ લોક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. અધોલોકમાં નારકો અને ભવનપતિ દેવો રહે છે. ત્રસનાડી એક રાજ પહોળી અને ચૌદ રાજ લાંબી છે.

તેમાં ત્રસ જીવો રહે છે. સાતમી નરક સાત રાજ પહોળી છે. પણ તેમાં એક રાજમાં જ નારક જીવો છે બાકીના છ રાજમાં કેવળ પૃથ્વીકાયના જ જીવો છે. એકેક રાજ ઓછી કરતાં પહેલી નરક એક રાજ પહોળી છે.

તેમાં ભવનપતિના ભવનો છે. વચ્ચે વચ્ચે તેર પ્રતરો છે તેમાં નારકો રહે છે મેરુપર્વતની સમભૂતલા પૃથ્વીની નીચે અને ઉપર નવસો યોજન મળી અઢારસો યોજન તીર્છાક્ષેત્ર છે. તે પણ એક રાજ પહોળું છે.

તેની ઉપર અસંખ્યાતા યોજને ઉત્તર દક્ષિણ પહેલું બીજું દેવલોક છે તે બેરાજ પહોળું છે. તેની ઉપર ત્રીજું ચોથું દેવલોક પણ ઉત્તર દક્ષિણ છે અને ચાર રાજ પહોળું છે. પાંચમું દેવલોક પાંચ રાજ પહોળું છે. તેના ઉપર છઠું તેના ઉપર સાતમું તેના ઉપર આઠમું એ ત્રણે ચાર રાજ પહોળાં છે.

તેના ઉપર નવમું દશમું ઉત્તર દક્ષિણ છે તેના ઉપર અગ્યારમું બારમું ઉત્તર દક્ષિણ છે તે ત્રણ રાજ પહોળાં છે. તેના ઉપર નવ ગ્રૈવેયક ઉપરાઉપરી છે. તે બેરાજ પહોળાં છે તેના ઉપર પાંચ અનુત્તર વિમાન છે તે એક રાજ પહોળું

છે. તેના ઉપર સીદ્ધશીલા આવેલી છે. તે અઢીદ્વીપ જેટલી એટલે પીસ્તાલીશ લાખ યોજન પહોળી બીજનાચંદ્ર જેવી આકારવાળી છે. તેમાં ઉંચાઈમાં સિદ્ધના જીવો એક યોજનના છઠ્ઠા ભાગમાં રહ્યા છે.

અધોલોક ઉંધા પાડેલ કોડીયા જેવો ઉપર સાંકડોને નીચે પહોળો છે. મધ્યલોક ઝાલરની જેમ સરખી લંબાઈ પહોળાઈવાળો છે. ઉર્ધ્વલોક પખાજ જેવો એટલે ચત્તા શરાવ ઉપર ઉધું સરાવ મુકતાં જે આકાર થાય તેવો છે એટલે તેની ટોચ અને તળીયાં સરખાં એકરાજ પ્રમાણુ છે.

પછી બન્ને બાજુ વિસ્તાર પામતાં પાંચમે દેવલોક પાંચરાજ પ્રમાણુ થાય છે. દરેક નરકભૂમિના વચ્ચેના આંતરામાં ઘનોદધિ ઘનવાત તનવાત અને આકાશ રહેલાં છે. પહેલી રત્નપ્રભા પૃથ્વીના ત્રણુ ભાગ છે. ઉપર સોળ હજાર યોજન રત્નપ્રધાન કાંડ છે.

મધ્યમાં ચોરાશી હજાર યોજન પંક બહુલ કાંડ છે અને નીચે એંશી હજાર યોજન જળ બહુલકાંડ છે બાકીની છ નરક ભૂમિમાં વિભાગો નથી.

પહેલી નરકની જાડાઈ એક લાખ એંશી હજાર બીજી એક લાખ બત્રીસ હજાર, ત્રીજી એક લાખ અઠ્ઠાવીશ હજાર, ચોથી એક લાખ વીશ હજાર, પાંચમી એક લાખ અઢાર હજાર, છઠ્ઠી એક લાખ સોળ હજાર અને સાતમી એક લાખ આઠ હજાર યોજન છે.

દરેક પૃથ્વીની નીચે વીશ હજાર યોજન ઘનોદધિવલય છે તેની નીચે ઘનવાત ને તનવાત વલયો છે તેની નીચે અસંખ્યાત યોજન પ્રમાણુ આકાશવલય છે. આકાશ સ્વયં પ્રતિષ્ઠિત છે. નિરાધાર છે સાતે નરકભૂમિમાં ઉપર નીચે એકેક હજાર છોડતાં બાકીના ભાગમાં નરકાવાસ છે. દેવલોકની જેમ ગોળ ત્રિકોણુ ચોરસ ને હાંડલા જેવા લોખંડના ઘડા જેવા જુદા જુદા આકારના છે.

પ્રતર અનુક્રમે તેર, અગ્યાર, નવ, સાત, પાંચ, ત્રણને એક મળી કુલ ઓગણપચાસ છે નરકાવાસ અનુક્રમે ત્રીશ લાખ, પચીસ લાખ, પંદર લાખ, દશ લાખ, ત્રણુ લાખ ૯૯૯૯૫, ને પાંચ છે.

રત્નપ્રભામાં કાપોત લેશ્યા બીજીમાં અશુભતરકાપોત, ત્રીજીમાં કાપોત અને નીલ, ચોથીમાં અશુભતરનીલ, પાંચમીમાં નીલ અને કૃષ્ણુ, છઠ્ઠીમાં કૃષ્ણુ અને સાતમીમાં અશુભતર કૃષ્ણુ લેશ્યાના પરિણામ છે. પહેલી ત્રણુ નરકમાં ઉત્તરોત્તર તીવ્ર ઉષ્ણુવેદના છે. ચોથીમાં શીતોષ્ણુ, પાંચમીમાં તીવ્રતર શીતોષ્ણુ, છઠ્ઠીમાં શીત અને સાતમીમાં શીતતર ને શીતતમ વેદના છે.

દુઃખમાંથી છુટવા પ્રયત્ન—વિક્રિયા કરતાં અધિક દુઃખમાં પડે છે એક ક્ષણુ પણુ સુખ નથી ફક્ત તીર્થંકરોના કલ્યાણુક વખતે કંઈક શાંતિ હોય છે.

પહેલી ત્રણ નરક ભૂમિ સુધી ક્ષેત્ર વેદના, પરસ્પર વેદના અને પરમાધામી કૃત વેદના હોય છે. પરમાધામી ત્યાંથી આગળ જઈ શકતા નથી બાકીનામાં ક્ષેત્ર વેદના, પરસ્પર કૃત વેદના છે.

મનુષ્ય અને તિર્યંચો મરીને નરકમાં જઈ શકે છે. પરંતુ સાતમી નરકમાંથી નીકળેલા મનુષ્ય થતા નથી. બાકીની નરકમાંથી નીકળેલા મનુષ્ય થઈ શકે છે.

તિર્યંચોમાં અસંજ્ઞી પહેલી નરક સુધી જાય છે. ભુજપરિસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, ચતુષ્પદ ચોથી સુધી, ઉરપરિસર્પ પાંચમી સુધી, સ્ત્રી છઠ્ઠી સુધી, અને જળચર મત્સ્યને મનુષ્ય સાતમી સુધી મરીને જાય છે.

પહેલીમાંથી નીકળેલ ચક્રવર્તિ થઈ શકે છે. બીજીમાંથી બળદેવ, ત્રીજીમાંથી વાસુદેવ કે તીર્થંકર થઈ શકે છે ચોથીમાંથી મોક્ષે જઈ શકે છે. પાંચમાંથી સર્વ વિરતી થઈ શકે છે છઠ્ઠીમાંથી દેશ વિરતી થઈ શકે છે.

સાતે નરકભૂમિમાંથી નીકળેલ સમ્યકત્વ પામી શકે છે ઉપર ઉપરના લાભો નીચેના નારકો પામતા નથી. દેવો મિત્ર ભાવે ચોથી નરક સુધી ગયાના દાખલા છે. સીતેન્દ્ર પરસ્પર લડતા રાવણને લક્ષ્મણ ને છોડાવવા ગયા છે.

## મનુષ્ય લોકનું વર્ણન

**જંબુદ્વીપ લવણાદયઃ શુભનામાનો દ્વીપસંમુદ્રઃ દ્વિ દ્વિર્ વિંષ્કંભાઃ પૂર્વપૂર્વપરિક્ષેપિણોવલયાકૃતઃ (૮) તન્મદયે મેરુનાભિવૃત્તો યોજનશતસહ-**

સ્ત્રવિષ્ટંભો જંબુદ્વીપ ને

**તત્ર ભરત હૈમવત હરિવિદેહ રમ્યકહૈરણ્યવ-તૈરાવતવર્ષાઃ ક્ષેત્રાણિ તદ્વિભાજિનઃ પૂર્વાપરાયતા હિમવન્ મહાહિમવન્ નિષધ નીલરુક્મિ શિખરિણો વર્ષધર પર્વતાઃ (૧૧) દ્વિર્ધાતકીખંડે (૧૨) પુષ્કરાર્ધે ચ (૧૩) પ્રાક્ માનુષોત્તરાન્ મનુષ્યાઃ (૧૪) આર્યામ્લેચ્છાશ્ચ (૧૫) ભરતૈરાવત વિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર દેવકુરૂત્તરકુરુભ્યઃ (૧૬) નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્ત મુંહૂર્તે (૧૭) તિર્યગ્યોનીનાંચ**

જંબુદ્વીપને લવણસમુદ્ર આદિ શુભ નામવાળા અસંખ્ય દ્વીપ અને સમુદ્રો એકબીજાને વીંટળાઈને રહેલા છે. પહેલો જંબુદ્વીપ થાળીના આકારનો ગોળ છે બાકીના બંગડીના આકારે છે એક એકથી બમણા વિસ્તાર-વાળા છે.

જંબુદ્વીપ એક લાખ યોજન વિસ્તારવાળો છે તેની મધ્યમાં મેરુપર્વત એક લાખ યોજન ઉંચો છે અને વિસ્તા-રમાં દશ હજાર યોજન સમભૂતળે છે. ગોપુચ્છના આકારે છે. તેથી ઉપર વિસ્તાર એકદશાંશ ભાગ ઘટતો જાય છે. છેક ઉપર વિસ્તાર એક હજાર યોજન છે.

ઉચાઇમાં એક હજાર યોજન મૂળમાં છે. ઉપર ભદ્રશાળ-વન છે તેની ઉપર પાંચસો યોજને નંદનવન છે તેની ઉપર સાડી બાસઠ હજાર યોજને સોમનસવન છે. તેની ઉપર છત્રીસ હજાર યોજને પાંડકવન છે.

ત્યાં ઉત્તરદક્ષિણ એકેક શિલા પર તીર્થંકરનો જન્મ મહોત્સવ કરવા એકેક સિંહાસન છે. પૂર્વપશ્ચિમ એકેક શિલા પર બબ્બે સિંહાસન છે, ઉત્તરે ઐરાવત ક્ષેત્રના તીર્થંકરનો જન્માભિષેક થાય છે.

દક્ષિણે ભરતક્ષેત્રના તીર્થંકરનો જન્માભિષેક થાય છે, પૂર્વે પૂર્વ વિદેહના બે તીર્થંકરોના જન્માભિષેક થાય છે. પશ્ચિમે પશ્ચિમ વિદેહના બે તીર્થંકરોના જન્માભિષેક થાય છે.

અઢીદ્વીપમાં પાંચ મેરુપર્વત છે ભરત ઐરાવતના દશ તીર્થંકરનો સાથે જન્માભિષેક થાય છે. મહાવિદેહના વીશ તીર્થંકરનાં સાથે જન્માભિષેક થાય છે.

મેરુપર્વતના શિખર પર ચાલીશ યોજન ઉંચી ચૂલિકા છે તે મૂળમાં બાર યોજન, વચ્ચે આઠ યોજન અને ઉપર ચાર યોજન વિસ્તારે છે.

જંબુદ્વીપમાં દક્ષિણે ભરત અને ઉતરે ઐરાવત ક્ષેત્ર છે. મધ્યમાં પૂર્વ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર છે. એ ત્રણે ક્ષેત્ર કર્મ ભૂમિ છે. ધાતકી ખંડમાં અને અર્ધપુષ્કરમાં બબ્બે છે તેથી કુલ પંદર કર્મ ભૂમિ થાય છે. ભરતની ઉપર લઘુ હિમવંત પર્વત ને ઐરાવતની ઉપર શિખરી પર્વત છે.

તે બન્ને પર્વતની ઉપર હિમવંતને હિરણ્યવંત નામે યુગલિક ક્ષેત્રો ભોગ ભૂમિનાં છે. તે બે ક્ષેત્રોની ઉપર મહા હિમવંત અને રુકમી પર્વતો રહેલા છે. તેની ઉપર હરિવર્ષ અને રમ્યક નામે યુગલિક ક્ષેત્રો છે.

તેની ઉપર નિષધ અને નીલ નામે બે પર્વતો રહેલા છે. તેની ઉપર મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. એટલે જંબુદ્વીપમાં સાત ક્ષેત્ર છ વર્ષધર પર્વત છે. ધાતકીખંડમાં તેથી બમણા છે અને અર્ધપુષ્કરમાં પણ તેટલા છે.

એ અઢીદ્વીપની બહાર મનુષ્યનાં જન્મ મરણ થતાં નથી તેથી અઢીદ્વીપ મનુષ્ય ક્ષેત્ર ગણાય છે તેની બહાર તિર્યંચો જ છે. અઢીદ્વીપને ફરતો માનુષોત્તર પર્વત રહેલો છે. અઢીદ્વીપમાં પંદર કર્મ ભૂમિ, ત્રીશ અકર્મ ભૂમિ, અને છપન અંતર્દ્વીપ મળી એકસો એક ક્ષેત્રમાં મનુષ્યો છે. અંતર્દ્વીપ લવણ સમુદ્રમાં હિમવંત અને શિખરી પર્વતની પૂર્વ પશ્ચિમ બબ્બે દાઢાઓ ગઈ છે. તેમાં સાત સાત યુગલિકના ક્ષેત્રો છે. તે છપન અંતર્દ્વીપના મનુષ્યોનું શરીર આઠસો ધનુષ્યનું અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય છે. તે મરીને ભવનપતિ વ્યંતરમાં ઉપજે છે.

વિદ્યાધરો કે જે વૈતાઢય પર્વત પર રહે છે તે અઢીદ્વીપની બહાર જઈ શકે છે. પણ તેમનાં જન્મ મરણ તો અઢીદ્વીપમાં જ થાય છે. અઢીદ્વીપમાં દરેક પર્વત, નદી, સરોવર, વન, વૃક્ષો ઉપર શાશ્વત મંદિરો કુલ ૩૧૮૩ રહેલાં છે અઢીદ્વીપની બહાર નંદીશ્વરમાં બાવન રુચકમાં ચાર કુંડલમાં ચાર અને સોળ નંદીશ્વરની રાજધાનીમાં મળી છોંતેર છે. તે ઉમેરતાં–૩૨૫૯ દેરાસર તીર્છાલોકમાં છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જંબુદ્વીપમાં | પર્વત | નદીકુંડ | સરોવર | વૃક્ષો | તરુકૂટ | કરીકૂટ | વન | |
| ૬૩૫ | ૨૬૯- | ૯૦- | ૧૬- | ૨૧૮- | ૧૬ - | ૮- | ૧૬- | |
| દેવકુરુ | ઉત્તરકુરુ | | | | | | | |
| ૧- | ૧- | | | | | | | |

| | | |
|---|---|---|
| ૧૨૭૦ ધાતકી ખંડમાં | ચારઈષુકારપર | - ૪ |
| ૧૨૭૦ અર્ધ પુષ્કરમાં | માનુષોત્તર પર | - ૪ |
| ૩૧૭૫+૮ =૩૧૮૩ | (ચાર દિશાએ) | - ૮ |

મનુષ્યની બે જાતિ છે. આર્ય અને મ્લેચ્છ. આર્યમાં ધર્મ હોય છે. અનાર્ય એટલે મ્લેચ્છમાં ધર્મ હોતો નથી. ભરત, ઐરાવત ને મહાવિદેહ એ ત્રણ કર્મભૂમિ છે. દેવકુરુ ઉત્તરકુરુ, હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ, ને રમ્યક્ એ છ અકર્મ ભૂમિ છે ભોગભૂમિ છે.

મનુષ્ય તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું અને જઘન્ય આયુ અંતર્મુહૂર્તનું છે. આર્યો છ પ્રકારના છે.

૧ આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થનાર ક્ષેત્રઆર્ય કહેવાય. (પછી ભલે વર્તન મ્લેચ્છ જેવું હોય)

૨ ઈક્ષ્વાકુ, હરિ, ઉગ્ર ભોગ, રાજન્યવંશમાં ઉપજનારજાતિ આર્ય છે.

૩ કુલકર, ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ, આદિ કુલઆર્ય છે

૪ યજનયાજન, પઠનપાઠન, કૃષિ, લિપિ, વાણિજ્ય કરનાર કર્મઆર્ય છે.

૫ કુંભકાર, વણુકર, હજામ, ચિત્રકાર, સુતારાદિ શિલ્પ આર્ય છે.

૬ સંસ્કૃત, માગધી આદિ શિષ્ટ ભાષામાં વ્યવહાર કરનાર ભાષાઆર્ય છે

યુગલિકો ભોગભૂમિમાં વસતા આર્ય નથી, પણ સરળ પરિણામી છે

જ્યાં અસિમસિકસિથી જીવનવ્યવહાર પ્રવર્તે છે. અને જ્યાં તીર્થંકર આદિ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે તે કર્મ ભૂમિમાં જ ધર્મ પ્રવર્તે છે. દેવકુરૂ ઉત્તરકુરુ મહા વિદેહમાં હોવા છતાં યુગલિક ભૂમિ છે તેમનું ત્રણ પલ્યોપમનું આયુષ્ય ને ત્રણ ગાઉનું શરીર છે. નિત્ય પહેલો આરો છે. હરિવર્ષ રમ્યક્ ક્ષેત્રમાં નિત્ય બીજો આરો છે.

તેમાં બે ગાઉનું શરીર ને બે પલ્યોપમનું આયુષ્ય છે હિમવંતને હિરણ્યવંત ક્ષેત્રમાં નિત્ય ત્રીજો આરો વર્તે છે. તેમાં એક ગાઉનું શરીર ને એક પલ્યોપમનું આયુષ્ય છે. મહાવિદેહ ક્ષેત્રમાં નિત્ય ચોથો આરો વર્તે છે. ત્યાં પાંચસો ધનુષ્યનું શરીર તે પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય છે.

ભરત ઐરવતમાં પરાવર્તનકાળ હોવાથી હાલ પાંચમો આરો વર્તે છે. તેમાં ઉત્કૃષ્ટ સાત હાથનું શરીરને ૧૩૦ વર્ષનું આયુ છે. છઠ્ઠા આરામાં ઉત્કૃષ્ટ બે હાથનું શરીરને વીશ વર્ષનું આયુષ્ય છે.

ભરત ઐરાવતનો પહેલો આરો ચારકોડકોડી સાગરોપમનો છે. બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો છે,

ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો છે. ચોથો આરો એક કોડાકોડી સાગરોપમમાં બેતાલીસ હજાર વર્ષ ન્યૂન છે. પાંચમો આરો એકવીશ હજાર વર્ષનો છે. છઠ્ઠો આરો પણ એકવીશ હજાર વર્ષનો છે.

અત્યારે અવસર્પિણીકાળ ચાલે છે તેમાં દિવસે દિવસે સંઘયણ, બળ, બુદ્ધિ, આયુને શરીરની હાનિ થાય છે.

ઉત્સર્પિણી કાળમાં દિવસે દિવસે બળ, બુદ્ધિ, આયુને શરીરની વૃદ્ધિ થાય છે. અવસર્પિણીના પહેલા ત્રણઆરામાં યુગલિકકાળ હોવાથી ધર્મ હોતો નથી. ચોથા આરામાં જ ધર્મ અને મોક્ષ થાય છે.

પાંચમા આરામાં ધર્મ તો છે. પણ સંઘયણના અભાવે મોક્ષ થતો નથી. છઠ્ઠા આરામાં ધર્મનો વિચ્છેદ થાય છે. ઉત્સર્પિણીમાં પહેલા આરામાં ધર્મ હોતો નથી. બીજા આરામાં ક્વચિત ધર્મ હોય છે પણ મોક્ષ થતો નથી ત્રીજા આરામાં ધર્મ અને મોક્ષ થાય છે.

ચોથા પાંચમાને છઠ્ઠા આરામાં યુગલિક કાળ હોવાથી ધર્મ હોતો નથી. યુગલિકોને કલ્પવૃક્ષો દેવાધિષ્ઠિત હોવાથી બધી વસ્તુ આપે છે. તેઓ સરળ પરિણામી પાપરહિત હોવાથી મરીને પોતાના સરખા કે ઓછા આયુષ્યે દેવ થાય છે. કારણ કે યુગલિકપણામાં દેવ કરતાં અધિક સુખ છે. દેવોમાં સ્વામી સેવક ભાવ છે. પણ યુગલિકો બધા સ્વતંત્ર હોય છે.

## જીવના પાંચસો ત્રેસઠ ભેદમાં ઉત્કૃષ્ટ ભવસ્થિતિ કાયસ્થિતિ, શરીરમાન પ્રાણયોનીનું કોષ્ટક

| નંબર | જાતિ | શરીર | આયુ | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોની પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાદર પર્યાપ્ત પૃથ્વીકાય | અંગુલનો અસંખ્ય ભાગ | ૨૨૦૦૦ વર્ષ | અસંખ્યાત ઉત્સર્પીણી અવસર પાણી | ૪ | ૭ | ,, |
| ૧ | અપકાય | ,, | ૭૦૦૦ ,, | ,, | ૪ | ૭ | ,, |
| ૧ | વાઉકાય | ,, | ૩૦૦૦ ,, | ,, | ૪ | ૭ | ,, |
| ૧ | પ્રત્યેક વનસ્પતિ | એક હજાર યોજન અધિક | ૧૦૦૦૦ ,, | ,, | ૪ | ૧૦ | ,, |
| ૧ | સાધારણ વનસ્પતિ | અંગુલનો અસંખ્ય ભાગ | અંતર્મુહુર્ત | અનંતી ઉત્સર્પીણી અવસરપીણી | ૪ | ૧૪ | ,, |
| ૧ | તેઉકાય | ,, | ત્રણ અહો રાત્રી | અસંખ્યાત ,, | ૪ | ૭ | ,, |
| ૧ | બે ઈન્દ્રિય | ૧૨, યોજન | ૧૨, વર્ષ | સંખ્યાતા વર્ષ | ૬ | ૨ | ,, |
| ૧ | તે ઈન્દ્રિય | ૩, ગાઉ | ૪૯, દિવસ | સંખ્યાતા દિવસ | ૭ | ૨ | ,, |
| ૧ | ચૌરેન્દ્રિય | ૪ ,, | ૬, માસ | સંખ્યાતા માસ | ૮ | ૨ | ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગર્ભજ જળચર | એક હજાર યોજન | પૂર્વક્રોડ | સાત આઠભવ | ૧૦ | ૪ | લાખ |
| ૧ | ઉરપરિસર્પ | ,, ,, | ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૧ | ભુજ પરિસર્પ | ,, ૨ થી ૯ ગાઉ | ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૧ | ખેચર | ,, ૨થી૯ ધનુષ | પલ્યોયમનો અસંખ્ય ભાગ | | ૧૦ | ,, | ,, |
| ૧ | ચતુષ્પદ | ,, છગાઉ | ત્રણ પલ્યોપમ | ,, | ૧૦ | ,, | ,, |
| ૧ | સમુર્ધીમ જળચર | હજાર યોજન | પૂર્વક્રોડ | ,, | ૯ | ,, | ,, |
| ૧ | ચતુષ્પદ | ,, ૨થી૯ ગાઉ | ૮૪૦૦૦ વર્ષ | ,, | ૯ | ,, | ,, |
| ૧ | ઉર પરિસર્પ | ,, ,, યોજન | ૫૩૦૦૦ ,, | ,, | ૯ | ,, | ,, |
| ૧ | ભુજ પરિસર્પ | ,, ૨થી૯ ધનુષ | ૪૨૦૦૦ ,, | ,, | ૯ | ,, | ,, |
| ૧ | ખેચર | ,, ,, | ૭૨૦૦૦ ,, | ,, | ૯ | ,, | ,, |
| ૩૩૨ | અપર્યાપ્તા | ,, અંગુલ | અંતર્મુહુર્ત | | | ૯૨ | |
| ૫ | સુક્ષ્મ, પ.અ. | ,, અસંખ્યભાગ | | | | | |
| ૩૫૬ | | | | | | | |

| ૩૫૬ નંબર | જાતિ | શરીર | આયુ | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોની ૬૨ | લાખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | કુરૂક્ષેત્રના યુગલીક | ત્રણ ગાઉ | ત્રણ પલ્યોપમ | એક ભવ | ૧૦ | ૧૪ | ,, |
| ૧૦ | હરિવર્ષ રમ્યક | બે ગાઉ | બે પલ્યોપમ | ,, | ૧૦ | ,, | ,, |
| ૧૦ | હીમવંત ,, હિરહણ્યવંત | એક ગાઉ | એક ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૫૬ | અંતર્દ્વીપ ,, | ૮૦૦ ધનુષ | પલ્યોપમનો અસંખ્યા-તમો ભાગ | ,, | ૧૦ | ,, | ,, |
| ૫ | મહાવિદેહ મનુષ્ય | ૫૦૦ ધનુષ | પૂર્વ ક્રોડ | સાત આઠ ભવ | ૧૦ | ,, | ,, |
| ૧૦ | ભરત ,, ઐરવત પાંચમા આરે | સાત હાથ | ૧૩૦ વર્ષ | ,, | ૧૦ | ,, | ,, |
| ૧ | પહેલી નરક | ધ અં.૭ાા૬ | ૧ સાગરોપમ | એક ભવ | ૧૦ | ૪ | ,, |
| ૧ | બીજી ,, | ૧૫ાા૧૨ | ૩ ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૧ | ત્રીજી ,, | ૩૧ા ધનુષ | ૭ ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૪૬૦ | | | | | | ૮૦ | |

| ૪૬૦ | જાતિ | શરીર | આયુ | સ્વકાય સ્થિતિ | પ્રાણ | ચોની ૮૦ લાખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ચોથી ,, | ૬૨॥ ,, | ૧૦ સાગરોપા | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | પાંચમી ,, | ૧૨૫ ,, | ૧૭ ,, | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | છઠ્ઠી ,, | ૨૫૦ ,, | ૨૨ ,, | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | સાતમી ,, | ૫૦૦ ,, | ૩૩ ,, | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | અસુરકુમાર | સાત હાથ | એક સાગરોપમ અધીક | ,, | ૧૦ | ૪ ,, |
| ૯ | નાગાદિનવ | ,, | દેશોઉંણુ બે પલ્યોપમ | ,, | ૧૦ | ,, ,, |
| ૧૫ | પરમાધામી | ,, | એક પલ્યોપમ | ,, | ૧૦ | ,, ,, |
| ૨૬ | વ્યંતર | ,, | ,, | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | પહેલો કીલ્વીસક | ,, | ત્રણુ પલ્યોયમ | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | બીજા | છ હાથ | ત્રણુ સાગરોપમ | ,, | ૧૦ | ,, ,, |
| ૧ | ત્રીજો ,, | પાંચ હાથ | તેર સાગરોપમ | ,, | ૧૦ | ,, ,, |
| ૫૧૮ | | | | | | ૮૪ લાખ |

| નંબર | જાતિ | શરીર | આયુ | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|---|
| ૫૧૮ | | | | | | |
| ૧ | પહેલો દેવલોક | સાત હાથ | બે સાગરોપમ | એક ભવ | ૧૦ | ૪ લાખ |
| ૧ | બીજો ,, | ,, | ,, અધીક | ,, | ૧૦ | ,, |
| ૧ | ત્રીજો ,, | છ હાથ | સાતસોગરોપય | ,, | ૧૦ | ,, |
| ૧ | ચોથો ,, | ,, | સાતથી અધીક | ,, | ૧૦ | ,, |
| ૧ | પાંચમો ,, | પાંચ હાથ | દશ સાગરોપમ | ,, | ૧૦ | ,, |
| ૧ | છઠ્ઠો ,, | ,, | ચૌદ ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | સાતમો ,, | ચાર હાથ | સત્તર ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | આઠમો ,, | ,, | અઢાર ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | નવમો ,, | ત્રણ હાથ | ઓગણીશ ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | દશમો ,, | ,, | વીશ ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | અગ્યારમો ,, | ,, | એકવીશ ,, | ,, | ૧૦ | ,, |
| ૧ | બારમો ,, | ,, | બાવીશ ,, | ,, | ૧૦ | ,, |
| ૯ | લોકાંતિક | પાંચ હાથ | આઠ સાગરોપમ | ,, | ૧૦ | ,, |
| ૯ | ગ્રૈવેયક | બે હાથ | ૨૩ થી ૩૧ | ,, | ૧૦ | ,, |
| ૫૪૮ | | | | | | |

| નંબર | જાતિ | શરીર | આયુ | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોની |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| ૫૪૮ | | | | | | |
| ૫ | અનુત્તર વિમાન | એક હાથ | ૩૧ થી ૩૩ | ,, | ૧૦ | ,, |
| ૨ | સૂર્યચરને સ્થિર | સાત હાથ | એક પલ્યને લાખ વર્ષ | ,, | ૧૦ | ,, |
| ૨ | ચંદ્ર | ,, | ,, હજાર વર્ષ | ,, | ૧૦ | ,, |
| ૨ | ગ્રહ | ,, | ,, | ,, | ૧૦ | ,, |
| ૨ | નક્ષત્ર | ,, | અર્ધ પલ્યોપમ | ,, | ૧૦ | ,, |
| ૨ | તારા | ,, | પા પલ્યોપમ | ,, | ૧૦ | ,, |
| ૫૬૩ | | | | | | ૮૪ લાખ |

# ચોથો અધ્યાય

## દેવોનું વર્ણન

દેવાશ્ચતુર્નિકાયાઃ (૧) તૃતીયઃ પીતલેશ્યઃ (૨) દશાષ્ટ પંચ દ્વાદશ વિકલ્પાઃ કલ્પોપપન્ન પર્યન્તાઃ (૩) ઈન્દ્રસામાનિકત્રાયસ્ત્રિંશ પારિષદ્યાત્મરક્ષલોકપાલાનીક પ્રકીર્ણકાભિયોગ્ય કિલ્બિષિકાશ્ચૈકશઃ (૪) ત્રાયસ્ત્રિંશ લોકપાલવર્જ્યા વ્યંતર જ્યોતિષ્કાઃ (૫) પૂર્વયોર્દ્વીન્દ્રાઃ (૬) પીતાન્ત લેશ્યાઃ (૭) કાયપ્રવીચારા આ ઐશાનાત્ (૮) શેષાઃ સ્પર્શરૂપ શબ્દ મનઃપ્રવીચારા દ્વયોર્દ્વયોઃ (૯) પરે પ્રવીચારાઃ (૧૦)

દેવોચાર પ્રકારના છે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને વૈમાનિક ત્રીજા જ્યોતિષી દેવોને પીત લેશ્યા છે. ભવનપતિના દશ ભેદ છે. વ્યંતરના આઠભેદ છે જ્યોતિષિના પાંચ ભેદ છે અને કલ્પોપપન્ન વૈમાનિકના બાર ભેદ છે. દેવોને દ્રવ્ય લેશ્યા અવસ્થિત છે. ભાવ લેશ્યા છ એ હોય છે. ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંસ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ, અનીક પ્રકીર્ણ, આભિયોગિક, અને કિલ્બિષક એ દશ જાતિ દરેક હોય છે, પણ વ્યંતરને જ્યોતિષિમાં ત્રાયસ્ત્રિંસને લોકપાલ નથી. દશ ભવનપતિના વીશ ઇન્દ્રો છે આઠ વ્યંતર ને આઠ વાણવ્યંતરના મળી બત્રીસ ઈન્દ્રો છે પાંચ ચરને પાંચ સ્થિર જ્યોતિષિના અસંખ્યાત ઇન્દ્રો છે. પણ જાતિની અપેક્ષાએ સૂર્ય અને ચંદ્ર બેજ ગણ્યા છે. બારદેવલોકમાં નવમા

દશમાનો એક ઈન્દ્ર ને અગ્યારમા બારમાનો એક ઈન્દ્ર મળી દશ ઈન્દ્રો છે એ રીતે કુલ ચોસઠ ઈન્દ્રો છે. તેની ઉપર ગૈવેયક અને અનુત્તર વિમાનના દેવો અહમિન્દ્ર છે. એટલે તેઓ બધા સરખા છે. ત્યાં સ્વામી સેવક ભાવ ન હોવાથી કલ્પાતીત કહેવાય છે.

ઈન્દ્ર રાજાની જેમ મુકુટધારી છે, સામાનિક ભાયાતની જેમ પૂજ્ય છે ત્રાયસ્ત્રિશ ગોર પુરોહિત જેવા છે, પર્ષદાના દેવો ત્રણ પ્રકારના છે બાહ્યપર્ષદા, અભ્યંતરપર્ષદા અને મધ્યમપર્ષદા. ઈન્દ્રો તેઓની સલાહ લે છે. આત્મરક્ષક દેવો ઈન્દ્રના બોડીગાર્ડ–શરીરની રક્ષા કરનાર છે. લોકપાલ ચારે દિશાના કોટવાલ છે. અનીક સેનાધિપતિ છે. પ્રકીર્ણક સામાન્ય પ્રજાજન છે, આભિયોગિક ચાકર દેવો છે અને કિલ્વીષક ચંડાળ દેવો છે. નિંદા કરનારા, પણ આરાધકો તેમાં ઉત્પન્ન થાય છે.

ભવનપતિ અને વ્યંતર દેવો ને પહેલી ચાર લેશ્યા છે. લેશ્યા મુજબ તેઓના શરીરનો વર્ણ હોય છે. ભવનપતિ વ્યંતર જ્યોતિષી અને વૈમાનિકમાં પહેલા બીજા દેવલોકના દેવો મનુષ્યની માફક શરીરથી વિષય સુખ દેવાંગનાની સાથે ભોગવે છે. ત્રીજાને ચોથા દેવલોકના દેવો સ્પર્શ માત્રથી સુખ ભોગવે છે. પાંચમા અને છઠ્ઠા દેવલોકના દેવો રૂપ જોવા માત્રથી સુખ ભોગવે છે. સાતમા ને આઠમા દેવલોકના દેવો દેવાંગના ના શબ્દ ગીત ગાનથી સુખ ભોગવે છે.

નવમાથી બારમા સુધીના દેવો સંકલ્પ માત્રથી વિષય સુખની તૃપ્તિ પામે છે દેવીઓ બીજા દેવલોક સુધી ઉપજે છે. સૌ ધર્મ દેવલોકમાં અપરિગૃહિતા દેવીઓનાં છ લાખ વિમાન છે અને ઇશાન દેવલોકમાં ચાર લાખ વિમાન છે. તે ઉપરના દેવોને ભોગ્ય હોવાથી ઉપરના દેવો તેમને લઇ જાય છે. એટલે દેવીઓ આઠમા દેવલોક સુધી જઈ શકે છે તેઓના સ્પર્શ, રૂપ, શબ્દ સાંભળી ઉપરના દેવો ખુશ થાય છે.

નવમાથી બારમા દેવલોકને ભોગ્ય દેવીઓ પોતાને સ્થાને રહીને તે દેવોને સંકલ્પ માત્રથી સુખ આપે છે. નવ ગ્રૈવયકને પાંચઅનુત્તરના દેવો વિષય વિકારથી રહિત અપ્રવિચારી છે.

**ભવનવાસિનોડસુરનાગ વિદ્યુત સુપર્ણાગ્નિવાત સ્તનિતોદધિ દ્વીપકુમારાઃ** (૧૧) વ્યંતરાઃ કિન્નર કિંપુરૂષ મહોરગ ગંધર્વયક્ષ રાક્ષસભૂત પિશાચાઃ (૧૨) જ્યોતિષ્કાઃ સૂર્યન્દ્રકાન્દમસો ગ્રહનક્ષત્રપ્રકીર્ણ તારકાલકા (૧૩) મેરૂપ્રદક્ષિણા નિત્ય ગતયો નૃલોક (૧૪) તત્કૃતઃકાલ વિભાગઃ (૧૫) બહિર વસ્થિતા: (૧૬) વૈમાનિકાઃ (૧૭) કલ્પોપપન્નાઃ કલ્પાતીતાલકા (૧૮) સૌધર્મેશાન સનત્કુમાર માહેન્દ્ર બ્રહ્મલોકલાન્તક મહાશુક્ર સહસ્રારેષ્વાનત પ્રાણતયોરારણાચ્યુતયોર્નવ સુગ્રૈવેયકેષુ વિજય વૈજયન્ત જયન્તા પરાજિતેષુ સર્વાર્થ સિદ્ધેચ (૧૯) ઉપર્યુપરિ (૨૦)

ભવનપતિના દશ પ્રકાર છે અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિત-કુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમારને દિશીકુમાર એ દશ જાતિ મનોહર સુકુમાર મૃદુ મધુર ગતિશીલ અને ક્રીડાશીલ હોવાથી કુમાર કહેવાય છે તેઓ મેરૂપર્વતની દક્ષિણ ઉત્તર દિશામાં અસંખ્યાત કોડાકોડી યોજન વિસ્તારમાં અને હજાર યોજન નીચેથી માંડી એક લાખ અઠ્ઠોતેર હજાર યોજન સુધીમાં આવેલ શાશ્વત ભવનોમાં રહે છે.

અસુરકુમારો કોઈ વખત આવાસમાં રહે છે તે અવાસો મંડપ જેવા અને ભવન નગર જેવા બહારથી ગોળ અંદરથી સમચોરસ અને તળીએ પુષ્કર કર્ણકાસમાન હોય છે. તેમના આભરણોમાં અનુક્રમે નીચે મુજબ ચિન્હ હોવાથી તેઓ ઓળખી શકાય છે.

ચુડામણી, નાગ, વજ્ર, ગરૂડ, ઘડો, અશ્વ કે મગર, વર્ધમાન, મગર કે અશ્વ, સિંહને હાથી. દરેક નિકાયમાં ઉત્તર દક્ષિણ બબ્બે ઈન્દ્રો હોય છે.

તેઓનાં નામ અનુક્રમે ચમર, બલી, ધરણ, ભુતાનંદ, હરિ, હરિસ્સહ, વેણુદેવ, વેણુદારિ, અગ્નિશીખ, અગ્નિમાનવ, વેલંબ, પ્રભંજન, સુઘોષ, મહાઘોષ, જલકાંત, જલપ્રભ, પૂર્ણ, વશિષ્ઠ, અમિતગતિ અને અમિત વાહનવ્યંતરના આઠ પ્રકાર અનુક્રમે કિન્નર કિંપુરૂષ, મહોરગ, ગંધર્વ,

યક્ષ, રાક્ષસ, ભૂત અને પીશાચ છે. તેઓ ગુફા અને વનાન્તરમાં વસતા હોવાથી વ્યંતર કહેવાય છે.

કિન્નર કિંપુરૂષ અને મહોરગ દશ દશ પ્રકારના છે. મહોરગ બાર પ્રકારના યક્ષ તેર પ્રકારના, રાક્ષસ સાત પ્રકારના, ભૂત નવ પ્રકારના, અને પિશાચ પંદર પ્રકારે છે. ભવનપતિમાં પંદર પરમાધામી નારકોને દુઃખ આપે છે. તે અસુર નિકાયના છે.

વાણવ્યંતર પણ આઠ પ્રકારના છે. વ્યંતર અને વાણવ્યંતર દરેકમાં બબ્બે ઇન્દ્રો મળી કુલ બત્રીસ ઈન્દ્રો છે કિન્નર, કિંપુરૂષ, સત્પુરૂષ, મહાપુરૂષ, અતિકાય મહાકાય, ગીતરતી ગીતરસ, પૂર્ણભદ્રમ:ણિભદ્ર, ભીમ, મહાભીમ, પ્રતિરૂપ, અતિરૂપ કાળ, મહાકાળ, સંનિહિત, સામાન, ધાતા વિધાતા, ઋષિ, ઋષિપાએન્દ્ર, ઈશ્વર મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ્ય, હાસ્યરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગને પતંગપતિ, તેમનાં ચિન્હ અનુક્રમે અશોક, ચંપક, નાગ, તુંબરૂ, વડ, ખટવાંગ, સુલસને કંદબક જાણવા ખટવાંગ સિવાયનાં બધાં વૃક્ષો છે.

તિર્યંગંજૃંભક દેવો પણ વ્યંતર જાતિમાં ગણાય છે તેમની જાતિ દશ અને વ્યંતરવાણવ્યંતરની સોળ મળી છવીસ પ્રકાર છે. ભવનપતિના પચીસ પ્રકાર છે જ્યોતિષિ દેવો પાંચ પ્રકારે છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રને તારા એ સર્વ અઢીદ્વીપમાં ફરતા છે મેરૂપર્વતની પ્રદક્ષિણા આપતા

તેમના વિમાનો નિરંતર ફર્યા કરે છે અઢીદ્વીપની બહાર સ્થિર અસંખ્યાત ચંદ્ર સૂર્યના વિમાનો છે. તે બન્ને ઈન્દ્રો છે.

બન્નેનો પરિવાર એક જ છે. સમભુતલની નીચે અને

ઉપર નવસો યોજન મળી અઢારસો યોજન તીર્છાક્ષેત્ર છે. લંબાઈમાં અને પહોળાઈમાં એક રાજ પ્રમાણ છે. નીચે પહેલા સો યોજનમાં ઉપર નીચે દશ દશ યોજન મુકતાં એંશી યોજનમાં વાણવ્યંતરનાં નગરો છે.

તે પછી આઠસો યોજન સુધી વ્યંતર દેવોનાં નગરાં છે. તે પછી સો યોજન ખાલી છે. એક હજાર યોજન નીચે ભવનપતિના ભવનો અને નારકોના પ્રતરો શરૂ થાય છે– ઉપર સાતસો નેવું યોજનથી નવસો યોજન સુધીમાં જ્યોતિષિ દેવોનાં વિમાનો રહેલાં છે.

આઠસો યોજને સૂર્ય છે. આઠસો એંશી યોજને ચંદ્ર છે. ૮૮૪ યોજને નક્ષત્ર, ૮૮૮ યોજને ગ્રહ બુધ, ૮૯૧ યોજને શુક્ર, ૮૯૪ યોજને ગુરૂ, ૮૯૭ યોજને મંગળ અને ૯૦૦ યોજને શનીના ગ્રહ આવેલા છે. તારાઓ અનિયતચારી છે. ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારાનો પરિવાર એક ચંદ્રનો છે. જે ચંદ્રનો તેજ સૂર્યનો પરિવાર છે.

જંબુદ્વીપમાં બે, લવણ સમુદ્રમાં ચાર, ઘાતકી ખંડમાં બાર, કાળોદધિમાં બેતાલીશને અર્ધપુષ્કરમાં બોતેર સૂર્ય ચંદ્ર છે.

પૂર્વ પશ્ચિમ છાસઠ છાસઠની પંક્તિ સૂર્ય ચંદ્રની છે. બે સૂર્યને બે ચંદ્ર મળી જંબુદ્વીપનું વર્તુળ પુરૂં કરે છે.

એટલે ભરત ઐરાવતમાં જુદા જુદા સૂર્ય પ્રકાશતા હોવાથી દિવસ હોય અને મહાવિદેહક્ષેત્રની પૂર્વ પશ્ચિમ વિજયોમાં તે વખતે જુદા જુદા ચંદ્ર પ્રકાશતા હોવાથી ત્યાં રાત્રિ હોય છે.

અઢીદ્વીપમાં સૂર્ય ચંદ્રના ભ્રમણથી કાળની ગણતરી કરાય છે. સૌથી નાનો કાળને સમય કહેવાય છે. તેવા અસંખ્યાત સમયે એક આવલી થાય છે. બસો છપન આવલીકાનો એક ક્ષુલ્લકભવ ગણાય છે.

એક શ્વાસોચ્છશ્વાસમાં આવા સાડા સત્તર ભવ થાય છે. સાત પ્રાણનો એક સ્તોક થાય સાત સ્તોકનો એકલવ થાય સીતોતેર લવનો એક મુહુર્ત થાય. એક મુહુર્તમાં એક ક્રોડ સડસઠ લાખ સીતોત્તેર હજાર બસો સોળ આવલીકા થાય છે.

ત્રીસ મુહુર્ત્તનો એક રાત્રિ દિવસ થાય. પંદર દિવસનું પક્ષ બે પક્ષનો માસ બાર માસનો સંવત્સર પાંચ સંવત્સરનો યુગ અસંખ્યાત વર્ષનો એક પલ્યોપમ દશ ક્રોડ ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ વીશ ક્રોડા ક્રોડી સાગરોપમનું એક કાળચક્ર અનંતાકાળ ચક્રે એક પુદ્ગલ પરાવર્તનકાળ થાય એવા અનંતાનંત પુદ્ગલ પરાવર્ત આ જીવને રખડતાં થઇ ગયાં હજુ આરો આવ્યો નથી.

સમકિત પામે જીવના ભવની ગણતરી શરૂ થાય છે. નિકટભવી થોડા ભવમાં મોક્ષ પામે છે. દૂર્ભવી ઘણા કાળે મોક્ષે જાય છે, પણ અભવિ જીવો કદી પણ મોક્ષ પામતા નથી. જાતિ ભવ્યો અનાદિ નિગોદમાંથી બહાર આવતા જ નથી. તેથી તેઓ પણ મોક્ષ પામતા નથી. અભવ્યો તો નવમા ગ્રૈવયકનાં સુખો ભોગવી પાછા રખડે છે.

જ્યોતિષિનાં વિમાનો અઢીદ્વીપમાં નિત્ય ગતિશીલ છે છતાં અભિયોગી દેવો તે વિમાનોની નીચે સિંહ, ગંજ, વૃષભને અશ્વરૂપે વહન કરતા હોય છે. ચંદ્ર સૂર્યનો પ્રકાશ લાખ યોજન પ્રમાણ છે. વૈમાનિક દેવો બે પ્રકારે છે. કલ્પોપપન્ન અને કલ્પાતિત—સ્વામી. સેવક ભાવવાળા કલ્પોપપન્ન દેવો બાર પ્રકારે બાર દેવલોકમાં છે અને કલ્પાતીત અહમિંદ્ર દેવો નવગ્રૈવયકને પાંચ અનુત્તરમાં છે.

તે બધા દેવો એક એકની ઉપર સાતરાજ સુધીમાં રહેલા છે. નીચે કંઈક ઊણાસાત રાજમાં નારકો રહેલા છે. લોકનું પ્રમાણ ચૌદ રાજ છે, અલોક અનંતો છે. તેમાં આકાશ દ્રવ્ય સિવાય બીજું કાંઈ નથી. લોકમાંજ જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, વગેરે રહેલાં છે. જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાયભુતધર્માસ્તિકાય છે અને સ્થિર રાખવામાં સહાયભૂત અધર્માસ્તિકાય છે.

અવકાશ આપવામાં સહાયભૂત આકાશાસ્તિકાય છે. તે ત્રણે અરૂપી છે કર્મરહિત શુદ્ધજીવ પણ અરૂપી છે અને

કાળ દ્રવ્ય પણ અરૂપી છે ફક્ત પુદ્ગલ જ રૂપી છે. રૂપી દ્રવ્યમાં વર્ણ ગંધ રસ સ્પર્શ રહેલાં છે. બાર દેવલોકમાં પહેલો સુધર્મ અને બીજા ઈશાન એ બે દેવલોક ઉત્તર દક્ષિણ સામ સામે રહેલાં છે તેના ઉપર ત્રીજુ સનતકુમાર અને ચોથું માહેન્દ્ર એ બન્ને દેવલોક પણ સામ સામે આવેલાં છે. તેના ઉપર પાંચમું બ્રહ્મલોક છઠ્ઠું લાંતક સાતમું મહાશુક્ર અને આઠમું સહસ્રાર એ ઉપરા ઉપરી આવેલાં છે. તેના ઉપર નવમું આનત અને દશમું પ્રાણત એ બે દેવલોક સામ સામે આવેલાં છે.

તેનો એક જ ઈન્દ્ર છે. તેના ઉપર અગ્યારમું આરણ્ય અને બારમું અચ્યુત એ બે દેવલોક પણ સામ સામે આવેલાં છે. તેનો પણ એક જ ઈન્દ્ર છે એટલે બારદેવલોકના દશ ઈન્દ્ર છે. ભવનપતિના વીશ વ્યંતરના બત્રીશ, જ્યોતિષીના જાતિની અપેક્ષાએ બે અને વૈમાની-કના દશ મળી ચોસઠ ઈન્દ્રો થાય છે. તે બધા તીર્થંકરોના કલ્યાણકોમાં ભેગા થઈ મહોત્સવ કરે છે.

બાર દેવલોકની ઉપર નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરનાં વિમાનો છે. તેમાં રહેલા દેવો અહમિંદ્રા હોવાથી સ્વામીસેવક ભાવ નથી. નવગ્રૈવેયકમાં કેટલાક મિથ્યાદૃષ્ટિદેવો પણ છે. પરંતુ અનુત્તરના દેવો બધા સમ્યગ્દૃષ્ટિજ છે. નવગ્રૈવયક એક બીજાની ઉપર છે. તેનાં નામ અનુક્રમે સુદર્શન, સુપ્રતિબદ્ધ મનોરમ, સર્વતોભદ્ર સુવિશાલ સુમનસ, સૌમનસ, પ્રિયંકર

અને નંદિકર છે. તેની ઉપર વિજય વૈજયંત. જયંત, ને અપરાજિત એ ચાર વિમાનો ચારે દિશાએ છે અને પાંચમુ સર્વાર્થસિદ્ધ વિમાન વચમાં આવેલું છે. સર્વાર્થસિદ્ધના દેવો એકાવતારી છે. બીજાચાર દેવલોકના દેવો દ્વિચરમાં એટલે બે, અવતારી છે. તે દેવો ક્યાંઈ જતા આવતા નથી શય્યામાં પોઢયા રહે છે. પાંચમા દેવલોકમાં આઠ કૃષ્ણરાજી આવેલી છે. તેમાં લોકાંતિક દેવો રહે છે. તેનાં નામ સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરૂત અને આરિષ્ઠ છે. આઠ દિશામાં આઠ વિમાનોમાં અને વચમાં એકમળી નવ લોકાંતિક દેવો છે. તેઓ તીર્થંકરોને તીર્થપ્રવર્તાવાનો અવસર જણાવે છે.

કીલ્વીશક એટલે ચંડાળ જાતના દેવો ત્રણ પ્રકારના છે. તેમાં પહેલા દેવલોકની નીચે ત્રીજા દેવલોકની નીચે અને છઠ્ઠા દેવલોકની નીચે રહેનારા છે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ ત્રણ સાગરોપમ ને તેર સાગરોપમ અનુક્રમે છે. બારદેવલોક નવલોકાંતિક નવ ગ્રૈવેયક પાંચ અનુત્તરને ત્રણકિલ્વિશક વળી વૈમાનિકદેવો આડત્રીસ પ્રકારે છે. કુલ ચારે નિકાયના મળી નવાણુ પ્રકારે દેવો છે.

**સ્થિતિપ્રભાવ સુખદ્યુતિ** લેશ્યા વિશુધિઈન્દ્રિયાવધિ વિષ યતોઽધિકાઃ (૨૧) ગતિશરીરપરિગ્રહાભિમાનતો હીનાઃ (૨૨) પીતપદ્મશુકલ લેશ્યાદ્વિત્રીશેષેષૂ (૨૩) પ્રાગ ગ્રૈવેયકેભ્ય કલ્પાઃ (૨૪) બ્રહ્મ લોકાલયા લોકાન્તિકાઃ (૨૫)

સારસ્વાદિત્યવહ્યરૂણે ગર્દતોયતુષિતાવ્યાબા ધમરૂતોડરિષ્ટાશ્કા (૨૬) વિજ્યાદિષુ દ્વિચરમાઃ (૨૭) ઔપપાતિક મનુષેભ્યઃ શેષાસ્તિર્યગ્યોનયઃ (૨૮) આયુ સ્થિતિ, નિગ્રહ અનુગ્રહ કરવાની શક્તિ તે પ્રભાવ, ઇન્દ્રિય સુખ તેજ કાન્તિ, લેશ્યા વિશુદ્ધિ અવધિનો વિષય ઉપર ઉપરના દેવોમાં વિશેષ હોય છે. ગતિ શરીર પ્રમાણ પરિગ્રહ અને અભિમાન ઓછાં ઓછાં હોય છે.

પહેલા બે દેવલોકે પીતલેશ્યા ત્રીજાથી પાંચમા સુધી પદ્મલેશ્યા અને છઠ્ઠાથી ઉપર બધે શુકલલેશ્યા હોય છે. લેશ્યાની જેમ દેહ વર્ણ છે. બાર દેવલોક–સુધીના દેવોકલ્પો પપન્ન છે. પાંચમા દેવલોકમાં નવ લોકાંતિક દેવો સારસ્વતાદિ રહે છે. વિજ્યાદિચાર અનુત્તરના દેવો બે મનુષ્યજન્મપામી મોક્ષે જાય છે સર્વાર્થસિદ્ધના દેવો એકાવતારી એટલે એક-જવાર મનુષ્ય થઈને મોક્ષે જાય છે.

ઔપપાતીક દેવનારક અને મનુષ્ય સિવાયના બધા તિર્યંચો છે. બેઈન્દ્રિયાદિ ત્રસજીવો ફકત ત્રસનાડી કે જે એકરાજ પહોળી અને ચૌદરાજ લાંબી છે તેમાં જ રહ્યા છે બાકીનામાં એકેન્દ્રિય જીવો છે તેમાં પણ બાદરઅગ્નિ અઢીદ્વીપમાંજ છે. અપકાયને વનસ્પતિકાય બારદેવલોક સુધી છે. પૃથ્વીકાયને વાઉકાય ચૌદરાજલોકમાં છે. સ્થિતિઃ (૨૯) ભવનેષુ દક્ષિણાર્ધાધિપતિનાં પલ્યોપમ મધ્યયર્ધમ્ (૩૦) શેષાણાં પાદોને (૩૧) અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકંચ (૩૨)

**સૌધર્માદિષુ યથાક્રમમ્** (૩૩) સાગરોપમે (૩૪) અધિકેચ (૩૫) સપ્તસાનત્કુમારે (૩૬) વિશેષ ત્રિસપ્તદશૈકાદશદ્વાદશ ત્રયોદશ પંચદશં ત્રયે દશ ભિરધિભ રધિકાનિચ (૩૭) આરણા- ચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધેચ (૩૮) અપરાપલ્યોપમ મધિકંચ (૩૯) સાગરોપમે (૪૦) અધિ- કેચ (૪૧) પરતઃપરતઃપૂર્વા પૂર્વાઽનન્તરા (૪૨) નારકાણાંચ દ્વિતીયાદિષુ (૪૩) દશવર્ષસહસ્રાણિપ્રથમાયામ્ (૪૪) ભવને ષુચ (૪૫) વ્યંતરાણાંચ (૪૬) પરાપલ્યોપમમ્ (૪૭) જ્યોતિ- ષ્કાણુમધિકમ્ (૪૮) ગ્રહણામેકમ્ (૪૯) નક્ષત્રાણામર્ધમ્ (૫૦) તારકાણાં ચતુર્ભાગઃ (૫૧) જઘન્યાત્વષ્ટભાગઃ (૫૨) ચતુર્ભાગઃ શેષાણામ્ (૫૩)

દેવોનું જઘન્યને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોય તે જણાવે છે. ઉત્કૃષ્ટ ભવનપતિમાં દક્ષિણદિશાના ઈન્દ્રનું એક સાગરોપમને ઉત્તરદિશાના ઇન્દ્રનું એક સાગરોપમથી કાંઈક અધિક હોય છે બાકીના નવ નિકાયમાં દક્ષિણના ઈન્દ્રોનું દોઢ પલ્યોપમને ઉત્તરના ઈન્દ્રોનું પોણાબેપલ્યોપમનું હોય છે. સૌધર્મદેવલોકનું બે સાગરોપમ અને ઈશાનનું તેથી કાંઈક અધિક હોય છે. સનત્કુમારનું સાતસાગરોપમને માહેન્દ્રનું તેથી કાંઈક અધિક હોય છે.

બ્રહ્મેન્દ્રનું દશ સાગરોપમ લાંતકનું ચૌદસાગરોપમ મહાશુક્રનું સત્તર સાગરોપમ સહસ્રારનું અઢાર આનતનું ઓગણીશ, પ્રાણતનું વીશ, આરણ્યનું એકવીસને અચ્યુતે-

ન્દ્રનું બાવીશ સાગરોપમ હોય છે. નવેગ્રૈવયકોમાં એકકે સાગરોપમ વધતાં ત્રેવીશથી એકત્રીસ થાય, પહેલા ચાર અનુત્તરનું બત્રીસ અને સર્વાર્થસિદ્ધનું તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્યને જઘન્ય સૌધર્મનું એકપલ્યોપમ ને ઈશાનનું તેથી કંઈક અધિક હોય છે. સનત્કુમારનું બે સાગરોપમને માહેન્દ્રનું તેથી કંઈક અધિક હોય છે, બ્રહ્મનું સાત લાંતકનું દશ, મહાશુક્રનું ચૌદ, સહસ્રારનું સત્તર આનતનું, અઢાર પ્રાણતનું ઓગણીશ, આરાણ્યનું વીશ અને અચ્યુતનું એકવીશ તેથી ઉપર ગ્રૈવેયકમાં એકકે સાગરોપમ વધારતાં નવમા ગ્રૈવેયકનું ત્રીશ, ચાર અનુત્તરનું એકત્રીશ સાગરોપમ જઘન્યથી છે સર્વાર્થસિદ્ધનું જઘન્યથી પણ તેત્રીશ સાગરોપમજ છે.

પહેલીનરકનું દશાહજાર વર્ષનું બીજીનું એક સાગરોપમ ત્રીજીનું ત્રણ ચોથીનું સાત, પાંચમીનું દશ, છઠ્ઠીનું સત્તર, અને સાતમીનું બાવીસ સાગરોપમ જઘન્ય આયુષ્ય છે. ભવનોપતિને વ્યંતરનું જઘન્ય દશાહજારવર્ષનું છે. ઉત્કૃષ્ટ વ્યંતરનું એકપલ્યોપમ છે. જ્યોતિષમાં ચંદ્રનું એકપલ્યોપમને લાખ વર્ષ, સૂર્યનું એકપલ્યોપમને હજારવર્ષ ગ્રહનું એકપલ્યોપમ નક્ષત્રનું અર્ધપલ્યોપમા અને તારાનું પા પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુ છે. જઘન્ય સ્થિતિ તારાની પલ્યોપમના આઠમા ભાગની છે. બાકીની ચારેની પા પલ્યોપમની છે. ઇન્દ્રોનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોય છે તેમના પરિવારમાં જઘન્ય પણ હોય છે.

| દેવલોકે | વિમાનસંખ્યા | પ્રતર | લેશ્યા | શરીર | આહારેચ્છા | શ્વાસ |
|---|---|---|---|---|---|---|
| સૌધર્મે | ૩૨ લાખ | ૧૩ | પીત | ૭,હાથ | ૨૦૦૦વર્ષે | બેપક્ષે |
| ઈશાને | ૨૮ ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| સનત્કુમારે | ૧૨ ,, | ૧૨ | પદ્મ | ૬,હાથ | ૭૦૦૦ ,, | સાતપક્ષે |
| માહેન્દ્રે | ૮ ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| બ્રહ્મલોકે | ૪ ,, | ૬ | ,, | ૫, હાથ | ૧૦૦૦૦,, | દશ,પક્ષે |
| લાંતકે | ૫૦હજાર | ૫ | શુકલ | ,, | ૧૪૦૦૦ ,, | ૧૪,પક્ષે |
| મહાશુક્રે | ૪૦ ,, | ૪ | ,, | ૪,હાથ | ૧૭૦૦૦ ,, | ૧૭ ,, |
| સહસ્રારે | ૬ ,, | ૪ | ,, | ,, | ૧૮૦૦૦ ,, | ૧૮ ,, |
| આણતપ્રાણતા | ૪૦૦ | ૪ | ,, | ૩હાથ | ૧૯૦૦૦ ,, | ૧૯ ,, |
| | | | | | ૨૦૦૦૦ ,, | ૨૦ ,, |
| આરણ્યાચ્યુતે | ૩૦૦ | ૪ | ,, | ,, ,, | ૨૧૦૦૦ ,, | ૨૧ ,, |
| | | | | | ૨૨૦૦૦ ,, | ૨૨ ,, |
| નવગ્રૈવેયકે | ૩૧૮ | ૯ | ,, | ૨હાથ | ૨૩થી ,, | ૨૩ ,, |
| | | | | | ૨૩૦૦૦ ,, | ૩૧ ,, |
| અનુત્તરે | ૫ | ૧ | ,, | ૧, હાથ | ૩૩૦૦૦ ,, | ૩૩ ,, |
| ૮૪૯૭૦૨૩ | ૬૨ | | | | | |

લોકાંતિકમાં ઈશાને સારસ્વત, પૂર્વે આદિત્ય, અગ્નિકોણે અગ્નિ, દક્ષિણે અરૂણ નૈરૂત્યે ગર્દતોય, પશ્ચિમે તુષિત, વાયવ્યે અવ્યાબાધ, ઉત્તરમાં મરૂત મધ્યમાં અરિષ્ટ રહે છે. તેઓ દેવર્ષિગણાય છે. અરિષ્ટના દેવો એકાવતારી છે. બીજા નિકટ ભવી છે.

# અધ્યાય–૫

## અજીવદ્રવ્ય

**અજીવકાયા ધર્માધર્માકાશ પુદ્‌ગલાઃ (૧) દ્રવ્યાણિ** જીવાકા (૨) નિત્યાવસ્થિતા ન્યરૂપાણિશ્કા (૩) રૂપિણ પુદ્‌ગલાઃ (૪) આકાશાદેકદ્રવ્યાણિ (૫) નિષ્ક્રિયાણિચ (૬) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ ચાર અજીવકાય છે.

તેમાં જીવ ઉમેરતાં પાંચ દ્રવ્ય થાય છે. સર્વદ્રવ્યો નિત્ય અવસ્થિત. અને અરૂપી છે. ફક્ત પુદ્‌ગલ દ્રવ્યરૂપી છે. પહેલાં ત્રણ દ્રવ્યો એકેક અને નિષ્ક્રિય છે. જીવ અને પુદ્‌ગલ અનંત વ્યક્તિ રૂપ અને ગતિશીલ છે. અસંખ્યેયાઃ પ્રદેશા ધર્મો ધર્મયોઃ (૭) જીવસ્યચ, (૮) આકાશસ્યાનન્તાઃ (૯) સંખ્યેયાસંખ્યેયાશ્કા પુદ્‌ગલાનામ (૧૦) નાણોઃ (૧૧) લોકાકાશેડવગાહઃ (૧૨) ધર્મોધર્મયોઃ કૃત્સ્ને (૧૩) એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્‌ગલાનામ્ (૧૪) અસંખ્યેયભાગાદિષુજીવાનામ્ (૧૫) પ્રદેશસંહાર વિસર્ગાભ્યાં પ્રદીપવત્ (૧૬) ગતિસ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરૂપકારઃ (૧૭)

ધર્મઅધર્મ અને જીવ એ દરેકના અસંખ્ય પ્રદેશ છે. લોકાલોક વ્યાપી આકાશના અનંતપ્રદેશ છે. લોકાકાશના અસંખ્ય પ્રદેશ છે. પુદ્‌ગલના સંખ્યાત અસંખ્યાત અને અનંતપ્રદેશ છે, પરમાણુના પ્રદેશ નથી પરમાણું અગોચર છતાં

રૂપી છે. તે સ્કંધમાંથી છુટો પડે છે. જેના બે ભાગ થઈ ન શકે તેને પરમાણુ કહેવાય છે. છુટા પડવું ને ભેગા થવું એ પુદ્ગલનો સ્વભાવ છે તે રૂપી હોવાથી તેમાં વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ હોય છે. પ્રદેશને પરમાણુ સરખા છે પણ સ્કંધ સાથે જોડાએલ ને પ્રદેશ કહેવાય અને છુટો પડે તેને પરમાણુ કહેવાય, ધર્મઅધર્મને આકાશના પ્રદેશો છુટા પડતા નથી તેથી તેના સ્કંધ દેશને પ્રદેશ ત્રણ ત્રણ ભેદ છે. પરમાણુ છુટો પડે છે માટે પુદ્ગલના પરમાણુ સહિત ચાર ભેદ છે આકાશમાં સર્વ દ્રવ્યો રહેલાં છે એટલે આકાશનું કાર્ય જગા આપવાનું છે. અનંતાનંતપુદ્ગલની અવગાહના પણ લોકાકાશના અસંખ્યાતમા ભાગમાં છે.

ધર્માસ્તિકાયને અધર્માસ્તિકાય એ દ્રવ્યો સંપૂર્ણ લોકાકાશમાં રહેલા છે. જીવની અવગાહના પણ લોકના અસંખ્યાતમા પ્રદેશમાં છે. અનંતપુદ્ગલ દ્રવ્ય અનંતજીવોની અપેક્ષાએ દરેકનું અવગાહનાક્ષેત્ર સંપૂર્ણ લોકાકાશ છે. જીવનાપ્રદેશ દેહ વ્યાપી અને દીપકની માફક સંકોચ વિકાસ શીલ છે. જીવ અને પુદ્ગલની ગતિમાં ધર્માસ્તિકાય મદદગાર છે અને સ્થિરતામાં અધર્માસ્તિકાય મદદગાર છે.

એક જીવનું અવગાહનક્ષેત્ર સમગ્ર લોકાકાશ જેટલું કેવળી સમુદ્ઘાત વખતે હોય છે અનંતાનંત પુદ્ગલ અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં સમાઈ શકે છે અનંતજીવોનું એક સાધારણ શરીર અંગુલના અસંખ્યભાગમાં રહી શકે છે.

મનુષ્યાદિના ઔદારિક શરીરની અંદર અને બહાર પણ અનેક સમુર્છીમ જીવો હોય છે. આ કારણે અસંખ્યાત પ્રદેશી એવા લોકાકાશમાં અનંતાનંતજીવની અવગાહના સંભવીત બને છે, તેમજ એક જીવના અસંખ્યાતપ્રદેશ લોકાકાશના અસંખ્યાતપ્રદેશ બન્ને સરખા છે તેથી કેવળી સમુદ્‌ઘાત વખતે લોકવ્યાપી થાય છે.

**આકાશસ્યાવગાહઃ** (૧૮) શરીરવાઙ્-મનઃપ્રાણાપાનાઃ પુદ્‌ગલાનામ્ (૧૯) સુખ દુઃખ જીવિતમરણોપગ્રહાશ્કા (૨૦) પરસ્પરોપગ્રહોજીવાનામ્ (૨૧)વર્તનાપરિણામઃક્રિયાપરત્વાપરત્વે ચકાલસ્ય (૨૨) સ્પર્શરસગંધવર્ણવન્તઃ પુદ્ગલાઃ (૨૩) શબ્દબન્ધ સૌક્ષ્મ્યસ્થૌલ્યસંસ્થાનભેદ તમચ્છાયાતપોદ્યોતવન્તશ્કા (૨૪)અણવઃસ્કન્ધાશ્કા (૨૫) સંધાતભેદેભ્યઉત્પદ્યન્તે (૨૬) ભેદો દણુઃ (૨૭) ભેદ સંધાતા ભ્યામ્ચાક્ષુષાઃ (૨૮) અવગાહના આપવી તે આકાશનું કાર્ય છે. શરીર વચન, મન શ્વાસોચ્છવાસ, સુખ દુઃખ, જીવન, મરણ, અને ઉપગ્રહ ઉપકાર એ પુદ્ગલના કાર્યો છે. પરસ્પર ઉપકારએ જીવનું કાર્ય છે વર્તના પરિણામ ક્રિયા પરત્વ અને અપરત્વ તેના પ્રભેદો સહિત કાળનો ઉપકાર છે. દ્રવ્યના પોતાના પર્યાયની ઉત્પત્તિમાં નિમિત્તરૂપે પ્રેરણા કરનાર વર્તના છે. મૂળ દ્રવ્ય રૂપનો ત્યાગ કર્યા વિના પૂર્વપર્યાયનો ત્યાગ અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિરૂપ સ્થિતિ તે પરિણામ છે.

હલનચલનરૂપ પરિસ્પંદ તે ક્રિયા છે. જ્યેષ્ઠત્વ યા પ્રાચીનતા અને કનિષ્ઠત્વ વા અર્વાચીનતાએ અનુક્રમે પરત્વ અને અપરત્વ છે આ સર્વ પર્યાયાંતર કાળના કારણે થાય છે, પુદ્ગલ સ્પર્શરસ ગંધ અને વર્ણયુક્ત છે તે ઉપરાંત શબ્દ બંધ સૂક્ષ્મત્વ સ્થૂલત્વ સંસ્થાન અંધકાર, છાયાપ્રતિબિંબ, આ તપ ઉષ્ણ પ્રકાશ ઉદ્યોતશીત પ્રકાશ, યુક્ત પણ પુદ્ગલ હોય છે. પુદ્ગલ, પરમાણુરૂપ અને સ્કંધ એમ બે પ્રકારે છે. સંઘાત ભેદ અને સંઘાતભેદ એ ત્રણ પ્રકારે સ્કંધ થાય. ભેદથી અણુ થાય છે. આ ત્રણ કારણધી બનતા સ્કંધ ચક્ષુ-ગ્રાહ્ય-ઈંદ્રિય ગ્રાહ્ય છે જુદા જુદા બે પરમાણુ મળતાં દ્વયણુક બને છે. એમ એકેક પરમાણુ વધતાં સંખ્યાત અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધ સંઘાતથી બને છે.

મોટા સ્કંધમાંથી છુટા પડવાથી નાના સ્કંધો બને છે તે પણ દ્વિપ્રદેશીથી માંડી અનંતાનંત પ્રદેશી હોય છે. છેવટે દ્વિપ્રદેશી છુટા પડતાં અણુ બને છે. કોઈ કોઈ વાર એક સ્કંધ તૂટે છે તે જ સમયે તેના જુદા જુદા ભાગમાં કોઈ નવું દ્રવ્ય સંમિલિત થાય છે આ રીતે બનતા સ્કંધ સંઘાતભેદથી થાય છે. આ સ્કંધો પણ દ્વિપ્રદેશીથી માંડી અનંતાનંત પ્રદેશી હોય છે. શુદ્ધ પરમાણુ નિત્ય હોઈ તેની ઉત્પત્તિમાં ભેદ કે સંઘાત કારણરૂપ નથી

પુદ્ગલ સ્કંધ બે પ્રકારના છે, ઈંદ્રિયગાહ્ય અને અગ્રાહ્ય. સૂક્ષ્મ એવો ઈંદ્રિય અગાહ્ય, અચાક્ષુષ સ્કંધ નિમિત્તના

કારણે સૂક્ષ્મતા તજી બાદરચાક્ષુષ સ્કંધ પણ બની શકે છે. અચાક્ષુષ સ્કંધને ચાક્ષુષ બનવામાં ચાર કારણ હોય છે સ્કંધનો ભેદ નવા વિશિષ્ઠ પરિણામનું મિલન સૂક્ષ્મ પરિણામની નિવૃત્તિ અને બાદર પરિણામની પ્રાપ્તિ—પૌદ્‌ગલીક પરિણામની વિચિત્રતાને કારણે બાદર ઇંદ્રિયગાહ્ય સ્કંધ સૂક્ષ્મ અતિન્દ્રિય પણ બને છે, કેટલાક સ્કંધ અધિક કે અલ્પ ઇંદ્રિયગાહ્ય પણ બને છે. મીઠુ હિંગ વગેરે ઇંદ્રિયગાહ્ય છે પરંતુ તે પાણીમાં મિશ્રિત થતાં રસન અને ઘ્રાણ એ બે ઇંદ્રિયગાહ્ય બને છે, ચક્ષુ ગ્રાહ્યથતા નથી **ઉત્પાદવ્યય ધ્રૌવ્ય** યુક્તં સત્ (૨૯) તદ્ભાવાવ્વયંનિત્યમ્ (૩૦) અર્પિતાનર્પિતા સિધ્ધેઃ (૩૧) સ્નિગ્ધરૂક્ષત્વાદબન્ધઃ (૩૨) ન જઘન્યગુણાનામ્ (૩૩) ગુણસામ્યેસદશાનામ્ (૩૪) દ્વયધિકાદિગુણાનાંનુ (૩૫) બન્ધે સમાધિકૌપારિણાપિકૌ (૩૬) ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ (૩૭) કાલકૌત્યેકે (૩૮) સોઽનન્તરામયઃ (૩૯) દ્રવ્યાશ્રયા નિર્ગુગાગુણાઃ (૪૦) તદ્ધતહભ્વાપરિણામઃ (૪૧) અનાદિરાદિમાંશ્કા (૪૨) દુપિષ્વાદિમાન્ (૪૩) યોગોપયોત્રૌ જીવેષુ (૪૪)

ઉત્પાદ વ્યયનેધૃવ એ ત્રણ લક્ષણ જેમાં હોય તે સત્ કહેવાય પોતાના સ્વરૂપનો નાશ ન થવો તેનું નામ નિત્ય છે. એક વસ્તુમાં પરસ્પર વિરૂદ્ધ ધર્મનો સમાવેશ અર્પિત અને અનર્પિત નયથી સિદ્ધ થાય છે. દરેક પદાર્થમાં બે અંશ રહેલા હોય છે એક શાશ્વત ને બીજો અશાશ્વત

શાશ્વતના કારણે નિત્ય અને અશાશ્વતના કારણે ઉત્પાદવ્યય શીલ અનિત્ય ગણાય છે.

જૈન દર્શન દરેક વસ્તુને પરિણામી નિત્ય માને છે. નિમિત્ત મળતાં પરિવર્તન પામે છે પણ મૂળ દ્રવ્યરૂપે કાયમ રહે છે. પદાર્થમાં પ્રત્યેક સમયે ઉત્પાદ ઉત્પન્ન થવું વ્યય નાશ થવો અને દ્રવ્યરૂપે નિત્ય ધ્રુવ રહે છે. એ દ્રવ્ય પોતાના સ્વભાવને ત્યજતા નથી. પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક છે અપેક્ષા અને અપેક્ષાંતર એ બે વડે વિરોધનો સમન્વય થાય છે સોનું સ્વ સ્વરૂપે સત્ છે.

પરસ્વરૂપે એટલે ચાંદી રૂપે અસત્ છે જીવ, જીવ સ્વરૂપે સત્ છે. પણ અજીવ સ્વરૂપે અસત્ છે. તેના સાત પ્રકાર છે. સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ, સ્યાદસ્તિનાસ્તિ, સ્યાદ વક્તવ્ય, સ્યાદસ્તિ અવક્તવ્ય સ્યાન્નાસ્તિ અવક્તવ્ય સ્યાદસ્તિ નાસ્તિ યુગપદવકતવ્ય એ સપ્તભંગી છે,

તેનો સાત નયથી વિચાર કરવો પદાર્થમાં રહેલ સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વગુણની સ્કંધ બનવામાં આવશ્યક્તા છે બે અંશ સ્નિગ્ધ સાથે યાવત્ અનંતાનંતરૂક્ષનો અનંતાનંત સ્નિગ્ધ સાથે બંધ થાય છે. આવા પ્રસંગે બેમાંનો કોઈ એક સમઅંશ બીજા સમઅંશને પોતાનામાં સમાવી લે છે અર્થાત્ દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવઅનુસાર સ્નિગ્ધત્વને રૂક્ષત્વ અથવા રૂક્ષત્વ સ્નિગ્ધત્વને પોતાના રૂપમાં પરિણમાવે છે.

અધિકાંશ અને હીનાંશ પ્રદેશ આદિ બાબતમાં હિનાંશનું પરિવર્તન અધીકાંશમાં જાય છે. પાંચ અંશ સ્નિગ્ધત્વ બે અંશ રૂક્ષત્વને પોતાનામાં પરિવર્તન કરે છે. પાંચ અંશ રૂક્ષત્વ બે અંશ સ્નિગ્ધત્વને પોતાનામાં પરિવર્તન કરે છે. જઘન્ય ગુણવાળા બે પરમાણુ પ્રદેશ કે અવચયના બંધનો નિષેધ કરે છે. તદ્નુસાર જઘન્ય ગુણ પરમાણુનો જઘન્યેતર પરમાણુ સાથે બંધ થાય છે.

માત્ર એક અંશ અધિકમાં બંધ સ્વીકારાતો નથી પરમાણુમાં એક વર્ણ એક ગંધ એક રસ અને સ્પર્શમાં સ્નિગ્ધ કે ઉષ્ણ, સ્નિગ્ધકે શીત, રૂક્ષ કે ઉષ્ણ અને રૂક્ષકે શીત એમાંથી કોઈપણ હોય છે દ્વદ્રણુકથીમાંડી અનંતાનંતણુકમાં આઠે સ્પર્શ હોય છે.

અનંતાનંત સૂક્ષ્મ પરમાણુ ના બનેલા સ્કંધ પણ સૂક્ષ્મ હોય છે બાદર પરમાણુના સ્કંધ બાદર હોય છે. સૂક્ષ્મ સ્કંધો દેખાતા નથી બાદર દેખાય છે સ્નિગ્ધતા રૂક્ષતાના જઘન્ય અંશોમાં સદૃશ કે વિસદૃશ બંધનથી સ્નિગ્ધતા રૂક્ષતાના સમાન અંશોમાં સદૃશબંધનથી પણ વિસદૃશ બંધ છે બે કે તેથી વધારે અંશની તરતમતામાં સદૃશ અને વિસદૃશ એ બે બંધ છે, સમાન અંશના વિસદૃશ બંધમાં ગમે તે એક બીજાનું પરિણમન કરે છે. પરંતુ હિનાધિક બંધ અધીકઅંશ હિનાંશનું પોતાનામાં પરિણમન કરે છે.

ગુણ અને પર્યાય જેમાં છે તે દ્રવ્ય, દ્રવ્યમાં જે ગુણ હોય છે, તેના સ્વભાવ અનુસાર જે પરિણમન થાય છે તે

પર્યાય છે. દ્રવ્યની પરિણમન શક્તિ તે ગુણ છે તે કારણ અને પર્યાય તે કાર્ય છે. દ્રવ્યમાં શક્તિ રૂપે અનંત ગુણ છે જે આશ્રયભૂત દ્રવ્યથી અવિભાજ્ય છે દ્રવ્યના પ્રત્યેક ગુણમાં સમયે સમયે પરિણમતા વૈકાલિક પર્યાયો પણઅનંતા છે. દ્રવ્ય અને તેની અંશભૂત શક્તિ અનાદિ અનંત છે.

કારણ કે તેની ઉત્પત્તિ કે નાશ નથી. કારણભૂત એક શક્તિ દ્વારા દ્રવ્યમાં થતા વૈકાલિક પર્યાય સજાતીય છે. દ્રવ્યની અનંત શક્તિના કારણે તજ્જન્ય પ્રવાહ પણ અનંત છે, ભિન્ન ભિન્ન શક્તિ જન્ય પર્યાય વિજાતિય છે. તે એક સમયમાં દ્રવ્યમાં જુદા જુદા રૂપે પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ સજાતિય પર્યાય તો એક સમયમાં એક જ હોઈ શકે છે.

અને ભિન્ન ભિન્ન સમયમાં જુદા જુદા હોઈ શકે છે. ચેતન અને જડ એ દ્રવ્ય છે. એકમાં ચેતના આદિ અને બીજામાં રૂપ આદિ અનંત ગુણ છે. જીવ ચેતન શક્તિ દ્વારા ભિન્ન ભિન્ન ઉપયોગ રૂપે અને પુદ્ગલ રૂપ શક્તિ દ્વારા ભિન્ન ભિન્ન ઉપયોગ રૂપે પરિણત થયા કરે છે. ચેતના શક્તિ આત્મદ્રવ્યથી અને આત્મગત અન્ય શક્તિઓથી વિભક્ત કરી શકાતી નથી. જ્ઞાન દર્શન આદિ ભિન્ન ભિન્ન સમયવર્તી વિવિધ ઉપયોગના વૈકાલિક પ્રવાહના કારણભૂત એકલી ચેતન શક્તિ છે. અને તે શક્તિનો કાર્યભૂત પ્રવાહ તે ઉપયોગાત્માક પુદ્ગલની રૂપ શક્તિ અને તેની અન્ય શક્તિઓને પણ પુદ્ગલથી વિભક્ત કરી શકાતી નથી.

પુદ્ગલની રૂપશક્તિનું કાર્ય નીલપીત આદિ પરિણમન છે. આત્મામાં સુખદુઃખાદિ વેદનાત્મક પર્યાય પ્રવાહ પ્રયત્યાત્મક પર્યાય પ્રવાહ આદિ અનંત પર્યાય પ્રવાહ એકી સાથે કાર્ય કરી રહ્યા છે. આત્મામાં ચેતન આનંદ વીર્ય આદિ શક્તિના ભિન્નભિન્ન પર્યાય એકી સમયે પ્રવર્તે છે, પરંતુ તે દરેકના ભિન્ન ભિન્ન પર્યાય એકી સમયે હોઈ શકતા નથી કારણ કે પ્રત્યેક શક્તિના એકજ પર્યાય એકી સમયે હોઈ શકે છે. પુદ્ગલના રૂપ રસ ગંધ સ્પર્શના ભિન્ન ભિન્ન પર્યાય એક સમયે હોઈ શકે છે.

પરંતુ તે પ્રત્યેકના ભિન્ન ભિન્ન પર્યાય એક સમયે હોઈ શકતા નથી જેમ આત્મા અને પુદ્ગલ એ બે નિત્ય તેમ આત્માની ચેતન આદિ શક્તિ અને પુદ્ગલની રૂપ આદિ શક્તિ પણ નિત્ય છે. પરંતુ ચેતનજન્ય ઉપયોગ પર્યાય અને રૂપશક્તિ જન્ય નીલપીત આદિ પર્યાય સદૈવ ઉત્પાદ વ્યયશીલ કે શબ્દ બંધ ભેદ સૂક્ષ્મતા સ્થૂલતા, સંસ્થાન અંધકાર પ્રતિબિંબ પાડવાની છાયાશક્તિ આતપઉદ્યોત આદિ પુદ્ગલના ગુણો વ્યક્ત કે અવ્યક્ત હોય છે.

પુદ્ગલ દ્રવ્ય મૂર્ત હોવાથી તેના ગુણ ગુરૂલઘુ હોઈ તેના પર્યાય પણ ગુરૂલઘુ હોયછે. બાકીના દ્રવ્યો અરૂપી હોઈ તેના ગુણ પર્યાય અગુરૂલઘુ હોય છે. વર્તમાનકાલીન પર્યાય એક સમયનો અને ભૂતકાળના પર્યાય અને ભવિષ્ય-કાળના પર્યાય અનંત સમયના છે. કાળના સમયરૂપ પર્યાય

છે. તે અનંત સમયી છે. કાળને કોઈ આચાર્ય સ્વતંત્ર દ્રવ્ય તરીકે માને છે.

દ્રવ્યનો આશ્રય કરનાર ગુણ નિર્ગુણી છે. અર્થાત્ ગુણમાં ગુણ હોતો નથી. ગુણ એ છએ દ્રવ્યનો ભાવવર્તી પરિણામ છે. પરિણામ આદિ અને અનાદિ બે પ્રકારના છે. રૂપી અરૂપી વસ્તુમાં આદિ અનાદિ ભાવરૂપે તે પરિણામ હોય છે. ઉપયોગ અને જીવના મન વચન કાય એ ત્રણ યોગ તે જીવના પરિણામ છે તેની શાસ્ત્ર સાક્ષી પુરે છે યોગોપયોગૌ જીવેષુ એ સૂત્રના એકાગ્રતાથી અર્થ કરતાં કામના સિદ્ધ થાય છે.

ગુણ એ દ્રવ્યમાં નિત્ય વર્તમાન શક્તિ છે જે પર્યાય જનની છે. ગુણ નિત્ય હોઈ દ્રવ્યાશ્રિત છે. જ્યારે પર્યાય અનિત્ય હોઈ ઉત્પાદન વ્યયશીલ છે. ગુણયા શક્તિમાં ગુણાંતરયા શકિત અંતર માનતાં અનવસ્થા દોષ આવે છે તેથી દ્રવ્યાશ્રીતગુણ ગુણ વિનાનો મનાય છે. આત્માના ચેતન વીર્ય ચારિત્ર આનંદ સમ્યકત્વ આદિ અને પુદ્ગલમાં રૂપ રસ ગંધ સ્પર્શાદિ દરેક ગુણ નિર્ગુણ છે. દ્રવ્યમાં મૂળ રૂપે ટકી રહી ઉત્પન્નને નષ્ટ થયું તે ગુણનો પરિણામ છે. કોઈ દ્રવ્ય કે કોઈ ગુણ એવો નથી કે સર્વથા અવિકારી હોય. પર્યાયાંતર અવસ્થાંતર થવા છતાં કોઈ દ્રવ્ય કે કોઈ ગુણ પોતાનું મૂળ રૂપ તજતાં નથી દ્રવ્ય કે ગુણ પોતાનું સ્વરૂપ ગુમાવ્યા વિના પ્રતિ સમય નિમિત્ત અનુસાર પર્યાય બદલી

ભિન્ન ભિન્ન અવસ્થા પ્રાપ્ત કરે છે. તેજ દ્રવ્ય અને ગુણનો પરિણામ છે.

જીવ પોતે મનુષ્ય પક્ષી પશુ ગમે તે સ્વરૂપ ધારણ કરે પરંતુ તેનામાં ચેતના કાયમ રહે છે તે જ રીતે જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ ગમે તે હોય તો પણ જીવનું ચેતનત્વ ટકી રહે છે. દ્વણુક ત્રણુક અનેક અવસ્થા હોવા છતાં પુદ્ગલ તેનું નથી. તેમજ નીલપીત આદિ પર્યાય બદલાતાં છતાં રૂપત્વ આદિગુણ પુદ્ગલ તજતા નથી આ જ રીતે તે પ્રત્યેક દ્રવ્ય તેના મૂળ ગુણને પરિણામની ઘટના સમજવાની છે.

પરિણામ બે પ્રકારના છે. આદિમાનને અનાદિમાન જે કાળની પૂર્વ મર્યાદા જાણી શકાય તે આદિમાન છે અને જેની પૂર્વ મર્યાદા જાણી શકાતી નથી તે અનાદિમાન છે. સર્વ દ્રવ્યોમાં બન્ને પ્રકારના પરિણામ છે. પ્રવાહની અપેક્ષાએ અનાદિ અને વ્યક્તિની અપેક્ષાએ આદિ એ પ્રમાણે એ બે પરિણામ ઘટાવવાના છે.

અરૂપી દ્રવ્યના પરિણામ અનાદિ હોઈ આગમ પ્રમાણ ગ્રાહ્ય છે અને પુદ્ગલના પરિણામ આદિમાન હોઈ ઇન્દ્રિય ગ્રાહ્ય છે. જીવ અરૂપી હોવા છતાં તેના યોગ ઉપયોગ આદિ પરિણામ આદિમાન હોઈ ઇન્દ્રિય ગ્રાહ્ય છે. જ્યારે બાકીના પરિણામ અનાદિ હોઇ આગમ ગ્રાહ્ય છે. તત્વ કેવળી જાણે.

# અધ્યાય છઠ્ઠો

## આશ્રવનું સ્વરૂપ

**કાયવાઙ્મનઃકર્મયોગઃ** ૧. સ આશ્રવઃ ૨ શુભઃ પુણ્યસ્ય ૩ અશુભઃપાપસ્ય ૪ સકષાયાકષાયયોઃસાંપરાયિકેર્ય્યાપથયોઃ ૫ અવ્રતકષાયેન્દ્રિયક્રિયાઃ પંચચતુ પંચપંચવિંશતિસંખ્યાઃ પૂર્વશ્યભેદાઃ ૬ તીવ્રમન્દજ્ઞાતાજ્ઞાતાભાવવીર્ય્યાધિકરણ વિશેષેભ્યસ્તદ્વિશેષઃ ૭

મનવચનકાયા દ્વારા થતી ક્રિયા તે યોગ છે, તેજ આશ્રવ છે પુણ્યનો આશ્રવ શુભ અને પાપનો આશ્રવ અશુભ છે, સકષાયી યોગના સાંપરાયિક અને અકષાયી યોગના ઈર્યાપથિકનો આશ્રવ છે, સાંપરાવિકના ઓગણચાલીશ અને ઈર્યાપથિકનો એક તેના ભેદ છે. આ દરેકના તીવ્રમંદ ભાવ જ્ઞાત અજ્ઞાત ભાવ વીર્ય અને અધિક રણના કારણે કર્મબંધમાં તરતમતા રહે છે.

વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પુદ્ગલના આલંબનથી આત્મપ્રદેશનાં થતાં વ્યાપર પરિસ્પંદ તે યોગ છે. હિંસા જૂઠ ચોરી અબ્રહ્માને પરિગહ એ પાંચ અવ્રત છે. હિંસા ચોરી મૈથુનએ અશુભ કાય યોગ છે, દાન દયા બ્રહ્મચર્ય એ શુભ કાય યોગ છે, સત્યનિરવદ્ય મૃદુ અને સભ્ય વચન તે શુભ વચન છે.

અસત્ય સાવદ્ય વચન, મિથ્યા વચન કઠોર વચન એ બધા અશુભ વચન યોગ છે. બીજાના અનિષ્ટનું ચિંતન તે અશુભ મનોયોગ છે. બીજાના હિતનું ચિંતન તે શુભ મનોયોગ છે શુભયોગથી પ્રવૃત્તિથી પુણ્યનો બંધ થાય છે અશુભ યોગની પ્રવૃત્તિથી પાપ બંધાય છે શુભયોગની તીવ્રતા સમયે પુણ્યનો રસ અધીક અને પાપનો રસ ઓછો હોય છે. અશુભ યોગની તીવ્રતા સમયે પાપનો રસ અધિક પુણ્યનો રસ ઓછો હોય છે પહેલા દશ ગુણ ઠાણા સુધી સકષાયી છે અગ્યારથી ચૌદ ગુણઠાણા સુધી અકષાયી જીવ હોય છે. જીવને સંસાર વધારનાર કર્મ સાંપરાયીક છે.

યોગદ્વારા આકૃષ્ટ કર્મ કષાયોદયના કારણે આત્મા સાથે એકમેક બને છે તે સાંપરાયીક કર્મ છે. કષાયના અભાવે માત્ર ગમનાગમન પ્રવૃત્તિથી એક સમયનું શુભ શાતાવેદનીય કર્મ બંધાય છે. ક્રોધમાન માયા લોભ એ ચાર કષાય છે સ્પર્શન રસન ઘ્રાણચક્ષુ અને શ્રોત એ પાંચ ઇન્દ્રિયો છે. ઇંદ્રિયોની રાગદ્વેષ યુકત કર્મ બંધનું કારણ છે. પચીશ ક્રિયા નીચે મુજબ છે.

૧ દેવગુરૂ અને શ્રુતનો વિનય તે સમ્યકત્વ ક્રિયા છે.

૨ સરાગી દેવ ગુરુ અને શાસ્ત્રનો વિનય તે મિથ્યાત્વ ક્રિયા છે.

૩ શરીરની પ્રવૃત્તિ તે પ્રયોગ ક્રિયા છે.

૪ ત્યાગીની ભોગ આકાંક્ષા તે સમાદાન ક્રિયા છે.

૫ અકષાયીની ગમનાગમન રૂપ પ્રવૃત્તિ તે ઇર્યાપથીકી ક્રિયા છે.

૬ દુષ્ટ હેતુથી કાયાની પ્રવૃત્તિ તે કાયિકી ક્રિયા છે.

૭ હિંસકશસ્ત્ર આદિનોસંગ્રહ તે અધિકરણીકી ક્રિયા છે.

૮ ક્રોધના આવેશથી થતી ક્રિયા તે પ્રાદોષિકી ક્રિયા છે.

૯ પ્રાણીને સતાવવારૂપ પારિતાપનિકી ક્રિયા છે.

૧૦ દશ પૈકી કોઇપણ એક કે બધા પ્રાણની નાશની પ્રવૃત્તિ તે પ્રાણાતિ પાતિકી ક્રિયા છે.

૧૧ રમણીક રૂપ દર્શનની રાગવશ પ્રવત્તિ તે દર્શન ક્રિયા છે.

૧૨ અનુકૂળ સ્પર્શની રાગવશ પ્રવૃત્તિ તે સ્પર્શન ક્રિયા છે.

૧૩ નવા શસ્ત્રો ઘડાવવાં તે પ્રત્યાપીકી ક્રિયા છે.

૧૪ રાજમાર્ગ ઉપર મળમૂત્ર નાખવા તે સામંતોપનિપાતિકી ક્રિયા છે.

૧૫ અવલોકન કે પ્રમાર્જના વિના આસન શય્યા કરવી તે અનાભોગીકી

૧૬ બીજાને કરવા યોગ્ય પ્રવૃત્તિ પોતે કરવી તે સ્વહસ્તિકી ક્રિયા.

૧૭ પાપરૂપ પ્રવૃત્તિમાં અનુમતિ તે નિસર્ગ ક્રિયા છે.

૧૮ બીજાના પાપ ઉઘાડા પાડવા તે વિદારણ ક્રિયા છે.

૧૯ સંયમ પાલન શક્તિના અભાવ આજ્ઞા વિરૂદ્ધ પ્રવૃત્તિ તે આજ્ઞાપનિકિ ક્રિયા છે.

૨૦ આળસમાં દંભથી શાસ્ત્રોક્ત વિધિપ્રતિ અનાદાર અનવકાંક્ષા ક્રિયા છે.

૨૧ તાડન તર્જનવધ આદિ પ્રવૃત્તિમાં રક્ત બનવું તે આરંભ ક્રિયા.

૨૨ પરિગ્રહનો ત્યાગ ન કરવો તે પરિગ્રહીકી ક્રિયા છે.

૨૩ જ્ઞાનદર્શનાદિ વિષયમાં અન્યને છેતરવા તે માયા ક્રિયા છે.

૨૪ મિથ્યા દૃષ્ટિની પ્રવૃત્તિની અનુમોદના તે મિથ્યા દર્શનીકી ક્રિયા છે.

૨૫ પાપ વ્યાપારથી નિવૃત્ત ન થવું તે અપ્રત્યાખ્યાની ક્રિયા છે.

કષાયના કારણે આત્મ પરિણામની તીવ્રતા મંદતા, ઇરાદાપૂર્વક કે અજાણમાં થતી જ્ઞાત અજ્ઞાત પ્રવૃતિ, પ્રવૃત્તિમાં ફોરવાતા વીર્ય વ્યયની ન્યૂનાધિકતા, જીવ અજીવરૂપ અધિકરણની ન્યૂનાધિકતા આ જુદા કારણોની તીવ્રતા મંદતા અને ન્યુનાધિક્તાના કારણે કર્મબંધની સ્થિતિ અને

રસમાં તીવ્ર મંદતા થાય છે. આમ છતાં પણ કર્મબંધ ન્યૂનાધિકનું કારણ મૂળ કાષાયીક ભાવની તીવ્રતા મંદતા છે કે જેના પરિણામે પ્રવૃત્તિ થાય છે અને જે કર્મબંધનું મૂળ નિમિત્ત છે. **અધિકરણં જીવા જીવઃ.**

(૮) આદ્યં સંરંભસમારંભારંભ યોગ કૃતિકારિતાનુમત કષાય વિશેષૈ સ્ત્રિ સ્ત્રિ સ્ત્રિ શ્કાતુશ્કૈકશઃ (૯) નિવર્તના નિક્ષેપ સયોગ નિસર્ગા દ્વિચતુર્દ્વિત્રિ ભેદાઃપરમ્ (૧૦) અધિકરણના બે ભેદ છે જીવ ને અજીવ. જીવ અધિકરણના એકસો આઠ ભેદ છે.

સંરંભ સમારંભને આરંભ, મન, વચન, કાય, કૃતકારિતને અનુમોદન, ક્રોધમાન, માયા, લોભ, ૩ ×૩ × ૩×૪=૧૦૮ અજીવ અધિકરણના ચાર ભેદ છે તેમાં નિક્ષેપના ચાર સંયોગ નાખે અને નિસર્ગના ત્રણ પ્રતિ ભેદ વિચારવા યોગ્ય છે. વસ્તુની રચના આકાર તે નિર્વર્તના, રાખવા તે નિક્ષેપ, મેળવવા તે સંયોગ અને પ્રવર્તન તે, નિસર્ગ–નિર્વર્તના બે પ્રકારે છે. વસ્તુની બાહ્યરચના તે મૂળ ગુણ નિર્વર્તમા, સાધનાની કાર્યકરશક્તિરૂપ ગુણ તે ઉત્તર ગુણ નિર્વર્તના નિક્ષેપના ચાર ભેદ છે.

વિચાર વિના એકદમ મૂકવું તે સહસા નિક્ષેપ જોયા વિના મુકવું તે અપ્રત્યવેક્ષિત બરાબર પ્રમાર્જન કર્યા વિના મુકવું તે દુષ્પ્રમાજન નિક્ષેપ ઉપયોગ વિના વસ્તુ મુકવી તે અનાભોગ નિક્ષેપ અને સંયોગ બે પ્રકારના છે. આહાર

પાણીનાં સાધન તે ભક્ત પાન અને અન્ય સાધન સંયોગ મન, વચન, કાયાની પ્રવૃત્તિરૂપ ત્રણ નિસર્ગ છે.

**તત્પ્રદોષનિન્હવ માત્સર્યાન્તરાયા** જ્ઞાદનોપઘાતા જ્ઞાનદર્શના વરણયોઃ (૧૧) જ્ઞાન જ્ઞાની અને જ્ઞાનના સાધન પર દ્વેષ, ગુરૂને છુપાવવા, જ્ઞાન આપવામાં દીલ ચોરી તે માત્સર્ય જ્ઞાન પ્રાપ્તિમાં અંતરાય પાડવો જ્ઞાનીનો અવિનય તેના ગુણો છુપાવવા, જ્ઞાન જ્ઞાનીનો ઉપઘાત આ બન્ને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના આશ્રવો છે.

દર્શન દર્શની અને દર્શનના સાધનો પ્રત્યે દર્શનાવરણીયના આશ્રવો છે **દુઃખ શોક તાપ ક્રંદન** વધપરિદેવનાન્યાત્મ પરોભય સ્થાન્ય સદ્ધેદ્યસ્વ (૧૨)ભૂતવૃત્યનુકંપાદાન સરાગસંય માદિયોગઃ ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્ધેદ્યસ્ય. (૧૩) કેવલિશ્રુતસંઘ-ધર્મ દેવા વર્ણવાદો દર્શનમોહસ્ય (૧૪) કષાયોદયા તીવ્રાત્મ પરિણામશ્કાચારિત્ર મોહશ્ય અનેકારિત દુઃખ શોકતા પાક્રંદનવધ પરિદેવન પરિદેવન, (૧૫) બેફાટ રૂદન આદિ અ-શાતા વેદનીય આશ્રવ બને છે. જીવ અને વિરતીધર પર વિશેષ અનુકંપા, દાન, સરાગ સંયમ, ક્ષમા અને શુચિ આદિ શાતા વેદનીયના આશ્રવ છે. કેવલીશ્રુત સંઘ અને દેવ આદિના અવર્ણવાદ દર્શન મોહનીય કર્મના આશ્રવ છે.

તીવ્ર ભાવ કષાયનો ઉદય ચારિત્ર મોહનીય કર્મનો આશ્રવ છે. મોહનીય કર્મ બધા કર્મમાં મુખ્ય છે સ્વેચ્છાએ વ્રત નિયમાદિમાં આવી પડતા દુઃખ અશાતા વેદનીયના હેતુ નથી. ગુણની ઉપેક્ષા કરવી ગુણીના દોષ કાઢવા તે

તીવ્ર કષાય છે. હાસ્યરતિ અરતિ ભયશોક જુગુપ્સ અને વેદોદય તે પણ ચારિત્ર મોહનીયના આશ્રવ છે.

**બહ્વારંભ પરિગ્રહત્વં ચનારકસ્યાયુષઃ** (૧૬) માયા તૈર્યગ્યોનસ્ય (૧૭) અલ્પારંભ પરિગ્રહત્વસ્વંભાવમાર્દવાર્જ-વંચ માનુષસ્ય (૧૮) નિઃશીલવ્રતત્વંચ સર્વેષામ્ (૧૯) બહુ આરંભને પરિગ્રહ નરકનું આયુષ્ય બંધાવે માયા કપટ તિર્યંચ આયુષ્યબંધાવે. અલ્પ આરંભ પરિગ્રહ મૃદુતા સરળતાથી મનુષ્ય આયુષ્યબંધાય શીલવ્રત રહિતથી એ ત્રણે આયુષ્ય બંધાય છે.

સરાગ સંયમા સંયમા સંયમા કામ નિર્જરા બાલતપાંસિ દેવસ્ય (૨૦) યોગ વક્રતા વિસંવાદનં ચા શુભસ્ય નામ્નઃ (૨૧) વિપરીતં શુભસ્ય (૨૨) દર્શનવિશુદ્ધિ વિનય સંપન્નતાશીલ વ્રતેષ્વનતિચારોઽભીક્ષ્ણં જ્ઞાનોપયોગ સંવેગૌ શક્તિ તપસ્ત્યા ગ તપસીસંઘ સાધુસમાધિવૈયાવૃત્ય કરણ મર્હદાચાર્ય બહુશ્રુત પ્રવચના ભકિત રાવશ્યકા પરિહાણિ માર્ગ પ્રભાવના પ્રવચન વત્સલ ત્વમિતિ તીર્થંકરત્વસ્ય. (૨૩)

સરાગ સંયમ, દેશવિરતિ, અસંયમ, અકામનિર્જરા બાલતપઆદિ દેવ આયુષ્ય બંધાવે છે તેમાં પણ સરાગ સંયમથી અનુત્તર સુધીનાં દેવલોક મળે છે. દેશ વિરતી બારમા દેવલોક સુધી પહોંચાડે છે, અસંયમ સમ્યગ્દૃષ્ટિ વૈમાનીકનું આયુ બંધાવે છે, અકામ નિર્જરા ભવનપતિ

વ્યંતરનું આયુષ્ય બંધાવે છે બાળતપ જ્યોતિષી દેવોનું આયુ બંધાવે છે. વિરાધક આત્માઓ નીચેના દેવોમાં અને આરાધક આત્માઓ ઉપરના દેવોમાં ઉત્પન્ન થાય છે. મન વચન કાયાની કુટીલતા, અને દંભથી અશુભ નામ કર્મ બંધાય છે. સરળતા અને મન વચન કાયાની એકતાથી શુભ નામકર્મ બંધાય છે. તીર્થંકર નામકર્મ વીશસ્થાનકની આરાધનાથી બંધાય છે. દર્શન વિશુંદ્ધિ વિનય, નિરતિ ચાર શીલ વ્રતત્વ તત્વજ્ઞાનમાં સદા જાગૃતિ ઉપયોગ, સંવેગ, ત્યાગ તપ સંઘ સાધુને સમાધિકરણ વૈયાવચ્ચ અરિહંત આચાર્ય બહુશ્રુતની ભક્તિ શાસનભક્તિ ઉભયટંક આવશ્યક ક્રિયા મોક્ષ માર્ગની પ્રભાવના પ્રવચન વાત્સલ્ય એ બધા તીર્થંકર નામ કર્મના આશ્રવ છે **પરાત્મનિંદા પ્રશંસે** સદ્‌ગુણાચ્છાદનો દભાવનેચ નીચૈર્ગોત્રસ્ય (૨૪) તદ્‌વિપર્યયોનીચૈવુત્ય નુત્યનુત્સેકૌ ચોત્તરસ્ય (૨૫) વિઘ્ન કરણમન્તરાયસ્ય (૨૬)

પર નિંદા, આત્મશ્લાધા, પરનાગુણનું આચ્છાદન પોતાના ગુણોનું પ્રકાશન આદિ નીચ ગોત્ર બંધાવે છે તેથી વિપરીત સ્વનિંદા પરગુણ પ્રશંસા પોતાના અવગુણનું પ્રકાશન એ ઉચ્ચ ગોત્ર બંધાવે છે. દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્યના ગુણમાં વિઘ્ન કરવાથી અંતરાયકર્મ બંધાય છે.

આશ્રવતો એકી સમયે એકેક પ્રવૃત્તિનો થાય છે પણ બંધ તો એક પ્રકૃતિનો મુખ્ય અને બાકીની છ પ્રકૃતિનો ગૌણ

થાય છે સમયે સમયે જીવ કર્મ પુદ્‌ગલ ગ્રહણ કરે છે તેમાં તેના સાત ભાગ પાડીયથા સંભવ સાતેકર્મોને વહેંચી આપે છે. સૌથી વધારે ભાગ વેદનીયને મળે છે શુભ હોય તો શાતા બંધાવે છે અશુભ હોય તો અશાતા બંધાવે છે ઉપર જે જે કર્મોના જે આશ્રવો બતાવ્યા તે તે કર્મો મુખ્યતાએ બંધાય છે બાકીના કર્મો ગૌણતા એ બંધાય છે. આયુષ્ય કર્મ ભવમાં એક જ વાર બંધાય છે. તે પછીના ભવમાં અવશ્ય ઉદયમાં આપે છે એટલે આયુકર્મ નિકાચીત છે જ્યારે બાકીના કર્મો પછીના કોઈપણ ભવમાં ઉદયમાં આવી શકે છે. અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ આજ ભવમાં ભોગવવું પડે છે.

□

# અધ્યાય સાતમો

## પાંચેવ્રતના અતિચાર

**હિંસાઽનૃતસ્તેયા બ્રહ્મપરિગ્રહભ્યો વિરતિર્વ્રતમ્ (૧)** દેશ સર્વતોઽણુમહતી (૨) તસ્થૈર્યાર્થં ભાવનાઃપંચ પંચ (૩) હિંસા જુઠ ચોરી મૈથુનને પરિગ્રહનો ત્યાગ કરવો તે વ્રત કહેવાય છે. અહિંસા મુખ્ય છે, બાકીનાં તેની રક્ષા માટે વાડ સમાન છે તે વ્રત અસત્ કાર્યમાં નિવૃતિ અને સત્કાર્ય પ્રવૃત્તિ રૂપ છે પાંચ મહાવ્રતને પુષ્ટ કરનાર છઠું રાત્રી ભોજન વિરમણ વ્રત છે દેશ વિરતી અને સર્વ વિરતી એ પ્રકારનાં વ્રત છે.

દરેક વ્રતની સ્થિરતા માટે પાંચ પાંચ ભાવનાઓ મળી પચીસ ભાવના થાય છે. ઈર્યા સમિતિ મનોગુપ્તિ, એષણા આદાન નિક્ષેપ સમિતિ અને આલોક્તિપાન ભોજન એ પાંચ પહેલા વ્રતની ભાવનાઓ છે, વિચારપૂર્વક બોલવું ક્રોધ લોભ ભયને હાસ્યથી જુઠું બોલાય છે, માટે તે ચારેનો ત્યાગ કરવા રૂપ બીજા વ્રતની ભાવનાઓ છે, અવગ્રહની યાચના, વારંવાર યાચના, અવગ્રહનું પરિમાણ ધારવું, સાધર્મી પાસે અવગ્રહની માગણી અને ગુરૂની આજ્ઞાપૂર્વક અન્નપાંન વાપરવું એ ત્રીજા વ્રતની ભાવનાઓ છે,

સ્ત્રી પશુનપુંશક રહિત સ્થાને રહેવું સ્રીનાં અંગોપાંગ જોવાનો ત્યાગ, પૂર્વે કરેલી કામ ક્રીડા સંભાળવાનો ત્યાગ, કામોદ્દીપક રસ પાનનો ત્યાગ, મનોજ્ઞને અમનોજ્ઞ સ્પર્શ

રસ, ગંધ, વર્ણ અને શબ્દ ઉપર સમભાવ એ ચોથા વ્રતની ભાવનાઓ છે. રાગદ્વેષ ઉત્પન્ન કરનાર સ્પર્શ રસ, ગંધ, વર્ણ, શબ્દ ઉપર સમભાવ કેળવવો એ પાંચમા વ્રતની ભાવનાઓ છે કુલ પાંચે વતની પચીસ ભાવનાઓ છે. **હિંસા દિષ્વિહા મુત્રચાપાયા** વધ દર્શનમ્ (૪) દુઃખમેવવા (૫) મૈત્રી પ્રમોદ કારૂણ્ય માધ્યસ્થ્યાનિ સત્વ ગુણાધિક ક્લિશ્ય માના વિનેયેષુ ૬ જગત્કાયસ્વભાવૌ ચ સંવેગ વૈરાગ્યર્ધમ્ (૭) હિંસા આદિ દોષથી આ ભવ અને પર-ભવમાં આવી પડેલી આપત્તિ અને અનિષ્ટનું દર્શન કરવું મૈત્રી પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવના અનુ-ક્રમે સર્વ જીવપ્રતિ અધીક ગુણપ્રતિ, દુઃખી પ્રતિ અને અપાત્રપ્રતિ ભાવવી.

જગતની અને કાયાની ક્ષણભંગુરતાનો વિચાર કરી સંવેગ અને વૈરાગ્યનું ચિંતન કરવું. પ્રાણી માત્ર દુઃખ અનુભવે છે જીવન ઝાકળના બિન્દુની માફક અશાશ્વત છે. પ્રત્યેક પદાર્થ નાશવંત છે, આ પ્રકારની વિચારણાથી સંસારમાં આ શક્તિ ઘટે છે અને દૂર પણ થાય છે. સંસાર ભયજનક જણાતાં સંવેગ ઉદ્‌ભવે છે. પ્રમત્ત યોગાત્ પ્રાણા-વ્યપરોપણં હિંસા (૮) અશદભિધાનમન્ તમ્ (૯) અદત્તા-દાનંસ્તેયમ્ (૧૦) મૈથુનમબ્રહ્મ (૧૧) મૂર્છા પરિગહઃ (૧૨) નિઃશલ્યોવ્રતી (૧૩) અગાર્યનગારાશ્કા (૧૪) અણુવ્રતો,ગારી (૧૫) પાંચ પ્રમાદને વશ બની જીવના પ્રાણનો વિયોગ કરવો તે હિંસા છે, પ્રમાદથી જીવને અજીવ બોલવું તે અસત્ય

છે, પ્રમત્તયોગે આપ્યા વિના ગ્રહણ કરવું તે ચોરી છે, મૈથુનસેવન તે અબ્રહ્મ છે. સાધનઆદિમાં મૂર્ચ્છા તે પરિગહ છે. આ પાંચ દોષ વશ જીવ અવિરત છે. શલ્ય દૂર કરી પાંચ વ્રત સ્વિકારનાર વિરત જીવ બે પ્રકારે છે. ઘર બારવાળા શ્રાવક શ્રાવીકા અગારી છે. પાંચ મહાવ્રત પાળનાર અણગારી છે. અગારી પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું એમ પાંચ વ્રત તથા સાત શીલનું યથા શક્તિ પાલન કરે છે. પ્રમત્ત યોગનો ત્યાગ અને તે સાથે પ્રાણ વધનો ત્યાગ કરવા ઉપયોગ રાખવો તે અહિંસા છે, અસત્ ચિંતન અસત્ વચન અને અસત્ આચરણ તે અસત્ય છે સત્વસ્તુનો નિષેધ, સત્વસ્તુને વિપરિત રીતે અજ્ઞાનતરિકે રજુ કરવી આદિ અસત્ય છે. બીજાના મનને દુઃખ કરવાના હેતુથી દુભાષી બોલવું તે નિંદારૂપ અસત્ય છે. તૃણ સમાન તુચ્છ વસ્તુ પણ તેના માલીકની રજા લીધા સિવાય પ્રમાદના યોગથી લેવી તે ચોરી છે. લાલચ દૂર કરી ન્યાય પૂર્વક વસ્તુ મેળવવી તે અચૌર્ય છે. કામરાગના આવેશથી ઉત્પન્ન થતી માનસીક વાંચીકને કાયીક પ્રવૃત્તિ તે મૈથુન છે. અપ્રમત્ત દશામાં મૈથુન પ્રવૃત્તિ થતી નથી એકલા પણ મૈથુન પ્રવૃત્તિ આચરી શકે છે. મૂર્ચ્છામમત્વ તે પરિગહ છે. વસ્તુમાં આશક્તિ તે મૂર્ચ્છા છે. આ શક્તિથી વિવેક ભ્રષ્ટ થવાય છે. કોઈપણ પ્રવૃત્તિ રાગદ્વેષને મોહથી થાય છે. સત્ય ત્રણ છે. ઠગવાની વૃત્તિ તે માયા શલ્ય, ભોગની લાલસા તે નિયાણ શલ્ય અને સત્યની ઉપેક્ષા અને અસત્યનો આગહ તે

મિથ્યાત્વ શલ્ય છે. શલ્યનો ત્યાગ કરવાથી આત્મા નિર્મળ બને છે વ્રતી બે પ્રકારના ઘરબારી અને ઘર વગરના મુનિ મહાત્મા અણગાર કહેવાય છે. જ્યારે બારવ્રત ધરનાર શ્રાવક આગારી છે દિગ્દેશાનર્થદંડ વિરતિ સામાયિક પૌષધોપવાસોપભોગ પરિભોગા તિથિસંવિભાગ વ્રતસંપન્નશ્કા (૧૬) મારણાન્તિકી સંલેષનાં જોષિતા શંકાકાંક્ષા વિચિકિત્સાન્ય દૃષ્ટિ પ્રશંસા સંસ્તવાઃ સમ્યગ્દષ્ટો રતિચારાઃ (૧૭) હુતિચારાઃ (૧૮) વ્રતશીલેષુ પંચ પંચ યથાક્રમમ (૧૯)

પાંચ મહાવ્રત કે પાંચ અણુવ્રત પછી ત્રણ વ્રત અને ચાર શિક્ષાવ્રતનેશીલ કે ઉત્તરવ્રત કહેવાય છે. દીશા પરિમાણ ને દિશિપરિમાણવ્રત કહેવાય છે. તે ઉપરાંત દેશ વિરમણ, અનર્થ દંડવિરમણ, સામાયિક, પૌષધ, ઉપભોગો પરિભોગને અતિથિ સંવિભાગ એ જુદા જુદા વ્રત છે. શંકા કાંક્ષા, વિચિકિત્સા, પ્રશંસા અને સંસ્તવ એ પાંચ સમ્યગ્દર્શનના અતિચાર છે. અતિચારો જાણવાના છે પણ આદરવાના નથી અતિચારવારંવાર કરાય તો અનાચાર થઈ જાય માટે અતિચાર ન સેવાય તેની કાળજી રાખવી. સમકિત મૂળ બાર વ્રતમાં દરેકના પાંચ પાંચ અતિચાર છે. અતીન્દ્રિય પદાર્થોને તર્કની દૃષ્ટિએ કસવાનો પ્રયત્ન ઈષ્ટ નથી તેવી શંકા કરવી તે પહેલો અતિચાર છે, અન્યમતની ઇચ્છા તે કાંક્ષા નામનો બીજો અતિચાર છે. ધર્મકરણીના ફળની ઈચ્છા અથવા સાધુસાધ્વીના મલીન અંગવસ્ત્ર જોઇ

દુગંછા કરવી તે વિચિકિત્સા નામે ત્રીજો અતિચાર છે. મિથ્યા દૃષ્ટિની પ્રશંસા કરવી તે ચોથો અતિચાર છે. અને તેનો પરિચય તે પાંચમો અતિચાર છે. દશે દિશામાં ગમના ગમનનો નિયમ, પરિમાણ કરવું તે દિગ પરિમાણ વ્રત છે. ચૌદ નિયમ ધારવાને સંક્ષેપવાતે દિશ વિરમણ વ્રત છે. પ્રયોજન વગર દંડાવું તે અનથદંડ છે. તેની વિરતિ તે અનર્થ દંડ વિરમણ વ્રત છે. બેઘડી સમભાવ કેળવવો તે સામાયિક વ્રત છે પર્યતિથિએ ઉપવાસ સહિત શરીરની વિભુષા, વ્યાપારને અબ્રહ્મના ત્યાગ કરવારૂપ પૌષધ રાત્રિ દિવસ કરવો તે પૌષધવત છે ભોગ અને ઉપભોગનું પરિમાણ કરવું તે ભોગોપભોગ પરિણામવત છે.

## અતિચાર

**બન્ધ વધચ્છવિચ્છેદાતિ** ભારારોપણ ન્નપાન નિરોધાઃ (૨૦) મિથ્યોપદેશ, રહસ્યાભ્યાખ્યાન કૂટલેખક્રિયા ન્યાસાપહાર સાત્કાર મંત્ર ભેદાઃ (૨૧) સ્તેન પ્રયોગ તદાહૃતા દાન વિરૂદ્ધ રાજ્યાતિક્રમ હિનાધિકમાનોન્માન પ્રતિરૂપ કવ્યવહારઃ (૨૨) પર વિવાહ કરણેત્વર પરિગૃહીતા પરિગૃહિતા ગમનાનંગ ક્રીડા તીવ્રકામાભિનિવેશાઃ (૨૩) ક્ષેત્રવાસ્તુહિરણ્ય સુવર્ણ ધન ધાન્ય દાસી દાસ કુપ્ય પ્રમાણાડતિક્રમાઃ (૨૪) બંધ વધ, છવિચ્છેદ અતિભાર આરોપણ, અન્નપાન વિરોધ એ પહેલા અણુવ્રતના પાંચ અતીચાર ત્યજવા. અસત્ય ઉપદેશ, આળ મુકવી, ખોટા લેખ લખવા, થાપણ ઓળ-

વવી અને ગુપ્ત વાત પ્રકટ કરવી એ બીજા વ્રતના અતિચાર છે. ચોરને મદદ કરવી, તેની વસ્તુ લેવી, દાણચોરી, ખોટાં તોલમાપ રાખવાં, વસ્તુમાં ભેળસેળ કરવી, એ ત્રીજા વ્રતના અતિચારો છે, પારકા વિવાહ કરવા, પરિગૃહિતાગમન અપરિગૃહિતા વિધવા, વેશ્યા, કુમારી સાથે ગમન, અનંગક્રીડા, તીવ્ર કામેચ્છા તે ચોથા વ્રતના અતિચાર છે. ક્ષેત્રવાસ્તુ; સોનું રૂપુ, ધાન્ય, દાસદાસી, વાસણાદિનું પરિમાણ ઉપરાંત રાખવું તે પાંચમા વ્રતના અતિચાર છે.
**ઉર્ધ્વાધિસ્તિર્ય વ્યતિક્રમ્ ક્ષેત્રં** વૃદ્ધિ સ્મૃત્યન્તર્ધાનાનિ. (૨૫) આ નયન પ્રેષ્ય પ્રયોગ શબ્દ રૂપાનુપાત પુદ્ગલક્ષેપાઃ (૨૬) કંદર્પ કૌત્કુચ્ય મૌખર્યાડસમીક્ષ્યાધિકરણાપભોગધિકત્વાનિ (૨૭) યોગ દુષ્પ્રણિધાનાનાદર સ્મૃત્યનુપ સ્થાપના વિ (૨૮) અપ્રત્યવેક્ષિતા પ્રમાર્જિતોત્સર્ગાદાન નિક્ષેપ સંસ્તારોપક્રમણા નાદર સ્મૃત્યનુપસ્થાપનાનિ (૨૯) સચિત સંબદ્ધ સંમિશ્રા ભિષવ દુષ્પકવાહારાઃ (૩૦) સચિત નિક્ષેપપિધાન પરવ્યપદેશમાત્સર્ય કાલાતિક્રમાઃ (૩૧) જીવિત મરણાડશંસા મિત્રાનુરાગ સુખાનુબંધ નિદાન કરણાનિ (૩૨) અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગોદાનમ્ (૩૩) વિધિ દ્રવ્ય દાતૃપાત્ર વિશેષાત દ્વિશેષઃ (૩૪)

ઉર્ધ્વ વ્યતિક્રમ અધો વ્યતિક્રમ, તિર્યંગ્ વ્યતિક્રમ, ક્ષેત્ર વૃદ્ધિ અને સ્મૃત્ય અંતર્ધાન એ પાંચ દિગવિરમણ વ્રતના અતિ ચારો છે ઉંચે નીચે તીર્છા જવાનું પરિમાણ કરતાં વધારે ગયા હોય. એક દિશાનું ઘટાડી બીજી દિશાનું વધારવું

અને પરિમાણ કરેલ ભૂલી જવું. તે અતિચાર છે. આ નયન પ્રયોગ પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત રૂપાનુપાત પુદ્દ્ગલ પ્રક્ષેપ એ પાંચ દેશા વિરમણ વ્રતના અતિચાર છે. નિયમિત ભૂમિથી બહાર વસ્તુ મંગાવવી કે મોકલવી. શબ્દ કરી રૂપ દેખાડી કે કાંકરો ફેંકી પોતાની જાત દેખાડવી તે દેશાવગાસિકવ્રતના અતિચાર છે. આમાં ચોદ નિયમ ધારવાના હોય છે. અથવા દશ સામાયીક કરવાના હોય છે. કંદર્પ કૌકુત્ચ્ય મૌખર્ય અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ એ પાંચ અનર્થદંડ વિરમણ વતના અતિચાર છે. રાગવશ અસભ્ય પરિહાસ, દુષ્ટ ચેષ્ટા, સંબંધ રહિત બકવાદ પાપવાળા સાધનો બીજાને આપવી બીન જરૂરી વસ્તુઓ હદ ઉપરાંત રાખવી તે અનર્થ દંડના અતિચાર છે. મન વચન કાયાથી ખોટું કાર્ય કરવું આદર વગર કરવું, અને પારવાનો ટાઇમ ભુલી જવો એ સામાયક વ્રતના પાંચ અતિચાર છે.

જોયા અને પ્રમાર્જ્યા વિના મળમૂત્ર પરઠવવાં, વસ્તુ લેવી મુકવી, સંથારોને આસન પાથરવો, પર્વતિથીએ પૌષધ ન કરવો અગર ગમે તેમ કરવો અને પૌષધમાં દિવસે સુઇ જવું ક્રિયા ભુલી જવી તે પૌષધ વ્રતના અતિ ચાર છે. સચિત્ત આહાર કરવો બીજવાળાં ફળખાવાં, ખસ ખસકે જીવ મિશ્રીત આહાર કરવો. કાચું પાકું વાપરવું અને માદક દ્રવ્ય વાપરવું એ ભોગોપભોગ વ્રતના

અત્તિચારો છે. આમાં પંદર કર્માદાનના અતિચારો વિશેષ-ગણવા વહોરવાની વસ્તુન દેવી પડે માટે સચિતમાં ઢાંકીને મુકવી સચિત વસ્તુ ઉપર ઢાંકવી. બીજાની કહી ન આપવી. ઇર્ષ્યાપૂર્વક દાન દેવું, આદર વિના આપવું. ગોચરીનો કાળ વિતી ગયા પછી બોલાવવા જવું એ અતિથિ સંવિભાગ અતિચારો છે. બધામાં ન આપવાની બુદ્ધિ છે સુખ આવે જીવીતની ઇચ્છા, દુઃખ આવે મરણની ઇચ્છા, મિત્રાદિ ઉપર સ્નેહબંધન, અનુભવેલ સુખનું સ્મરણ તપ કરી તેના ફળમાં ભોગની ઇચ્છા કરવી એ સંલેખના વ્રતના પાંચ અતિ-ચાર છે. સર્વ સદ્ગુણનું મૂળ દાન છે. ચાર પ્રકારના ધર્મમાં દાન પ્રથમ છે. ન્યાયોપાર્જિત વસ્તુ બીજાને આપવી તે દાન બન્નેને ઉપકારક બન્ને છે. દેનારની મૂર્છા ઘટે છે અને લેનારને સંતોષ થાય છે.

દ્રવ્યક્ષેત્ર કાળ ભાવ વિચારી વિવેકપૂર્વક જિનાજ્ઞા મુજબ આપવું તે વિધિ વિશેષ છે, લેનારને જીવનયાત્રામાં પોષક તે દ્રવ્ય વિશેષ છે, લેનાર પર શ્રદ્ધા આદરભાવ રાખવો અને આપ્યા પછી ખેદ ન કરવો તે દાતાની વિશેષતા છે સત્પુરૂષાર્થ માટે ઉદ્યમશીલ થવું તે પાત્રની વિશેષતા છે.

□

# અધ્યાય આઠમો

## બંધ હેતુને બંધના પ્રકાર

મિથ્યા દર્શનાવિરતિ પ્રમાદ કષાય યોગા બંધ હેતવઃ (૧) સકષાય ત્વાજ્જુવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલાના દત્તે (૨) સબન્ધઃ (૩) પ્રકૃતિ સ્થિત્યનુભાગ પ્રદેશાસ્તદ્વિધયઃ (૪) આદ્યો જ્ઞાન દર્શનાવરણ વેદનીય મોહની આયુષ્કના-મગોત્રાન્તરાયાઃ (૫) પચ નવ દ્વયષ્ટા વિંશતિ ચતુદ્વિ-ચત્વારિંશકદ્વિ પંચ ભેદા યથાક્રમમ (૬) મત્યાદીનામ (૭) ચક્ષુરચક્ષુરવધિ કેવલાનાં નિદ્રા નિદ્રા નિદ્રા પ્રચલા પ્રચલા પ્રચલાસ્ત્યાનગૃદ્ધિ વેદનીયાનિચ (૮) સદસદવેદ્યે (૯) દર્શન ચારિત્ર મોહનીય કષાયનો કષાય વેદનીયાખ્યા સ્ત્રિ દ્વિષોડસ નવ ભેદાઃ સમ્યકત્વ મિથ્યાત્વતદુભયાનિ કષાયનો કષાયા વનન્તાનુબંધ્ય પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાના વરણ સંઘલન વિકલ્પાકૌકશઃ ક્રોધમાન માયાલોભ હસ્ય રત્યરતિ શોકભય જુગુપ્સાસ્કી પુંનપુંશકવેદાઃ (૧૦) નારક તૈર્યગ્યોન માનુષ દેવાનિ (૧૧) ગતિ જાતિ શરીરરાંગોપાંગ નિર્માણ બંધન સંઘાતન સંસ્થાન સંહનન સ્પર્શ રસગંધ વર્ણાનુ પૂર્વ્ય ગુરૂ લઘુપઘાત પરાઘાતા તપોદ્યોતો ચ્છવાસવિહાયોગતયા પ્રત્યેક શરીરત્રસ સુભગ સુસ્વર શુભ સૂક્ષ્મ પર્યાપ્ત સ્થિરા-દેયયશાંસિ સેતરાણિ તીર્થંકૃત્વંચ (૧૨) ઉચ્ચ નીચૈશ્કા (૧૩) દાનાદીનામ્ (૧૪)

મિથ્યાદર્શન, અવિરતિ કષાય પ્રમાદને યોગ એ પાંચ કર્મબંધન હેતુ છે. લોહચુંબક જેમ સોયને ખેંચે છે. તેમ કષાયી જીવ કર્મ યોગ્ય પુદગલને ખેંચી ગ્રહણ કરે છે તેને બંધ કહે છે બંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિ સ્થિતિ રસ અને પ્રદેશ. તેમાં પ્રકૃતિના આઠ ભેદ છે. જ્ઞાનાવરણ દર્શનાવરણ વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્રને અંતરાય એ દરેકના અનુક્રમે પાંચ, નવ, બે અઠ્ઠાવીશ, ચાર બેતાલીશ, બે અને પાંચ એમ કુલ સતાણુ પ્રતિભેદ છે. પ્રકૃતિ એટલે સ્વભાવ, સ્થિતિ એટલે કાળમાન, રસ એટલે ફળાનું ભાવ તીવ્ર મંદપણું અને પ્રદેશ એટલે કર્મનો જથ્થો–દળીયાં. જે કર્મ દ્વારા વિશેષ અને સામાન્ય જ્ઞાન-રોકાયતે જ્ઞાના વરણીયને દર્શનાવરણીય છે. સુખદુઃખનો અનુભવ થાય તે વેદનીય કર્મ છે. જેનાથી આત્મા મોહથી ઘેરાય ઉન્મત બને તે મોહનીય કર્મ છે. જેનાથી જીવ ભવ ધારણ કરે તે આયુ કર્મ છે. જે કારણે ગતિ જાતિ આદિ શરીરની પ્રાપ્તિ થાય તે નામ કર્મ છે, જે કારણે ઉચ્ચ નીચ પણું કહેવાય તે ગોત્ર કર્મ છે. જે કારણે આપવા લેવાદિમાં વિઘ્ન ઉત્પન્ન થાય તે અંતરાયકર્મ છે.

મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનને આવરનાર જ્ઞાનાવરણીયકર્મ પણ પાંચ પ્રકારે છે ચક્ષુ અચક્ષુ અવધિને કેવળ દર્શનાવરણીય એ ચાર તથા પાંચ પ્રકારની નિદ્રા મળી નવ ભેદ દર્શનાવરણીય કર્મના

છે. સુખે જાગે તે નિદ્રા, દુઃખે ઢંઢોળતાં જાગે તે નિદ્રા નિદ્રા, બેઠાં બેઠાં ઉંઘે તે પ્રચલા ચાલતાં ઉંઘે તે પ્રચલા પ્રચલા અને દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઉંઘમાં કરી આવે તે થીણદ્ધિ નિદ્રા છે. આંખથી થતું સામાન્ય જ્ઞાન તે ચક્ષુ-દર્શનાવરણીય, આંખ વિના બીજી ઇંદ્રિયોથી થતું અચક્ષુ-દર્શનાવરણીય રૂપી પદાર્થનું આત્માને પ્રત્યક્ષ થતું સામાન્ય જ્ઞાન તે અવધિદર્શનાવરણીય અને રૂપી અરૂપી સર્વ દ્રવ્ય પર્યાયને અવરોધતું કેવળદર્શનાવરણીય છે. ચાર જ્ઞાનને ત્રણ અજ્ઞાન ક્ષયોપશમ ભાવનાં હોવાથી દરેક જીવને ઓછે વત્તો અંશે થઈ શકે છે. ઉલટા સ્વરૂપે જાણે તે અજ્ઞાન છે. તે ત્રણે પ્રકારે છે મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન, સુખ નો અનુભવ કરાવનાર શાતાવેદનીય છે. દુઃખનો અનુભવ કરાવનાર અશાતા વેદનીય છે.

તત્ત્વના યથાર્થ સ્વરૂપ ઉપર અરૂચી તે મિથ્યાત્વ મોહનીય, રૂચીઅરૂચી મિશ્ર તે મિશ્ર મોહનીયને રૂચી તે સમક્તિ મોહનીય છે. ક્રોધમાન માયાને લોભ જાવજ્જીવ સુધી રહે અને નરકગતિ અપાવે તે અનંતાનુબંધી, બારમાસ સુધી રહે અને તિર્યંચ ગતિ અપાવે તે અપ્રત્યાખ્યાની, ચાર માસ રહેને મનુષ્ય ગતિ અપાવે તે પ્રત્યાખ્યાની અને પંદર દિવસ રહેને દેવગતિ અપાવે તે સંજવલન હાસ્ય ઉત્પન્ન કરનાર હાસ્ય મોહનીય, પ્રીતિ ઉત્પન્ન કરનાર રતિ મોહનીય અપ્રિતિ ઉત્પન્ન કરનાર અરતિમોહનીય, ભય ઉત્પન્ન કરનાર ભય મોહનીયને ઘૃણા ઉત્પન્ન કરનાર જુગુપ્સા મોહનીય,

શોક ઉત્પન્ન કરનાર શોકમોહનીય, સ્રીને પુરૂષ ભોગવવાની ઇચ્છા તે સ્રી વેદ, પુરૂષને સ્રી ભોગવવાની ઇચ્છા તે પુરૂષવેદ બંને ભોગવવાની ઇચ્છા તે નપુંશક વેદ તૃણના અગ્નિ જેવો જલ્દી શમે તે પુરૂષવેદ ભારેલા અગ્નિ જેવો ઘણીવારે શમે તે સ્રી વેદ નગરના દાહ જેવો ભયાનક તે નપુંશક વેદ ત્રણ દર્શન મોહનીય અને સોળ કષાયને નવનો કષાય એ પચીસ ચારિત્ર મોહનીય ના મળી કુલ અઠ્ઠાવીસ ભેદ છે.

જે કર્મના પરિણામે જીવને નરક તિર્યંચ મનુષ્ય અને દેવગતિમાં જન્મ લેવો પડે તે આયુ કર્મ ચાર ગતિના હિસાબે ચાર પ્રકારનું છે. નામની બેતાલીશ પ્રકૃતિ છે. ચૌદ પીંડ પ્રકૃતિ આઠ પ્રત્યેક પ્રકૃતિ દશ ત્રસનાને દશ સ્થાવરના મળી બેતાલીશ ભેદ નામના છે. ચૌદ પીંડ પ્રકૃતિના ઉત્તર ભેદ પંચોતેર છે તે ગણતાં નામ કર્મના એક સો ત્રણ ભેદ થાય છે. દેવ વગેરે ચાર ગતિ, પાંચ જાતિ તે એકેન્દ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચૌરેન્દ્રિયને પંચેન્દ્રિય પાંચ શરીર તે ઔદારિક વૈક્રિય આહારક તૈજસને કાર્મણ ત્રણ ઉપાંગ તે પહેલા ત્રણ શરીરનાં સમજવાં તૈજસ કાર્મણ સૂક્ષ્મ હોઇ પરભવમાં સાથે જાય છે. પાંચ શરીરનાં પંદર બંધને પાંચ શરીર મુજબ પાંચ સંઘાતન છ સંસ્થાન તે શરીરનો આકાર સમચતુંસ્ર, ન્યગ્રોધ સાદિ, વામન, કુબ્જને હુંડક છ સંઘયણ તે વજ્રઋષભ નારાચ,

ઋષભનારાચ નારાચ, અર્ધ નારાચ કીલીકાને છેવઠું એક એકથી હલકું છે, મોક્ષે જવામાં પહેલું સંઘયણ કામ લાગે છે, અવસર પીણીના પહેલા ચાર આરા અને ઉત્સપીર્ણીના છેલ્લા ચાર આરામાં પ્રથમ સંઘયણ હોય છે.

યુગલિકોને પ્રથમ સંઘયણ હોવા છતાં ધર્મ ન હોવાથી મોક્ષ થતો નથી. શરીરના રચના તે નિર્માણ અગુરૂ લઘુ ઉપઘાત પરાઘાતશ્વાસ આતપઉદ્યોત ને તીર્થંકર નામ કર્મ એ આઠ પ્રત્યેક પ્રકૃતિ છે. પાંચ વર્ણ બેગંધ પાંચ રસને આઠ સ્પર્શ એ વર્ણ ચતુષ્ક છે. શુભને અશુભ વિહાયો ગતિ, ને ચાર ગતિમાં લઈ જનારી ચાર આનુપુવી છે, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થીર, શુભ, શુભગ, સુસ્વર આદેય ને યશ એ ત્રશ દશક પુણ્ય કરવાથી મળે છે.

સ્થાવર સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ અસ્થિર અશુભ દુર્ભગ દુસ્વર અનાદેય ને અયશ એ સ્થાવર દશક પાપથી મળે છે ચૌદ પીંડ પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ કેટલીક પુણ્યથી ને કેટલીક પાપથી મળે છે, આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ એકસો અઠ્ઠાવન છે. પરંતુ બંધમાં એકસો વીશ આવે છે, ઉદયમાં એકસો બાવીસને સત્તામાં બધી આવે છે, પાંચ શરીર બંધાય ત્યારે સંઘાતન બંધન સાથે જ ગણતાં વીશ પ્રકૃતિ ઓછી થાય. વર્ણ ગંધરસ સ્પર્શ સામાન્યે બંધાય પણ તેની ઉત્તર પ્રકૃતિ ગણાય નહિ, તેથી સોળ ઓછી થાય અને મિથ્યાત્વ મોહનીય બંધાય. પણ તેનાં અર્ધ શુદ્ધ કરેલ દળીયાં કે

શુદ્ધ કરેલ દળીયાં બંધાય નહિ તેથી બે ઓછી થાય એમ કુલ આડત્રીસ ઓછી થાય એટલે એકસો વીશ બંધાય. ઉદયમાં મિશ્રમોહનીય ને સમક્તિ મોહનીય ગણતાં એકસો બાવીશ થાય, સત્તામાં બંધન પાંચ શરીરનાં પાંચ જ ગણતાં એકસો અડતાલીસ થાય પંચ સંગ્રહકારે એકસો અઠ્ઠાવન ગણી છે.

જે કર્મ પ્રતિષ્ઠિત ઉચ્ચ ગોત્રમાં જન્મ અપાવે તે ઉચ્ચ ગોત્ર અને નિંદનીય ગોત્રમાં જન્મ અપાવે તે નીચ ગોત્ર છે, નરક તિર્યંચ ગતિમાંનીચગોત્ર છે, જ્યારે મનુષ્ય દેવગતિમાં ઉચ્ચ ગોત્ર છે. તિર્યંચ મનુષ્ય અને દેવગતિમાં નીચકુળને ઉત્તમકુળ બન્ને હોય છે, એટલે ગોત્રને કુળ જુદુ લાગે છે. કુળ નામ કર્મની પ્રકૃતિ છે. અંતરાય કર્મ પાંચ પ્રકારનું છે દાનાંતરાય, લાભાંતરાય ભોગાંતરાય ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય દાન દેવાની ઈચ્છા હોય સામે સુપાત્ર હોય દાન દેવા યોગ્ય વસ્તુ હોય છતાં દાન દઈ ન શકે તે દાનાંતરાય કર્મ છે. ગમે તેટલી મહેનત મજુરી કરવા છતાં વસ્તુ મળે નહિ તે લાભાંતરાય છે. ઘરમાં વસ્તુ હોવા છતાં તેનો ભોગવટો કરી શકે નહિ. તે ભોગાંતરાયને ઉપભોગાં તરાય કર્મ છે એકવાર ભોગવાય તે અન્નપાનં વિલેપન વગેરે ભોગ કહેવાય અને વારંવાર ભોગવાય વે આભુષણ વસ્ત્ર સ્ત્રી વગેરે ઉપભોગ કહેવાય, શક્તિ હોવા છતાં ગળીઓ બળદ થઈને બેસી રહે વીર્ય ફોરવી શકે નહિ તે વીર્યાંતરાય કર્મ છે.

પુણ્યની ૪૨ પ્રકૃતિને પાપની ખ્યાશી પ્રકૃતિ છે. શુભ વર્ણ ચતુષ્ક પુણ્યમાં આવે અને અશુભવર્ણ ચતુષ્ક પાપમાં આવે એટલે બન્નેની એકસો વીશને બદલે એકસો ચોવીસ થાય. શાતા વેદનીય, ઉચ્ચગોત્ર, તિરિયાયુ મનુષ્યાયુ ને દેવાયુ શુભ વિહાયોગતિ, મનુષ્ય ગતિને આનુપુર્વી દેવગતિને દેવાનુપુર્વી શુભવર્ણ ચતુષ્ક, પ્રથમ સંઘયણને પ્રથમ સંસ્થાન પંચેન્દ્રિય જાતિ પાંચ શરીર ત્રણ ઉપાંગ ઉપઘાત વિનાની સાત પ્રત્યેક પ્રકૃતિ અને ત્રસ દશક મળી કુલ બેતાલીશ પ્રકૃતિ પુણ્ય યોગે મળે છે. ઘનઘાતી પીસ્તાલીશ પ્રકૃતિ અશાતા નીચગોત્ર નરકાયુ નરક ગતિને આનુપુળી તિર્યંચ ગતિને આનુપુર્વી અશુભ વિહાયો ગતિ પાંચ સંઘયણને પાંચ સંસ્થાન અશુભવર્ણ ચતુષ્ક, સ્થાવર દશકને ઉપઘાન તથા જાતિ ચતુષ્ટ એ ખ્યાશી પાપથી મળે છે.

**આદિતસ્તિતૃણામન્તરાયસ્યચ** ત્રિંશત્સાગરોપમ કોટી કોટ્યઃ પરાસ્થિતિઃ (૧૫) સપ્તતિર્મોહનીયસ્ય (૧૬) નામ ગોત્રયોર્વિંશતિ (૧૭) ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યા યુષ્કસ્ય (૧૮) અપરાદ્વાદશમુહૂર્તા વેદનીયસ્ય (૧૯) નામગોત્રયોરષ્ટૌ (૨૦) શેષાણામન્તર્મુહૂર્તમ્ (૨૧) વિપાકોનુભાવઃ (૨૨) સયથા નામ (૨૩) તતશ્કા નિર્જરા (૨૪) નામ પ્રત્યયાઃ સર્વતો યોગવિશેષાત્ સૂક્ષ્મૈક ક્ષેત્રાવગાઢ સ્થિતાઃ સર્વાત્મ પ્રદેશેષ્વનન્તાનન્ત પ્રદેશાઃ (૨૫) સવેદ્ય સમ્યકત્વ હાસ્ય રતિ પુરૂષ વેદ શુભાયુ નામગોત્રાણિ પુણ્યમ્ (૨૬)

જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદનીય અને અંતરાયની ત્રીશ કોટાકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મોહનીયની સીતેર કોડાકોડી સાગરોપમ છે. નામને ગોત્રની વીશ કોડાકોડી સાગરોપમ છે. આયુની તેત્રીસ સાગરોપમ છે. જઘન્યથી વેદનીયની બાર મુહૂર્ત છે. નામ ગોત્રની આઠ મુહૂર્ત છે. બાકીના કર્મોની અંત-મુહૂર્તની છે કર્મના ફળનો અનુભવ તે વિપાક છે. તે ભોગવાઈ જતાં કર્મ ખરી જાય છે જે કર્મ જે રીતે મંદ કે તીવ્ર બાંધ્યું હોય તે રીતે ભોગવાય છે તે રસ બંધ કહેવાય છે. સર્વ કર્મ અથવા નામ કર્મના નિમિત્તવશ આત્મા સર્વ દિશાથી પણ પોતાની સમીપ રહેલા યોગ-બળની તરતમતાએ તરતમ એક જ ક્ષેત્રમાં અવગાહી રહેલા અનંતાનંત પ્રદેશનાં સૂક્ષ્મ કર્મસ્કંધો સર્વ આત્મપ્રદેશને વિષે બાંધે છે તે પ્રદેશ બંધ કહેવાય છે શાતા વેદનીય સમક્તિ મોહનીય હાસ્ય રતિ પુરૂષવેદ શુભ આયુ નામ-ગોત્ર એ પુણ્ય પ્રકૃતિ છે.

□

# અધ્યાય નવમો

## સંવરનિર્જરાનું સ્વરૂપ

**આશ્રવ નિરોધઃ સંવરઃ** (૧) સગુપ્તિ સમિતિ ધર્માનુપ્રેક્ષા પરિષહ જયચારિત્રઃ (૨) તપસાનિર્જરાચ (૩) સમ્યગયોગ નિગ્રહો ગુપ્તિઃ (૪) ઈર્યાભાષૈષણાદાન નિક્ષેપોત્સર્ગા સમિતયઃ (૫)

આશ્રવનોરોધને સંવર છે. ભાવ સંવરથી ભવોદધિ ત્તરાય છે. ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર એ બધાં સંવરનાં સાધન છે. તપ નિર્જરા તેમજ સંવર બન્નેનું સાધન છે યોગનો સમ્યગ નિગ્રહ તે ગુપ્તિ છે. મન, વચન અને કાયગુપ્તિએ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ મળી આઠ પ્રવચન માતા ગણાય છે. જોઈને જયણાપૂર્વક ચાલવું તે ઈર્યા સમિતિ છે. સત્ય હિતકર પરિમિત પ્રિય સંદેહ રહિત વચન બોલવું તે ભાષા સમિતિ છે. બેતાલીશ દોષ રહિત આહારપાણી લેવાં તે એષણા સમિતિ છે. જયણાપૂર્વક વસ્તુ લેવી મુકવી તે આદાન નિક્ષેપણ સમિતિ છે અને જીવજંતુ રહિત સ્થળે મળમૂત્ર પરઠવવાં તે પરિષ્ઠાપનિકા સમિતિ છે. ગુપ્તિમાં અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ છે જ્યારે સમિતિમાં ફક્ત શુભ પ્રવૃત્તિ છે.

**ઉત્તમઃ** ક્ષમામાર્દવાર્જવ શૌચ સંયમ તપસ્ત્યાગાકિંચન્ય બ્રહ્મચર્યાણિ ધર્મઃ (૬) અનિત્યા શરણ સંસારૈકત્વા

ન્યત્વા શુચિત્વા શ્રવસંવર નિર્જરાલોકબોધિ દુર્લભ ધર્મ સ્વાખ્યાતતત્વાનું ચિંતનમનુપ્રેક્ષાઃ (૭) માર્ગાચ્યવન નિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ (૮) ક્ષુત્‌પિપાસા શીતોષ્ણદંશમશક નાગ્ન્યા રતિ સ્ત્રીચર્યા નિષદ્યા શય્યાક્રોશવધ યાચનાલાભરોગં તૃણ સ્પર્શમલ સત્કાર પુરસ્કાર પ્રજ્ઞા જ્ઞાના દર્શનાનિ (૯) સૂક્ષ્મ સંપરાયર છદ્મસ્થ વીતરાગયો શ્કાતુદશઃ (૧૦) એકાદશજિને (૧૧) બાદર સંપરાયે સર્વે (૧૨) જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને (૧૩) દર્શન મોહાન્તરાયયોર દર્શના લાભૌ (૧૪) ચારિત્રમોહે નાગ્ન્યારતિસ્ત્રી નિષદ્યા ક્રોશયાચનાં સત્કાર પુરસ્કારાઃ (૧૫) વેદનીયેશેષાઃ (૧૬) એકા દયો ભાજ્યા યુગપદેકો ન વિંશતેઃ (૧૭)

યતિધર્મ દશ પ્રકારનો છે. ક્ષમા, નમ્રતા સરળતા, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય બ્રહ્મચર્ય આમાં પાંચ મહાવ્રતનું પાલન ચાર કષાયનો જય અને તપ એ દશે આવી જાય છે. ઉંડા ચિંતનથી રાગદ્વેષ રોકાય છે તે અનુપ્રેક્ષા બાર પ્રકારની છે.

(૧) અનિત્ય=જગતના સર્વ ભાવો અનિત્ય છે. માટે કોઈ પર રાગદ્વેષ કરવો નહિ.

(૨) અશરણ=આ જગત સ્વાર્થમય છે. શરણભૂત ફક્ત જૈન ધર્મ જ છે.

(૩) સંસાર=સંસાર વિચિત્ર છે. માતા મરી સ્ત્રી થાય છે. સ્ત્રી માતા થાય છે. પુત્ર પીતા થાય છે. તે પીતા પુત્ર થાય છે.

(૪) એકત્વ=હું એકલો આવ્યો છું તે એકલો જવાનો છું. બે કંકણ ખખડે છે તો એકલામાંજ મજા છે.

(૫) અન્યત્વ=હું બીજાથી જુદો છે. મારૂં કોઈ નથી દુઃખમાં કોઈ ભાગ પડાવતું નથી.

(૬) અશુચિત્વ=આ શરીરમાં અત્યંત દુર્ગંધી ભરેલી છે. તેની મમતા છોડવી.

(૭) આશ્રવ (૮) સંવર (૯) નિર્જર આ ત્રણે તત્વોનો વિચાર કરવો.

(૧૦) લોકસ્વરૂપ=ચૌદરાજલોકનો વિચાર કરવો.

(૧૨) બોધિદુર્લભ=આર્યકુળ, પંચેન્દ્રિયનીપટુતા, સદ્દગુરૂનો યોગ, તેમના વચન પર શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. (૧૨) ધર્મ ભાવના=ધર્મે જયને પાપેક્ષય ધર્મથી જ સુખ મળે છે જિન ધર્મ જ સર્વોત્કૃષ્ટ છે.

સ્વિકારેલ વ્રત નિયમોથી ચ્યુત ન થવા અને કર્મની નિર્જરા કરવા પરિષહો સહન કરવાના છે. આવા પરિષહો કુલ બાવીસ છે.

૧. ક્ષુધા=ગમે તેટલી ભુખ લાગે તો પણ સદોષ આહાર લેવો નહિ.

૨. પિપાસા=ગમે તેટલી તરસ લાગે તો પણ કાચું પાણી પીવું નહિ.

૩. શીત=ગમે તેટલી ઠંડી પડે તો પણ તાપવું નહિ કે ગાદલામાં સુવું નહિ.

૪. ઉષ્ણ=સખત ગરમી પડે તો પણ વીંજણાથી પવન નાખવો નહિ કે જોડા પહેરવા નહિ.

૫. દંશ=ડાંસ મચ્છર કરડે તો સમભાવે સહન કરવું પણ તેને મારવાના ઉપાય કરવા નહિ,

૬. અચેલક=વસ્ત્રના અભાવે નગ્નતા સહન કરવી પણ જાચ્યા વિનાના વસ્ત્ર વાપરવાં નહિ.

૭. અરતિ=સ્વિકારેલ વ્રત નિયમમાં વિઘ્ન આવતાં કંટાળવું નહિ સમતાથી સહન કરવું

૮. સ્ત્રી=વિજાતિય આકર્ષણથી લલચાવું નહિ. પુરૂ-ષને સ્ત્રીથી અને સ્ત્રીને પુરૂષથી.

૯. ચર્યા=એક સ્થળે નિયત વાસ કરવો નહિ. આઠ મહિના વિહાર કર્યા કરવો.

૧૦. નિષધા=ભય જોઈને ભાગી જવું નહિ. કાઉસ-ગ્ગમાં આસન બદલવું નહિ.

૧૧. શય્યા=સંથારો ખુંચે તો સહન કરવો પણ મુલાયમ શય્યામાં સુવું નહિ.

૧૨. આક્રોશ=કોઈ કઠોર વચન કહે તો સમભાવે સહન કરવા પણ સામું બોલવું નહિ.

૧૩, વધ=કોઈ મારપીટ કરે તો સહન કરવું પણ સામનો કરવો નહિ.

૧૪. યાચના=સાધુને બધી વસ્તુ યાચીને લેવાની હોય છે. માટે યાચના કરતાં શરમાવું નહિ.

૧૫. અલાભ=યાચના કરતાં વસ્તુ ન મળે તો દુઃખી થવું નહિ નભાવી લેવું.

૧૬. રોગ=શરીરમાં રોગ થાય તો દવા કરાવવી નહિ ના છુટકે લેવાય તો ખુશ થવું નહિ.

૧૭. તૃણસ્પર્શ=તૃણ ખુંચે તો સહન કરવું કારણ કે સાધુને ગરમ કામળી સંથારો વાપરવાનો છે.

૧૮. મલ=પરસેવાથી મેલ થાય તો સ્નાનની ઈચ્છા કરવી નહિ. સાધુ મેલા સારા કપડાંનાં કાપ મહીને કાઢવાનો હોય છે.

૧૯. સત્કાર=કોઈ સત્કાર સન્માન કરે તો ફુલાઈ ન જવું ધર્મમાં દૃઢ રહેવું.

૨૦. પ્રજ્ઞા=બુદ્ધિસારી હોવાથી તેનો ગર્વ કરવો નહિ. ઉંચાનો આદર્શ લેવો.

૨૧. અજ્ઞાન=જ્ઞાન ચઢતું ન હોય તો ખેદ કરવો નહિ. પ્રયત્ન કર્યા કરવો.

૨૨. સમ્યકત્વ=અતિન્દ્રિય પદાર્થો કે સૂક્ષ્મ બાબતમાં સમજણ ન પડે તો પણ જિનેશ્વરે ભાખ્યું તે સાચું નિઃશંક રીતે માનવું.

મોહનીય કર્મના ઉદયથી આઠ પરિષહ હોય છે. દર્શન મોહ નગ્નનત્વ અરતિ, સ્ત્રી નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર જ્ઞાનાવરણીયના ઉદયથી પ્રજ્ઞા અને અજ્ઞાન બે પરિષહ હોય છે. અંતરાય કર્મના ઉદયથી અલાભ પરિષહ હોય છે. શીત ઉષ્ણુ ક્ષુધા પિપાસા દંશ મશકશય્યા, ચર્યા, વધ, રોગ તૃહાસ્પર્શ અને મલ એ અગ્યાર પરિષહ કેવળીને પણ હોય છે. નવમા ગુણઠાણા સુધી બધા પરિષહો હોય છે. દશમે મોહનીયના આઠ જતાં ચૌદ હોય છે. કેવળીજિનને અગ્યાર પરિષહ હોય છે. એક સાથે જીવને વધારેમાં વધારે ઓગણીશ પરિષહ હોય છે. ઉષ્ણુ કે શીતમાંથી એક હોય અને નિષદ્યા ચર્યા કે શય્યામાંથી એક હોય. એટલે ત્રણ વિના ૧૯ હોય **સામાયિકછેદોપસ્થાપ્ય** પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મ સંપરાય યથાખ્યાતાનિ ચારિત્રમ્ (૧૮) અનશનાવ મૌહુર્યવૃત્તિ પરિસંખ્યાન રસ પરિત્યાગ વિધિક્ત શય્યાસન કાયકલેખા બાહ્યંતપઃ (૧૯) પ્રાયશ્ચિત વિનય વૈયાવૃત્ય સ્વાધ્યાય વ્યુતસર્ગ ધ્યાના ન્યુત્તરમ્ (૨૦) સામાચીક છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાતએ પાંચ ચારિત્ર છે.

બે ઘડી સમભાવમાં રહેવું તે પહેલું સામાયીક ચારિત્ર સાધુને જાવજીવનું હોય છે. પ્રથમ કાચી દીક્ષા આપ્યા બાદ ફરી વડી દિક્ષા આપે ત્યારે પૂર્વ પર્યાયનો છેદ કરી નવેસરથી મહાવ્રત ઉચ્ચરાવે તે છેદોપસ્થાનીય જેમાં તપ વિશેષ કરવાનું હોય તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર પ્રથમ

સંઘયણવાળાને જ હોય નવજણનો ગચ્છ નીકળે તેમાં એક આચાર્ય બને ચાર તપ કરેને ચાર તેની વૈયાવચ્ચ કરે છ માસ પછી તપ કરનારા વૈયાંવચ્ચ કરે ને વૈયાવચ્ચ કરનારા તપ કરે છ માસ પછી આચાર્ય તપ કરે બીજા આઠમાંથી એક આચાર્ય બને અને શાત જણા વૈયાવચ્ચ કરે અઢાર માસે ફરી ગચ્છમાં આવી જાય સામાયીકને છેદોપસ્થાપનીય ચારિત્ર ૬થી૯ ગુણઠાણા સુધી હોય પરિહાર વિશુદ્ધિ છઠ્ઠે સાતમે હોય-સૂક્ષ્મ સંપરાય દશમે ગુણઠાણે હોય ત્યાં લોભના અંશ બાકી રહે તે ખપાવી બારમે આવે અગ્યારથી ચૌદ ગુણઠાણા સુધી નિરતિચાર ચારિત્ર જેવું તીર્થંકરે કહ્યું તેવું યથાખ્યાત હોય. છ બાહ્ય ને છ અભ્યંતર એ બારતપના ભેદ છે. અનશન=નખાવું, ઉણોદરી=ઓછું ખાવું વૃત્તિ સંક્ષેપ=ઓછી ચીજ ખાળી, રસત્યાગ=દુધદહી ઘી તેલ ગોળ ને પકવાનમાંથી રોજ એક વિગયનો અવશ્ય ત્યાગ કરવો-કાયકલેશ-શરીરને કષ્ટ આપવા ખમાસમણ દેવાં, લોચ કરાવવો, વિહાર કરવો વગેરે-સંલીનતા=અંગોપાંગ સંકોચીને રહેવું. આ બાહ્ય તપ બહારથી જણાઈ આવે છે, પ્રાયચ્છિત, વિનય, વૈયાવચ્ચ સ્વાધ્યાય, ધ્યાન, અનેકાયોત્સર્ગ એ છ અભ્યંતર તપ કર્મનો વિશેષ ક્ષય કરવા માટે ઉપયોગી છે, **નવચતુર્દશ પંચદ્વિ ભેદ યથાક્રમમ્ પ્રાગ્ધ્યાનાત્** (૨૧) આલોચન પ્રતિક્રમણ તદુભય વિવેક વ્યુતસર્ગતપચ્છેદ પરિહારો પસ્થાપનાનિ (૨૨) જ્ઞાન દર્શન ચારિત્રોપચારાઃ (૨૩) આચાર્યોપાધ્યાય તપસ્વિ શૈક્ષક

ગ્લાનગણુકુલ સંઘ સાધુસમનોજ્ઞામ્ (૨૪) વાચનાપૃચ્છના નુપ્રેક્ષામ્નાય ધર્મોપદેશાઃ (૨૫) બાહ્યાભ્યંતરોપધ્યોઃ (૨૬)

પ્રાયશ્ચિત નવ પ્રકારે છે. વિનય ચાર પ્રકારે છે વૈયાવચ્ચ દશ પ્રકારે છે સ્વાધ્યાય પાંચ પ્રકારે છે, વ્યુત્સર્ગ બે પ્રકારે છે બાહ્યને અભ્યંતર—ધ્યાન ચાર પ્રકારે છે છેલ્લાં બે મોક્ષના હેતુ રૂપ છે.

**ઉત્તમ સંહન** નસ્યૈકાગ્ર ચિંતા નિરોધધ્યાનમ્ (૨૭) આમુહૂર્તાત (૨૮) આર્તરૌદ્ર ધર્મ શુકલાનિ, (૨૯) પરે-મોક્ષ હેતુ (૩૦)

૧. આલોચન=ગુરૂ સમક્ષ ભૂલો જાહેર કરી શુદ્ધ થયું તે.

૨. પ્રતિક્રમણ=થએલ ભૂલનો પશ્ચાતાપ કરી ફરી ન થાય તેવી કાળજી.

૩. તદુભય=આલોચના અને પ્રતિક્રમણ સાથે કરવાં તે તદુભય.

૪. વિવેક=આવેલ અકલ્પનીય વસ્તુ માલમ પડતાં તેનો ત્યાગ કરવો.

૫. વ્યુતસર્ગ=એકાગ્રતાથી શરીરને વચન વ્યાપારનો ત્યાગ કરવો.

૬. તપ=અનશનાદિ બાહ્ય તપ કરવો.

૭. છેદ=દોષ લાગતાં પૂર્વ પર્યાયનો છેદ કરી ફરી ચારિત્ર લેવું.

૮. પરિહાર=દોષિત વ્યક્તિનો દોષના પ્રમાણમાં સંસર્ગ ત્યાગ કરવો.

૯. ઉપસ્થાપન=મહાવ્રતનું ખંડન થતાં ફરી વ્રતનું આરોપણ કરવું.

તેના ત્રણ ભેદ છે મૂળ, અનપસ્થાપ્ય અને પારાંચિક

૧. જ્ઞાન મેળવવું ટકાવવું અને બહુમાન રાખવું તે જ્ઞાન વિનય છે.

૨. દર્શનથી ચલિત ન થવું, શંકાનું નિરાકરણ મેળવી નિઃશંક બનવું.

૩. સામાયિક અને ચારિત્રમાં ચિત્તનું સમાધાન રાખવું તે ચારિત્ર વિનય તે દર્શન વિનય છે.

૪. સદ્ગુણી અને શ્રેષ્ટ પ્રતિયોગ્ય વિનય રાખવો તે ઉપચાર વિનય છે.

દશ જણની વૈયાવચ્ચ કરવી તે વૈયાવચ્ચના દશ ભેદ

૧. જેનું કાર્ય વ્રત અને આચાર આપવાનું છે તે આચાર્ય.

૨. જેનું કાર્ય શ્રુતાભ્યાસ કરાવવાનું છે તે ઉપાધ્યાય.

૩. જે ઉગ્ર તપ કરે તે તપસ્વી

૪. શૈક્ષક નવા દિક્ષીતને સંયમમાં ટકાવવા તેની વૈયાવચ્ચ કરવી.

૫. એક આચાર્યનો શિષ્ય સમુદાય તે કુળ.

૬. જુદા જુદા આચાર્યોના સમાન વાચનાવાળા સહાધ્યાઈ તે.

૭. ધર્મનો અનુયાયી તે સંઘ ચાર પ્રકારનો સાધુ સાધ્વી શ્રાવક શ્રવીકા.

૮. સાધુ=પ્રવજ્યા ગ્રહણ કરેલ પંચ મહાવ્રતધારી સાધુ

૯. ગ્લાન=માંદા, રોગી, ઘરડાની વૈયાવચ્ચ કરવી.

૧૦. સમનોજ્ઞ=જ્ઞાનાદિગુણમાં સમાન હોય તેની વૈયાવચ્ચ કરવી.

સેવા ભક્તિ પાંચ પ્રકારે થાય. શરીર શુશ્રુષા પગ ચંપી વગેરે —

હૃદયમાં પ્રેમ બહુમાન, ગુણની પ્રશંસા, અવગુણો ઢાંકવા અને આશા તનાનો ત્યાગ. સ્વાધ્યાય પાંચ પ્રકારે છે. મૂળપાઠ લેવા તે વાચના, શંકા જિજ્ઞાસાથી પુછવું તે પૃચ્છના વાદંવાર યાદ કરવું. તે પરાવર્તના, માનસીક ચિંતન તે અનુપ્રેક્ષા અને ધર્મોપદેશ કરવો. એ પાંચ પ્રકારે સ્વાધ્યાય છે. પ્રથમ ત્રણ સંઘયણધારી જીવની મન વચન ને કાયાની એક વિષયમાં એકાગ્રતા તે ધ્યાન છે તેની સ્થિતિ અંતર્મુહુર્તની છે પહેલાં બે આર્તને રૌદ્રધ્યાન સંસારના હેતુ છે. છેલ્લાં બે મોક્ષના હેતુ છે.

**આર્તમ** મનોજ્ઞાનં સંપ્રયોગેતિદ્ધિપ્રયોગાયસ્મૃતિસમન્વા હારઃ (૩૧) વેદનાયાશ્કા (૩૨) વિપરીતમનોજ્ઞાનામ્ (૩૩) નિદાનંચ (૩૪) તદવિરત દેશ વિરતપ્રમત સંયતાનામ્ (૩૫) હિંસા નૃતસ્તેય વિષય સંરક્ષણેભ્યો રૌદ્રમ વિરતદેશ વિરતયોઃ (૩૬) આજ્ઞાપાય વિપાક સંસ્થાન વિચયાય ધર્મમ પ્રયતસંયતસ્ય (૩૭) ઉપશાંતક્ષીણ કષાયયોશ્કા (૩૮) શુકલે ચાદ્યેપૂર્વવિદઃ (૩૯) પરેકેવલિનઃ (૪૦) પૃથકત્વ વિતર્ક સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ વ્યુપરત ક્રિયા નિવૃત્તીનિ (૪૧) તત્ત્યેક કાયયોગાયોગાનામ્ (૪૨) એકાશ્રયેસવિકકેપૂર્વે, (૪૩) અવિચારે દ્વિતીયમ્ (૪૫) વિતર્કઃ શ્રુતમ્ (૪૫) વિચારો ર્થવ્યંજનયોગશંક્રાન્તિઃ (૪૬) સમ્યગ્દષ્ટિ વિરતાનન્તવિયોજક દર્શનમોહક્ષયકોપશમકોપશાન્ત મોહક્ષપક ક્ષીણમોહજિનાઃ ક્રમશક સંખ્યેયગુણ નિર્જરાઃ (૪૭) પુલાક બકુલ કુશીલ નિર્ગ્રંથ સ્નાતકા નિર્ગ્રંથાઃ (૪૮) સંયમશ્રુત પ્રતિસેવના તીર્થ લિંગ લેશ્યોપપાતસ્થાન વિકલ્પતઃ સાધ્યાઃ (૪૯)

અપ્રિય વસ્તુ દૂર કરવાની ઇષ્ટ વસ્તુ મેળવવાની, રોગની અને અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિની તીવ્ર અભિલાષા એ ચાર આર્ત ધ્યાન છે. તે પહેલા છ ગુણઠાણામાં હીન હીનતર યોગમાં પ્રવર્તે છે. હિંસા, અસત્ય, ચોરી, અને વિષય સંરક્ષણએ ચારની સતત ચિંતા એ ચાર પ્રકારનાં રૌદ્રધ્યાન પહેલાં પાંચ ગુણઠાણા સુધી હોય છે. આજ્ઞા, અપાય વિપાક અને સંસ્થાન એ ચાર ધર્મધ્યાન છે. તે છઠ્ઠાથી બારમા સુધી હોય છે. ધર્મધ્યાન કર્મ પાશને

છેદનાર છે. શુક્લ ધ્યાનના પહેલા બે ભેદ પૂર્વધરને અને છેલ્લા બે ભેદ કેવળીને હોય છે. પૃથક્ત્વ વિતર્ક સવિચાર સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી અને વ્યુપરત ક્રિયા નિવૃત્તિએ ચાર પ્રકારે શુકલ ધ્યાન છે. આચાર શુક્લ ધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળા, ગમે તે એક યોગવાળા, સૂક્ષ્મ કાયયોગવાળા અને અયોગીને હોય છે. પહેલાં બે સ્વાવલંબી સવિતર્ક હોય છે. તેમાં પહેલું સવિચારને બીજું અવિચાર હોય છે, અને તે પૂર્વધરને હોય છે વિતર્ક શબ્દથી શ્રુત ભણવું અને તેનો વિચાર કરવો વિચાર શબ્દથી શબ્દ અર્થવ્યંજન અને યોગ આદિની સંક્રાન્તિ સમજવાની છે. છેલ્લાં બે કેવળીને હોય છે.

સમક્તિ ધારી, શ્રાવક વિરત, અનંતાનુબંધી વિયોજક દર્શન મોહક્ષપક, ઉપશમક, ઉપશાંતમોહ, ક્ષપક, ક્ષીણમોહ, અને જિન એ દશ અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યેગુણ અધિક નિર્જરાવાળા હોય છે.

પુલાક બકુશ કુશીલ નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રંથના ભેદ છે.સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લીંગ, લેશ્યા ઉપપાત, અને સ્થાન એ દરેક પ્રકારે નિર્ગંથ વિચારવા યોગ્ય છે–

ધાર્મિક વિષયમાં સર્વજ્ઞ વીતરાગની આજ્ઞાના ચિંતનમાં મનોયોગની પ્રવૃત્તિ તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

દોષના સ્વરૂપ અને તેની નિવૃત્તિ અંગે મનોયોગની પ્રવૃત્તિ તે અપાય વિચય ધર્મધ્યાન છે.

અનુભવાતા કર્મ વિપાકના કારણો શોધવાની મનો-યોગની પ્રવૃત્તિ તે વિપાક વિચય ધર્મધ્યાન છે.

લોકસ્વરૂપના ચિંતનમાં મનોયોગની પ્રવૃત્તિ તે સંસ્થા વિચય ધર્મધ્યાન છે. આ ધર્મધ્યાન સાતમાથી બારમા ગુણઠાણા સુધી હોય છે. શુકલ ધ્યાનના પહેલા બે ભેદ અગ્યારમાને બારમા ગુણઠાણે વર્તતા પૂર્વધરને હોય મારૂદેવી માતા અને માસતુષ આદિ મુનિઓ પૂર્વધર નહોતા તેમને જે ધ્યાનની શ્રેણી હતી તે પણ શુકલધ્યાનમાં ગણવી જોઈએ. આ બે શુકલ ધ્યાનની પરાકાષ્ટા થતાં કેવળ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. યોગની દૃષ્ટિએ વિચારતાં પણ ત્રણ યોગવાળાને પહેલું શુકલધ્યાન ત્રણમાંથી ગમે તે એક યોગવાળાને બીજું શુકલધ્યાન માત્ર સૂક્ષ્મ કાયયોગવાળાને ત્રીજું શુકલધ્યાન અને અયોગીને ચોથું શુકલધ્યાન હોય છે. બારમા ગુણઠાણાના અંતે કેવળજ્ઞાન થાય છે અને તેરમા ગુણસ્થાનકમાં કેવળજ્ઞાન હોય છે. આ વિહરમાન સર્વજ્ઞ દશામાં ધ્યાનાંતરિકા દશા ગણી ધ્યાન સ્વીકારવામાં આવતું નથી. ધ્યાનની કાળમર્યાદા અંતર્મુહૂર્તની છે. છદ્મસ્થની સ્થિતિ તેથી વધારે ટકાવી મુશ્કેલ છે. સામાન્યતઃ ધ્યાનમાં દ્રવ્યના કોઈ પર્યાયનું અવલંબન હોય છે. કારણ કે દ્રવ્યનું ચિંતન પર્યાય વિના શકય નથી.

શુકલધ્યાનનાં પહેલાં બેધ્યાન પૂર્વધર શરૂ કરે છે. તે શ્રુતજ્ઞાન સહિત હોઇ સવિતર્ક કહેવાય છે. આ બેધ્યાન સમાન દેખાવા છતાં તેમાં ભેદ છે પહેલામાં ભેદ દૃષ્ટિ અને બીજામાં અભેદ દૃષ્ટિ પ્રધાન છે. પહેલામાં વિચાર સંક્રમણ છે અને બીજામાં વિચારને સ્થાન જ નથી. ધ્યાની પૂર્વધર હોય તો પૂર્વગત શ્રુતના આધારે અને પૂર્વધર ન હોય તો સંભવિત શ્રુતના આધારે કોઈપણ પરમાણુ સ્કંધ યા ચેતનરૂપ દ્રવ્યમાં ઉત્પત્તિ સ્થિતિ અને લયરૂપ ત્રીપદી અથવા મૂર્તત્વ યા અમૂર્તત્વ આદિ અનેક પર્યાયોનું દ્રવ્યાર્થીક અને પર્યાર્યાર્થિક નયદ્વારા ભેદપ્રધાન ચિંતન શરૂ કરે છે. એક દ્રવ્ય રૂપ અર્થ પરથી બીજા પર્યાયરૂપ અર્થપર ચિંતન શરૂ કરે છે. તેજ રીતે શબ્દ પર ચિંતન આરંભે છે. આમ આગળ વધતાં મન આદિ ત્રણ યોગમાંનો કોઈપણ એક યોગ તજી બાકીના અન્ય યોગોનું આલંબન લઈ ધ્યાન કરતાં તે પૃથકત્વવિર્તકસ પ્રવિચાર શુકલધ્યાન થાય છે. આ ધ્યાનમાં શ્રુતજ્ઞાનનું તે ઉપરાંત સચિત યા અચિત પર્યાયોનું તેના ભેદોનું વિવિધ દૃષ્ટિએ ચિંતન થાય છે. અથવા શ્રુતજ્ઞાનનું આલંબન લઈ એક શબ્દ પરથી બીજા શબ્દ પર એક અર્થ પરથી બીજા અર્થ પર, અર્થ પરથી શબ્દ પર અને એક યોગ પરથી બીજા યોગ પર સંક્રમણ થાય છે. બીજા પાયામાં ધ્યાની પોતાના સંભવિત શ્રુતના આધારે કોઈ એક પર્યાયરૂપ અર્થ લઈ તેના પર એકત્વ—અભેદપ્રધાન

ચિંતન કરે અને મન વચન કાયરૂપ ત્રણમાંના કોઈપણ એક પર નિશ્ચલ રહી શબ્દ અને અર્થનું ચિંતન કરે છે અને ભિન્ન ભિન્ન યોગમાં સંક્રમણ ન કરે ત્યારે તે એકત્વ વિતર્ક અવિચાર શુકલધ્યાન થાય છે.

આમાં પણ શ્રુતજ્ઞાનનું આલંબન છે પરંતુ તેમાં અભેદ દૃષ્ટિનું ચિંતન છે તેના અર્થ શબ્દ કે યોગ આદિનું સંક્રમણ નથી. આમ પહેલા ભેદ પ્રધાન ધ્યાનથી અભ્યાસ શરૂ થાય છે અને તે દૃઢ થયા પછી અભેદ ધ્યાનની યોગ્યતા મેળવાય છે. પહેલામાં દૃષ્ટિ અસ્થિર છે. તે બીજામાં સ્થીર કરવી પડે છે. આમ સ્થિરતા પ્રાપ્ત થતાં મન સર્વ શાંત પડી જાય છે. ચંચળતા દૂર થાય છે અને મન નિષ્પ્રકંપ બને છે અને ઘાતીકર્મના આવરણ દૂર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. તેરમા ગુણસ્થાનકના અંતે માનસિક વાચિક અને કાયયોગનો નિરોધ શરૂ થાય છે પ્રથમ સ્થૂલ કાયયોગનો નિરોધ કરી સૂક્ષ્મકાય યોગની હસ્તિમાં બાકીના યોગને રોકે છે. ત્યારે સુક્ષ્મ ક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુકલ ધ્યાન હોય છે. તે ધ્યાનમાં માત્ર શ્વાસોચ્છવાસ રૂપ સૂક્ષ્મક્રિયા હોય છે. આત્માનું પતન હોતું નથી તેથી આ ધ્યાન અપ્રતિપાતી ગણાય છે. ચૌદમાં ગુણસ્થાનની અયોગી અવસ્થામાં શ્વાસોચ્છવાસ આદિ સૂક્ષ્મ-ક્રિયા પણ બંધ થાય છે. અને આત્મ પ્રદેશ સર્વથા નિષ્પ્રકંપ બને છે. ત્યારે શૈલેશી કરણ સહિત વ્યુપરત ક્રિયા નિવૃત્તિ

રૂપ ચોથું શુકલધ્યાન હોય છે. આ બેધ્યાન છદ્મસ્થના ધ્યાન માફક ચિંતા નિરોધ રૂપ નથી પરંતુ કાયપ્રદેશની નિષ્પ્રકંપતારૂપ છે. સ્થૂળકાય યોગનો આશ્રય લઈ વચન અને મનના સ્થૂળયોગને સૂક્ષ્મ બનાવાય છે. વચન અને મનના સૂક્ષ્મયોગનો આશ્રય લઈ શરીરના સ્થૂળ યોગને સૂક્ષ્મ બનાવાય છે. શરીરના સૂક્ષ્મયોગનો આશ્રય લઈ વચનને મનના સૂક્ષ્મયોગનો નિરોધ કરાય છે પછી સૂક્ષ્મ કાયયોગનો નિરોધ થાય છે.

આમ થતાં શરીરના શ્વાસોચ્છવાસની સૂક્ષ્મક્રિયા પણ બંધ થાય છે તેથી આત્મપ્રદેશ સંપૂર્ણતઃ નિષ્પ્રકંપ બને છે. આ અવસ્થા શૈલેશી કરણને ચોથું શુકલધ્યાન કહેવાય છે. આ ચોથા ધ્યાનના પ્રભાવે સર્વ આશ્રવ બંધ આદિનો નિરોધ થાય છે પરિણામે બાકીના અઘાતી કર્મ-પણ ક્ષીણ થાય છે અને જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.

નિર્જરામાં કર્મનો અંશતઃ નાશ થાય છે. મોક્ષમાં સર્વથા નાશ થાય છે સંસારી સર્વ જીવમાં નિર્જરાનો ક્રમ ચાલુ હોય છે. પરંતુ તે સાથે ત્યાં કર્મ પણ બંધાય છે. અહિં જે નિર્જરાનો વિચાર છે તે મોક્ષાભિમુખનો સમ્યગ્દૃષ્ટિથી મોક્ષાભિમુખતા શરૂ થઈ સર્વજ્ઞતામાં તે પુરી થાય છે. તે વચ્ચેના દશ ભાગ પાડયા છે તેમાં ઉત્તરોત્તર અસંખ્ય ગુણ નિર્જરા થાય છે. પહેલી સમ્યગ્દૃષ્ટિની બીજી શ્રાવકની અને ત્રીજી સર્વ વિરતીની ચોથી અનંતાનુબંધી

કષાયના ક્ષયની પાંચમી દર્શન મોહક્ષપકની છઠ્ઠી ઉપશમકની સાતમી ઉપશાંત મોહની, આઠમી ક્ષપકની નવમી ક્ષીણ મોહની અને દશમી સર્વજ્ઞ જિનની. આમાં ચારથી તેર ગુણઠાણાં આવે છે. રાગદ્વેષની ગાંઠ જેને નથી તે નિર્ગ્રંથ કહેવાય છે. પુલાકબકુશકુશીલ નિર્ગ્રંથને સ્નાતક એ પાંચમાં પ્રથમના ત્રણ વ્યવહારીકને પછીના બે તાત્ત્વીક અર્થ સંપન્ન છે. મૂળગુણને ઉત્તર ગુણમાં પૂર્ણતા પ્રાપ્ત ન થવા છતાં વીતરાગ પ્રણીત આગમથી ચલિત ન થનાર પુલાક એટલે નિઃસાર ધાન્ય જેવા છે, શરીર અને ઉપકરણ સંસ્કાર કરનાર ઋદ્ધિ સિદ્ધિને ચાહનાર, કીર્તિના અર્થી સુખશીલ અને પરિવારવાળા છેદ પર્યાયવાળા અને અતિચાર દોષયુક્ત બકુશ કહેવાય છે.

કુશીલના બે ભેદ છે. ઈન્દ્રિય વશ બની ઉત્તર ગુણની વિરાધના કરવા છતાં મૂળ ગુણને સાચવે છે તે પ્રતિસેવના કુશીલ કહેવાય છે. અને જે તીવ્ર કષાયને વશ ન થતાં સૂક્ષ્મ કષાયને વશ થાય છે તે કષાય કુશીલ કહેવાય છે. રાગદ્વેષના આત્યંતિક અભાવે અંતર્મુહૂર્તમાં જેને સર્વજ્ઞ પણું પ્રગટ થવાનું છે. તે નિર્ગ્રંથ કહેવાય છે. અને સર્વજ્ઞપણું જેને પ્રાપ્ત થયું છે. તેને સ્નાતક કહેવાય છે.

૧ પુલાક બકુશ અને પ્રતિસેવના કુશીલ સામાયીકને છેદોપસ્થાપનિય બે સંયમમાં હોય છે એટલે છઠ્ઠું ને સાતમું ગુણઠાણું તેને હોય છે કષાય કુશિલને છથી દશ

ગુણઠાણાં હોય છે. ચાર સંયમ હોય છે નિર્ગ્રંથ અને સ્નાતક બન્ને યથાખ્યાત સંયમી હોય છે.

૨ પુલાક બકુશને પ્રતિસેવના કુશીલ ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર હોય છે કષાય કુશીલને નિર્ગ્રંથ ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વધર હોય છે. પુલાક જઘન્યથી નવમા પૂર્વના ત્રણ પ્રકાર આચાર સુધી જાણે. બકુશ કુશીલને નિર્ગ્રંથને જઘન્યથી અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન હોય છે. સ્નાતકશ્રુત વગરના સર્વજ્ઞ છે.

૩ પુલાક મહાવ્રતોનું ખંડન અન્યના આગ્રહથી બળાત્કાર પ્રસંગે કરે છે ઉપકરણનો સંગ્રહ કરનાર ઉપકરણ બકુશ છે, અને શરીરની શોભા કરનાર શરીર બકુશ છે. પ્રતિસેવના કુશીલ ઉત્તર ગુણની વિરાધના કરે છે જ્યારે કષાય કુશીલ નિર્ગંથને સ્નાતક વિરાધના કરતા જ નથી.

૪ સર્વ તીર્થંકરના શાસનમાં પાંચે પ્રકારના નિર્ગંથ હોય છે. પુલાક બકુશને પ્રતિસેવના કુશીલ એ ત્રણ નિત્ય તીર્થમાં હોય છે. કષાય કુશીલ નિર્ગંથ અને સ્નાતક તીર્થ અને અતીર્થમાં પણ હોય છે.

૫ પુલાકમાં છેલ્લી ત્રણ લેશ્યા હોય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલમાં છએ લેશ્યા હોય છે. કષાય કુશીલ પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા હોય તો છેલ્લી ત્રણ લેશ્યા હોય અને સૂક્ષ્મ સંપરાયી હોય તો શુકલ લેશ્યાવાળા હોય નિર્ગંથને સ્નાતક શુકલ લેશ્યાવાળા હોય અયોગી સ્નાતક અલેશી હોય.

૬ પુલાક આદિ ચારનો ઉપપાત જઘન્યથી સૌધર્મ કલ્પમાં પલ્યોપમ પૃથકત્વ સ્થિતિવાળા દેવ સુધી હોય છે. ઉત્કૃષ્ટથી પુલાક આઠમા દેવલોક જાય છે. બકુશને પ્રતિસેવના કુશીલ બારમા દેવલોક સુધી જાય છે. કષાય કુશીલ અને નિર્ગ્રંથો સર્વાર્થ સિદ્ધમાં તે ત્રીસ સાગરોપમે ઉપજે છે સ્નાતકતો મોક્ષે જ જાય છે.

૭ પુલાક અને કષાય કુશીલના સંયમ સ્થાન જઘન્ય છે. એ બન્ને અસંખ્યાત સંયમ સ્થાન સુધી આગળ વધે છે. ત્યાં પુલાક અટકી જાય છે અને કષાય કુશીલ અસંખ્ય સંયમ આગળ વધે છે ત્યાંથી બકુશ પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ અસંખ્ય સંયમ સ્થાન સુધી આગળ વધે છે. અને બકુશ પ્રતિસેવના કુશીલ અટકી જાય છે. પછી અસંખ્યાત સંયમ સ્થાન સુધી અંતિમ કષાય નિમિત્તક સંયમ સ્થાને આગળ વધી કષાય કુશીલ અટકી જાય છે. અહિંથી યોગ નિમિત્તક સંયમ સ્થાન શરૂ થાય છે. ત્યાંથી આગળ અસંખ્યાત સ્થાન સુધી નિર્ગ્રંથ પ્રગતિ કરે છે. અને અટકી જાય છે. અંતે અંતિમ યોગ નિમિત્તક સંયમ સ્થાન જે સર્વોપરીને સ્થિર સંયમરૂપ છે તે અહિં શરૂ થાય છે અને વિરામ પામે છે તેનું સેવન કરી સ્નાતક નિર્વાણ મેળવે છે.

□

# દશમો અધ્યાય

## મોક્ષનું સ્વરૂપ

**મોહક્ષયા જ જ્ઞાન** દર્શનાવરણાન્તરાય ક્ષયાચ્ચ કેવલમ્ (૧) બંધ હેત્વભાવે નિર્જરાભ્યામ્ (૨) કૃત્સ્ન કર્મ ક્ષયો મોક્ષઃ (૩) ઔપશમિકાદિ ભવ્યત્વા ભાવાચ્ચાં ન્યત્ર કેવળ સમ્યકત્વ જ્ઞાન દર્શન સિદ્ધત્વેભ્યઃ (૪) તદ્દનન્તર મૂર્ધ્વગચ્છ ત્યાં લોકાન્તાત્ (૫) પૂર્વપ્રયોગાદ્ સંગત્વાદ્બંધ ચ્છેદાત્તથાગતિ પરિણામાચ્ચ તદ્ગતિઃ (૬) ક્ષેત્રકાલ ગતિ લિંગ તીર્થચારિત્ર પ્રત્યેક બુદ્ધ બોધિત જ્ઞાનાવગાહનાન્તર સંખ્યાલ્પ બહુત્વતઃ સાધ્યાઃ (૭)

મોહનીય સહિત જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાય એ ચાર ઘાતી કર્મ ક્ષય થતાં સર્વજ્ઞ થવાય છે. જેના પ્રભાવે જીવ સર્વ વસ્તુ સર્વ પર્યાય સહિત જાણી શકે છે. બંધ હેતુના અભાવે નિર્જરાનો પ્રયોગે અને યોગ દ્વારા સર્વ કર્મનો ક્ષય થાય છે. સર્વ કર્મનો ક્ષય તે જ મોક્ષ છે. ઉપશમ આદિ અને ભવ્યત્વ આદિ ભાવોના અભાવે ક્ષાયીક સમક્તિ કેવળજ્ઞાન, દર્શન અને સિદ્ધત્વ પ્રગટે છે. આમ સકળ કર્મનો ક્ષય થતાં એક સમયમાં જીવ લોકના અંત સુધી ઉંચે જાય છે. પૂર્વ પ્રયોગ સંગહીનતા, બંધ છેદ અને ગતિ પરિણામના કારણે સ્વાભાવિક ગતિ તેને મળે છે ક્ષેત્ર કાળગતિ લિંગ તીર્થ ચારિત્ર પ્રત્યેક બુધબોધિત જ્ઞાન અવગાહના અંતર સંખ્યા અને અલ્પ બહુત્વ એ બાર

પ્રકારે સિદ્ધની વિચારણા કરાય છે પ્રથમ મોહનીય કર્મનો ક્ષય થતાં બાકીનાં ત્રણ ઘાતી કર્મ અંતમુહુર્તમાં ક્ષય પામે છે. કેવળ જ્ઞાન એ સામાન્ય વિશેષ રૂપ હોઈ કેવળજ્ઞાનને કેવળદર્શન બંને સાથે થાય છે. ઉપયોગ એક સમયે એકનો જ હોય છે.

કર્મ બંધનનો સંભવ ન હોય ત્યારે તે કર્મનો આત્યંતિક ક્ષય થાય છે બંધ હેતુના અભાવે અને નિર્જરા દ્વારા કર્મનો આત્યંતિક ક્ષય થાય છે તે વખતે વેદનીય આદિ ચાર અઘાતી કર્મો હોવાથી મોક્ષ થતો નથી મોક્ષ માટે અઘાતી કર્મનો ક્ષય જરૂરી છે. આમ સંપૂર્ણ કર્મનો અભાવ એટલે જ્યારે સિદ્ધ થાય છે ત્યારે જન્મ મરણનું ચક્ર બંધ પડે છે તે જ મોક્ષ છે.

જેમ સકલ કર્મનો નાશ તેમ આત્માના સાપેક્ષ ભાવોનો પણ નાશ મોક્ષ માટે જરૂરી છે એટલે ઔદયિક ઉપશમિકને ક્ષયોપશમિક ભાવનો પણ સંપૂર્ણ નાશ થાય છે. ક્ષાયિકને પારિણામિક ભાવ માટે તેવો એકાંત નથી. પારિણામિક ભાવમાંથી ભવ્યત્વ ભાવનો નાશ થાય છે. પણ જીવત્વ અસ્તિત્વ આદિભાવો મોક્ષમાં પણ હોય છે.

ક્ષાયિકભાવ કર્મ સાપેક્ષ હોવા છતાં મોક્ષમાં તેનો અભાવ નથી. તેથી સૂત્રમાં ક્ષાયિક સમક્તિ આદિ ભાવો સિવાય બાકીના ભાવોનો નાશ મોક્ષનું કારણ છે ક્ષાયિક સમ્યક્ત્વ કેવળજ્ઞાન, કેવળદર્શનને, સિદ્ધત્વભાવ રહે છે .સિદ્ધત્વ

ભાવમાં ક્ષાયિકવીર્ય, ક્ષાયિક, સુખ, ક્ષાયિક ચારિત્ર સમાય છે. આમ સંપૂર્ણ કર્મ અને તેના આશ્રીત ઔપશમિકાદિ ભાવોનો નાશ થતાં જીવ એક સમયમાં ત્રણ કાર્ય કરે છે.

શરીરનો વિયોગ સિદ્ધમ.ન ગતિ અને લોકાંત પ્રાપ્તિ જીવ અને પુદ્ગલ એ બે ગતિશીલ દ્રવ્યો છે. જીવની સ્વાભાવિકગતિ ઉર્ધ્વ અને પુદ્ગલની સ્વાભાવિકગતિ અધો પણ નિમિત્તના કારણે સ્વાભાવિક ગતિમાં ફરક પડે છે. નિમિત્ત છૂટતાં જીવ સ્વાભાવિક ગતિનો અધિકારી બને છે.

પૂર્વ કર્મ છૂટવાને કારણે પ્રાપ્ત થતો સ્વાભાવિક વેગ તે પૂર્વ પ્રયોગ છે. આપૂર્વ પ્રયોગના કારણે મુકતજીવ લોકના અંત સુધી ઉર્ધ્વ ગતિ કરે છે. તેથી આગળ ધર્માસ્તિકાય ન હોવાથી ગતિ થતી નથી. જેમ માટીના લેપવાળુ તુંબડું પાણીમાં લેપ ધોવાઇ જવાથી અસંગ બની તરે છે. તેમ સંગહીન જીવ ઉંચે ગતિ કરે છે. જેમ દીવેલીનાં ઉપરના પડનું બંધન તૂટતાં એરંડ બીજ છટકે છે તેમ કર્મ બંધન તૂટતાં જીવ છૂટે છે. અને ઉંચે ગતિ કરે છે. ગતિના પરિણામે જીવ ઉર્ધ્વ ગતિ કરે છે કારણ કે શુદ્ધ જીવ ઉર્ધ્વગતિ શીલ છે. સાંસારીક ભાવોના અભાવે સિદ્ધ જીવોમાં કોઈ ભેદ નથી પરંતુ ભૂતકાળની દૃષ્ટિએ તેના ભેદ વિચારાય છે વર્તમાન ભાવની અપેક્ષાએ સર્વસિદ્ધનું ક્ષેત્ર સિદ્ધ શીલા છે પરંતુ ભૂતકાળની દૃષ્ટિએ જુદા જુદા સિદ્ધ જીવોની નિવાણભૂમિ જુદી જુદી છે. કેટલાક પંદર

કર્મ ભૂમિમાં સિદ્ધ થાય છે. કેટલાક સંહરણના કારણે અકર્મ ભૂમિમાં પણ સિદ્ધ થાય છે. કર્મ ભૂમિમાં સિદ્ધના દૃષ્ટાંતો તો નજરે પડે છે પરંતુ સંહરણ સિદ્ધના દષ્ટાંતો નથી. વર્તમાન ભાવની અપેક્ષાએ મુક્ત જીવ એક સમયમાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે તેથી લૌકીક કાળચક્ર તે માટે ઉપયોગી નથી. પરંતુ જુદા જુદા સિદ્ધ જીવોની અપેક્ષાએ કેટલાક ઉત્સપીણીમાં અને કેટલાક અવશીપીર્ણીમાં સિદ્ધ થાય છે. મહાવિદેહ ક્ષેત્ર અને સંહરણની અપેક્ષાએ જીવો સર્વકાળ પણ સિદ્ધ થઈ શકે છે. ઉત્સપીર્ણીના ત્રીજા ચોથા આરામાં અને અવશરપીણીના ત્રીજા ચોથા આરામાં તેમજ પાંચમા આરામાં સિદ્ધ થતા જીવોનાં દૃષ્ટાંતો નજર સામે છે. મહાવિદેહના પણ છે પણ સંહરણના દૃષ્ટાંતો નથી. વર્તમાન ભાવની દૃષ્ટિએ સિદ્ધો સિદ્ધ શીલામાં છે. પરંતુ અંતિમ ભવની અપેક્ષાએ મનુષ્ય ગતિમાંથી અને તે પહેલાના ભવની અપેક્ષાએ ચારે ગતિમાંથી સિદ્ધ થઈ શકાય છે. જેમ કે મહાવીર પ્રભુ દેવગતિમાંથી આવી સિદ્ધ થયા છે. પદ્મનાભ પ્રભુ નરકગતિમાંથી આવી સિદ્ધ થશે. વર્તમાન દૃષ્ટિએ અવેદી જ સિદ્ધ થાય છે. પણ ભૂતકાળની દૃષ્ટિએ સ્ત્રી પુરૂષને નપુંશક ત્રણે વેદમાંથી સિદ્ધ થાય છે. ભાવલીંગ વીતરાગ ભાવે સિદ્ધ થવાય છે. દ્રવ્યલીંગ અનુસાર મુનિ વેષ કે અન્ય તાપશ આદિવેશમાં અને ગૃહસ્થ વેશમાં સિદ્ધ થવાય છે. ચંદનબાળા, સ્ત્રીલીંગ ગૌતમ પુરૂષલીંગ સ્વામી અને ગાંગેય પ્રમુખ નપુંસકલીંગ સિદ્ધ થયાના દાખલા

છે. કૃત્રીમ નપુંશક સિદ્ધ થાય. પણ જન્મથી નપુંશક સિદ્ધ થાય નહિ વલ્કલ ચિરિ અને પંદરસો તાપસો અન્ય લીંગ કેવળજ્ઞાન પામ્યા હોવાથી કેવળી થયા એટલે સિદ્ધ થઇ ચુકયા એ ન્યાયે સિદ્ધ થયા છે. તે જ રીતે મરૂ દેવા અને અને ભરત મહારાજ ગૃહસ્થ લીંગે સિદ્ધ થયા છે. તીર્થંકરો તીર્થની સ્થાપના કરે છે. તેમની હયાતી પછી કોઈ વખત તીર્થ વિચ્છેદ પણ પામે છે. આવા પ્રસંગે ઉપદેશકનો અભાવ હોવા છતાં જાતિ સ્મરણાદિના કારણે અતીર્થમાં સિદ્ધ થવાય છે. એ હિસાબ મરૂદેવા માતા અતીર્થ સિદ્ધ છે અને પુંડરીક સ્વામી તીર્થ સિદ્ધ છે. ઋષભ દેવાદિ તીર્થંકરો જિન સિદ્ધ છે, જયારે ગણધરો અજિન સિદ્ધ છે ભૂતકાળની દૃષ્ટિએ ચારિત્રી કે અચારિત્રી સિદ્ધ થાય છે. વર્તમાન અંતિમ સમયે યથાખ્યાત ચારિત્ર જ મોક્ષ પામે છે પહેલાના સમયની અપેક્ષાએ સામાયીક સૂક્ષ્મ સંપરાયવાળા અને પહેલાંને છેલ્લા તીર્થંકરની અપેક્ષાએ ચાર અથવા પાંચે ચાંરિત્રવાળા મોક્ષ મેળવી શકે છે.

વર્તમાન દૃષ્ટિએ તો કેવળજ્ઞાની જ મોક્ષ પામે છે. પણ ભૂતકાળની દૃષ્ટિએ પ્રત્યેક બુદ્ધ અને બુદ્ધિ બોધિત પણ મોક્ષ મેળવે છે. પ્રત્યેકબુદ્ધ ગુરૂના આશ્રય વિના પોતાની જ્ઞાન શક્તિથી મોક્ષ મેળવે છે. તેમાં કોઈપણ એક નિમિત્ત મળતાં ચારિત્ર લે છે. સ્વયં બુદ્ધને નિમિત્તની જરૂર રહેતી નથી તેમાં તીર્થંકરને કપીલાદિ આપે છે બુદ્ધ બોધિત ગુરુના ઉપદેશથી તરે છે. પ્રત્યેક બુદ્ધમાં

કરકુંડ, દ્વિમુખ, નગ્ગતિ, નમિરાજર્ષિ આદ્રકુમાર અનાથી મુનિ આદિ છે. પ્રથમના ચાર સાથે કેવળી થયા છે.

વર્તમાન દૃષ્ટિએ કેવળજ્ઞાની જ સિદ્ધ થાય છે. ભૂતકાળની દૃષ્ટિએ એક, બે, ત્રણ, ચાર, જ્ઞાનવાળા પણ સિદ્ધ થાય છે. મરુદેવા માતાને માસતુસ મુનિ બે જ્ઞાનથી, અવધિકે મનઃપર્યવજ્ઞાની અગર બન્ને સાથે હોય તેવા ચઉનાણી સિદ્ધ થાય છે. એક કેવળજ્ઞાની અવશ્ય સિદ્ધ થાય છે.

વર્તમાનદૃષ્ટિએ જે અવગાહનથી જીવ સિદ્ધ થાય છે. તેની ૨/૩ અવગાહન સિદ્ધમાં હોય છે. ભૂતકાળની અપેક્ષાએ તીર્થંકરની અપેક્ષાએ જઘન્ય સાત હાથ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષવાળા સિદ્ધ થાય છે. સામાન્ય કેવળી કૂર્મા પુત્રની માફક બે હાથની અવગાહનીથી સિદ્ધ થાય છે. જીવની સિદ્ધગતિ અંતર વિના ચાલુ રહે તે નિરંતર સિદ્ધ જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટથી આઠ સમય છે એક જીવ સિદ્ધ થયા પછી બીજા જ સમયે કોઈ સિદ્ધ ન થાય તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છમાસનું અંતર પડે છે. જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી એક સો આઠ એક સમયમાં સિદ્ધ થઈ શકે છે. તેનાં દૃષ્ટાંતો જંબુ સ્વામી અને ઋષભદેવ છે. તીર્થંકરો અનેક સાધુઓ સાથે મોક્ષે ગયાનું જણાવ્યું છે તેમાં સમયાંતર સિદ્ધ સમજવું સમય બહુ બારીક હોવાથી એકસાથે કહેવાય છે. ઉપરોક્ત અગ્યાર પ્રકાર કે સિદ્ધના પંદર ભેદમાં ન્યૂનાધિકના વિચાર તે અલ્પ

બહુત્ત્ર છે. ક્ષેત્ર સિદ્ધમાં સંહરણની અપેક્ષાએ જન્મ સિદ્ધ અસંખ્યાત ગુણ સમજવા ઉર્ધ્વ લોક સિદ્ધ ન્યૂન અને અધોલોક સિદ્ધ તેથી અસંખ્યાત ગુણ હોય છે. એ રીતે તેનો વિચાર કરી શકાય. જિન સિદ્ધો થોડા તેથી અનેક ગુણ અજિન સિદ્ધ છે. અતીર્થ સિદ્ધ થોડા તેથી અનેક ગુણ તીર્થ સિદ્ધ છે. મરૂદેવાને ભરત મહારાજ ગૃહસ્થલીંગે વલ્કલ ચિરિ અન્ય લીંગે સિદ્ધ અને સ્વ લીંગે સિદ્ધ સાધુઓ તેમાં પહેલાં થોડા પછીના બે સંખ્યાત સંખ્યાતગુણ સ્ત્રી લીંગે સિદ્ધ ચંદનબાળા, પુરૂષ લીંગે સિદ્ધ ગૌતમસ્વામી, અને નપુંશક લીંગે સિદ્ધ ગાંગેય પ્રમુખ. તેમાં નપુંશક થોડા તેથી સ્ત્રી સંખ્યાતગુણ તેથી પુરૂષ સંખ્યાતગુણ પ્રત્યેક બુધ સિદ્ધ કરકંડુ, સ્વયં બુધ કપિલને બુદ્ધ બોધી તેથી સંખ્યાત ગુણ સ્વયંબુદ્ધ તેથી સંખ્યાત ગુણ બુધ બોધિ તે સાધુઓ તેમાં પ્રત્યેક બુદ્ધ થોડા બુદ્ધ બોધિત એક સિદ્ધ જંબુ-સ્વામી પ્રમુખ અનેક એક સિદ્ધ થોડા અનેકસિદ્ધ તેથી સંખ્યાતગુણ એક સિદ્ધમાં મહાવીર સ્વામી લઈએ તો આ ભરત ક્ષેત્રની અપેક્ષાએ ગણાય પણ અઢી દ્વીપની અપે-ક્ષાએ દશ તીર્થંકરો સાથે મોક્ષે ગયા છે. સમય બારીક હોવાથી તત્ત્વ કેવળી જાણે. **તત્વાર્થાધિગમ અસૂત્ર કહેવાય છે.**

દશપૂર્વી કે ચૌદપૂર્વીનાં રચેલાં હોય તે સૂત્ર કહેવાય છે. એ હિસાબે ઉમા સ્વાતિ વાચક દશપૂર્વી હતા. તેમની માતાનું નામ ઉમા અને પીતાનું નામ સ્વાતી હતું એમ

કહેવાય છે. તેમાં બહુજ ટુંકા શબ્દોમાં સાત તત્ત્વો સમજાવ્યાં છે. તેના ઉપર પૂર્વાચાર્યો એ લાખો શ્લોકપ્રમાંણીકાઓ ટીકા રચી છે. ઉમાસ્વાતી વાચકો પણ સ્વોપણભાષ્ય કરેલ છે. એટલે તેમની કરેલી ટીકા સર્વમાન્ય ગણાય. પહેલા ચાર અધ્યાયમાં જીવતત્ત્વનું વર્ણન છે. જાણવા યોગ્ય બે દ્રવ્યો છે. જીવ અને અજીવ જીવને બરાબર સમજીએ તો તેની દયા પાળી શકાય. માટે જીવતત્ત્વ પહેલું કહ્યું છે. પાંચમા અધ્યાયમાં અજીવતત્ત્વનું નિરૂપણ કર્યું છે છઠ્ઠા અધ્યાયમાં આશ્રવતત્ત્વ સમજાવ્યું છે. સાતમા અધ્યાયમાં શ્રાવકના બાર વ્રતોના અતિચારોનું વર્ણન છે. આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વ પ્રકૃતિ સ્થિતિ રસને પ્રદેશ. એ ચારભેદે સમજાવ્યું છે નવમા અધ્યાયમાં સંવરને નિર્જરા તત્ત્વ સારી રીતે સમજાવ્યું છે અને દશમા અધ્યાયમાં મોક્ષનું વર્ણન છે. જીવ અને અજીવ બે તત્ત્વો જાણવા યોગ્ય છે. જયારે આશ્રવને બંધ એ બે તત્ત્વો છોડવા યોગ્ય છે. કર્મોનું મિથ્યાત્વાદિ હેતુએ આવવાનું થાય છે. તે દ્વારને રોકવા અને જુના કર્મો સાથે નવા કર્મનો બંધ થતો અટકાવવો જરૂરી છે. પછી આત્મામાં અનાદિ કાળથી ઘર કરી બેઠેલા કર્મોનો નિર્જરા વડે નાશ કરવો અને નવા આવતા કર્મોને રોકવા સંવર કરવો. સંપૂર્ણ કર્મનો નાશ તે મોક્ષ છે એટલે સંવર નિર્જરાને મોક્ષ ત્રણ તત્ત્વો ઉપાદેય આદરવા યોગ્ય છે. સાધ્ય મોક્ષ છે તેના સાધન સંવરને નિર્જરા છે ખાણમાં રહેલું સોનું જેમ માટી સાથે મળેલું હોય છે. પણ

તેને શુદ્ધ કરી શકાય છે. તેમ જીવ અને અજીવ અનાદિકાળથી કર્મ પુદ્દગલોથી જકડાએલ છતાં પ્રયત્ન વિશેષે કરી મુક્ત કરી શકાય છે. તેને કેવી રીતે મુક્ત કરવો તે માટે સંવર નિર્જરાના ભેદો બતાવ્યા છે. પહેલા બારણું બંધ કરવાથી નવો કચરો આવતો બંધ થાય છે તેમ સંવર એ આવતા કર્મોને રોકે છે. અને અંદર રહેલા કચરાને તપ દ્વારા વાળીઝુડીને સાફ કરાય છે. એટલે કર્મો ખરવા માંડે છે.

સંપૂર્ણ કર્મનો ક્ષય થતાં જીવ પોતાના મૂળ સ્વરૂપમાં આવી જાય છે. અત્યારે તેની વિભાવદશા છે. તેને સ્વભાવ દશામાં લાવવાની મહેનત કરવાની છે. જીવના અસંખ્ય પ્રદેશો છે તેમાં વચ્ચેના ચાર ઉપરનાને ચાર નીચેના મળી આઠ પ્રદેશો ઉઘાડા છે. એટલે તેને કર્મ લાગેલ નથી બાકીના બધા પ્રદેશો ક્ષીરનીરની જેમ કર્મ પુદ્દગલ સાથે એકમેક થએલા છે. દરેક જીવ સંગ્રહ નયની અપેક્ષાએ શીવ સમાન છે. તેને કાળ, સ્વભાવ નિયતિ, કર્મ અને પુરુષાર્થએ પાંચે કારણ મળતાં શુદ્ધ થઈ શકે છે. જીવની અચિંત્ય શક્તિ છે તેમ પુદ્દગલની પણ અચિંત્ય શક્તિ છે જીવ પોતે અરૂપી છે, અત્યારે જે જીવો સંસારમાં દેખાય છે તે પુદ્દગલ મિશ્રિત છે. અજીવ દ્રવ્યમાં ફક્ત પુદ્દગલ દ્રવ્ય જ રૂપી છે. એટલે આ જગતમાં જે કંઈ દેખાય છે તે પુદ્દગલ છે. પુદ્દગલનો સ્વભાવ પુરણગલન છે. જુના પર્યાયો જાય છે અને નવા પર્યાયો આવે છે.

એટલે આકાર સરખો રહે છે. શાશ્વતી પ્રતિમાઓ ભૂત-કાળમાં જે આકારમાં હતી તે આકારે વર્તમાનમાં દેખાય છે અને ભવિષ્યકાળમાં પણ તે જ આકારે દેખાશે. પુદ્ગલના પર્યાયો ફરી જાય છે. જુના જાય છે અને નવા આવે છે. દ્રવ્યરૂપે કાયમ રહે છે. તે મુજબ રૂપી અરૂપી તમામ દ્રવ્યોમાં સમજવાનું છે. આનું જ નામ ત્રિપદી છે. ઉપન્નેઈવા, વિગઈવા, ધુવેઈયા ઉત્પન્ન થાય છે. નાશ પામે છે અને દ્રવ્ય રૂપે નિત્ય શાશ્વત રહે છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તંસત્ સત્–સત્‌ની વ્યાખ્યા જ એ છે કે જેમાં ઉત્પાદ વ્યય અને ધ્રુવપણું રહેલું છે. આ જગત છ દ્રવ્યોથી બનેલું છે. તેમાં પાંચ અજીવ દ્રવ્ય છે અને એક જીવદ્રવ્ય છે.

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય અને કાળ એ ચાર અજીવ દ્રવ્યો અરૂપી છે. ફક્ત પુદ્ગલાસ્તિકાય રૂપી છે. રૂપી હોય તો તેમાં વર્ણ ગંધ રસ અને સ્પર્શ હોવા જોઈએ. એટલે પુદ્ગલો વર્ણગંધ રસ અને સ્પર્શ-વાળા છે વર્ણ પાંચ છે કૃષ્ણનીલ રક્તપીતને શ્વેત, તે આંખથી જોઈ શકાય છે. એટલે તે પાંચ ચક્ષુના વિષયો છે નાકથી સુગંધ કે દુર્ગંધ પારખી શકાય છે એટલે ઘ્રાણના બે વિષયો સુરભિ ગંધને દુરભિગંધ છે. જીભથી રસની સમજ પડે છે. રસ પણ પાંચ પ્રકારના છે કડવો તીખો કષાયેલો ખાટો અને મીઠો એ પાંચ રસનેંદ્રિયના વિષયો છે. શરીર એટલે ચામડી સ્પર્શથી જાણી શકે છે. સ્પર્શ આઠ પ્રકારે છે. ટાઢો, ઉનો, ભારે, હલકો, ચીકણો, લુખો,

કોમળને કર્કશ, એટલે સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો છે આકાર એટલે સંસ્થાન તે પણ પાંચ પ્રકારે છે. ત્રિકોણ. ચતુષ્કોણ, ગોળ દડા જેવો, ગોળ બંગડી જેવો અને લાંબો દંડ જેવો એકેકાવર્ણમાં પાંચ સંસ્થાન પાંચ રસ બે ગંધને આઠ સ્પર્શ એમ વીશ ગણતાં પાંચ વર્ણના સો ભેદ થાય. તે રીતે પાંચ સંસ્થાનને પાંચરસના પણ સો સો ભેદ થાય. એક ગંધમાં પાંચ વર્ણ પાંચ સંસ્થાન પાંચ રસને આઠ સ્પર્શ ગણતાં તેવીસ ભેદ થાય બે ગંધના, છે તાલીશ ભેદ થાય. એક પુદ્‌ગલ પરમાણુમાં એકવર્ણ એકગંધ એકરસ એક સંસ્થાન બે રસ હોય, શીત કે ઉષ્ણમાંથી એક અને સ્નીગ્ધ કે રૂક્ષમાંથી એક, એક સ્પર્શને બીજા છ સ્પર્શ સાથે બે ગંધ સાથે પાંચ વર્ણ પાંચ રસને પાંચ સંસ્થાન સાથે ગણાતાં ત્રેવીસ ભેદ થાય આઠ સ્પર્શને ત્રેવીશ સાથે ગુણતાં એકસો ચોરાસી ભેદ સ્પર્શ ના થાય. તેમાં પ્રથમના ત્રણસો છેતાલીશ ઉમેરતાં પાંચ સો ત્રીસ ભેદ પુદ્‌ગલના થાય. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને લોકાશાસ્તિકાય એ ત્રણે એક સળંગ પદાર્થ છે. તેમાંથી એક પ્રદેશ પણ છુટો પડતો નથી છતાં સમજવા માટે એક આખો પદાર્થને સ્કંધ કહેવાય છે, તેમાંથી જુદા જુદા ભાગ કલ્પીએ તે દેશ કહેવાય અને જેના બે ભાગ થઈ ન શકે તે પ્રદેશ કહેવાય તે સ્કંધ સાથે જોડાએલ હોવાથી પ્રદેશ કહેવાય. પુદ્‌ગલના પ્રદેશો છુટા પડતા હોવાથી તેમને પરમાણુ કહેવાય છે.

એટલે પરમાણુને પ્રદેશ બન્ને સરખા હેવા છતાં જોડાએલને પ્રદેશ કહેવાય તે છુટો પડે પરમાણુ કહેવાય એ રીતે પુદ્ગલ સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ ચાર ભેદ અને ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયને આકાશાસ્તિકાયના ત્રણ ત્રણ ભેદ પડે સ્કંધ દેશને પ્રદેશ કુલ નવ થાય તેમાં કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે ગણતાં તેનો વર્તમાન એક સમયનો એક જ ભેદ ગણતાં દશ ભેદ અરૂપી અજીવના થાય. રૂપી પુદ્ગલ અજીવના પાંચસો ત્રીશ ભેદ મળી કુલ અજીવ દ્રવ્યના પાંચસો ચાલીસ ભેદ શાસ્ત્રમાં ગણાવ્યા છે.

નવતત્ત્વમાં જીવના ચૌદ ભેદ તેમ અજીવના પણ ચૌદ ભેદ ગણાવ્યા છે. તેમાં ચાર રૂપી પુદ્ગલના અને દશ અરૂપીના મળી ચૌદ થાય છે જીવના ચૌદ ભેદમાં સાત પર્યાપ્તાને સાત અપર્યાપ્તા મળી ચૌદ છે. એક પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. તેઓનું આયુષ્ય અંતમુહૂર્તનું જ હોય છે. પર્યાપ્ત જીવોનું આયુષ્ય લાંબુ હોય છે. સાત પર્યાપ્તામાં સૂક્ષ્મને બાદર એકેન્દ્રિય; ત્રણ વિગલેન્દ્રિય તે બેઇન્દ્રિય તેઇન્દ્રિયને ચૌરેન્દ્રિય અને ગર્ભજ અને સમુર્છીમ પંચેન્દ્રિય તે સાતે પર્યાપ્તાને અપર્યાપ્તા મળી ચૌદ ભેદ જીવના છે. તેના ઉત્તર ભેદ ગણતાં પાંચસો ત્રેસઠ થાય છે. તે સમજવાથી જીવનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે છે.

એકેન્દ્રિય જીવો સૂક્ષ્મને બાદર બે પ્રકારે છે. તેમાં પાંચ સૂક્ષ્મ તે પૃથ્વીકાય, અપકાય, તેઉકાયને સાધારણ વન

સ્પતિકાય પર્યાપ્તાને અપર્યાપ્તા મળી દશ થાય. તે પાંચે સ્થાવર એટલે સ્થીર કહેવાય છે.

સૂક્ષ્મ જીવોને આપણે જોઈ શકતા નથી એટલે તેની હિંસા પણ કરી શકતા નથી અને બચાવી પણ શકતા નથી પૃથ્વીના જીવો, પાણીના જીવો, અગ્નિના જીવો, પવનના જીવો અને વનસ્પતિના જીવો. જે બાદર છે તે નજરે જોઈ શકાય છે તે છ જાતના છે તેના પણ પર્યાપ્તાને અપર્યાપ્તા મળી બાર ભેદ થાય એટલે કુલ એકેન્દ્રિય જીવના બાવીશ ભેદ થાય છે, જે પાંચ સૂક્ષ્મ ગણાવ્યા તેમાં પ્રત્યેક વનસ્પતિકાય ઉમેરતાં છ ભેદ થાય તે બાદર જાણવા. એક શરીરમાં એક જીવ તે પ્રત્યેક કહેવાય અને એક શરીરમાં અનંતા જીવ હોય તે સાધારણ કહેવાય. ફકત વનસ્પતિકાયમાં જ અનંતા જીવ હોય છે તેને કંદમૂળ કહેવાય છે. આપણે વનસ્પતિ ખાઈને જ જીવીએ છીએ તો અસંખ્ય જીવોના સંહારથી ચાલતું હોય તો અનંતા જીવોનો સંહાર શા માટે કરવો ? તે પણ અચિત્ત બનાવીને ખાવાથી જીવો પ્રત્યેક કોમળ દયાળુભાવ રહે છે. કાચું પાણી કે કાચી વનસ્પતિ ખાવાથી ક્રૂરતા વધે છે. વળી કંદમૂળ અનંતકાય તામસ પ્રકૃતિ ઉભી કરે છે. માટે તે ન ખાવાં ઘી, દુધ મિષ્ટાન્ન વગેરે રાજસ પ્રકૃતિ ઉભી કરે છે તેથી જીવને વિકાર ઉત્પન્ન થાય છે. જ્યારે આયંબીલનો ખોરાક સાત્વીક પ્રકૃતિ ઉભી કરે છે. તેથી વિકાર થતો નથી. હાલતા ચાલતા જીવો ત્રસ કહેવાય છે. અગ્નિ ઉંચો જાય છે ને વાયુ

તીર્છોવાય છે તે તેની સ્વાભાવીક ગતિ છે ઈચ્છા મુજબ નથી તેથી તેઓ ગતિત્રસ ગણાય છે: તેનો સ્થાવરમાં સમાવેશ ગણ્યો છે. ઈચ્છા મુજબ ગતિ કરનારા લબ્ધીત્રસ છે તેના બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચૌરેઈન્દ્રિય ને પંચેન્દ્રિય એમ ચાર ભેદ છે. તેમાં બેઈન્દ્રિય તેઈન્દ્રિયને ચૌરેન્દ્રિય એ ત્રણ પર્યાપ્તા અને પર્યાપ્તા મળી છ ભેદ વિગલેન્દ્રિયના થાય છે. તિર્યંચ, મનુષ્ય દેવને નારક એમ પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારે છે. પંચેન્દ્રિય તિર્યંચો ગર્ભજ સમુર્છીમ બે પ્રકારે છે. જળચર ચતુષ્પદ ઉરપરિસર્પ ભુજ પરિસર્પને ખેચર એ પાંચે ગર્ભજને સમુર્છીમ મળી દશ પર્યાપ્યા થાય તેવી જ રીતે દશ અપર્યાપ્તા મળી વીશ ભેદ થાય ચોરેન્દ્રય સુધીના બધા તિર્યંચ કહેવાય તે ઉમેરતાં અડતાલીશ ભેદ તિર્યંચ ના થાય સાત નારકના પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા મળી ચૌદ ભેદ થાય દેવને નારકો લબ્ધી અપર્યાપ્તા હોય નહિ. જ્યાં સુધી પર્યાપ્તિપુરી ન કરે ત્યાં સુધી કરણ અપર્યાપ્તા કહેવાય તે દૃષ્ટિએ ભેદ ગણ્યા છે દેવોમાં પચીસ ભવનપતિ છવીસવ્યંતર, દશ જ્યોતિષિ અને આડત્રીશ વૈમાનીક મળી નવાણુ પર્યાપ્તાને નવાણુ કરણ અપર્યાપ્તા મળી એકસો અઠાણુ ભેદ દેવ ના થાવ. મનુષ્યમાં પંદર કર્મભૂમિ અત્રીશ કર્મભૂમિ અને છપન અંતર્દ્વીપના મનુષ્યો ગણુતાં એકસો એક થાવ તે પણ ગર્ભજને સમુર્છીમ ગણુતાં બસો બે થાય અને ગર્ભજ અપર્યાપ્તા એકસો એક મળી ત્રણસો ત્રણ થાય.

સમુર્છીમ મનુષ્યો સૂક્ષ્મ જીવોની માફક આંખે દેખાતા નથી તેઓ અપર્યાપ્ત પણે જ મરણ પામે છે તેથી પર્યાપ્તાના ભેદમાં આવે નહિ ગર્ભજમાં પર્યાપ્તાને અપર્યાપ્તા બે ભેદ છે. સમૂર્છીમ તિર્યંચ પંચેન્દ્રિયો પર્યાપ્તા અને અપર્યાપ્તા બન્ને છે. કારણ કે તેઓ દેખી શકાય છે તેમનું શરીરને આયુષ્વ ઘણું હોય છે. જ્યારે સમુર્છીમ મનુષ્યનું આયુષ્ય અંતર્મુહૂર્તને શરીર અગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે આ બધા જીવોનું વિશેષ વર્ણન જીવ વિચાર દંડક વગેરે પ્રકરણોથી જાણવું. જીવ વિચારમાં જીવોના મુખ્ય ભેદોમાં શરીર આયુષ્ય સ્વકાય સ્થિતિ–પ્રાણને યોની એ પાંચ દ્વાર સમજાવ્યાં છે દંડકમાં ચોવીશ પ્રકારે જીવને દરેકમાં ચોવીશ દ્વાર ઘટાવ્યાં છે બૃહદસંગ્રહણીમાં બહુ વિસ્તારથી જીવોનું વર્ણન કર્યું છે તેમાં નવ દ્વાર બતાવ્યાં છે. નવ તત્ત્વમાં તત્વાર્થાધિગમ સૂત્રમાં કહેલ સાત તત્ત્વની સાથે પુણ્ય પાપ જુદાં લઈને નવ તત્ત્વ બતાવ્યાં છે. લઘુ સંગ્રહણીમાં જંબુદ્રીપમાં રહેલા શાશ્વત પદાર્થોનું વર્ણન છે. અને લઘુક્ષેત્ર સમાસમાં અઢીદ્વીપમાં રહેલા શાશ્વત પદાર્થોનું વિસ્તારથી વર્ણન છે છ કર્મ-ગ્રંથમાં કર્મનું સવિસ્તર વર્ણન આવી જાય છે. આ બધાં પુસ્તકો સંક્ષિપ્ત રીતે છપાવ્યાં છે. આ છેલ્લું તત્વાર્થાધિગમ સૂત્ર પણ સંક્ષિપ્ત રીતે સમજાવ્યું છે.

( અનુસંધાન ટાઈટલ ૨ નું ચાલુ )

૪૧. જૈન કથાઓ ભા-૫
૪૨. જૈન કથાઓ ભા-૬
૪૩. જૈન કથાઓ ભા-૭
૪૪. જૈન કથાઓ ભાગ-૮
૪૫. જૈન કથાઓ ભાગ-૯
૪૬. જૈન કથાઓ ભાગ-૧૦
૪૮. જૈન કથાઓ ભાગ-૧૧
૪૮. જૈન ચેઈયિથયથુઈ સજ્ઝાયમાળા ભા-૨
૪૯. સજ્ઝાયમાળા ભા-૨
૫૦. છ કર્મગ્રંથસાર
૫૧. જૈન દર્શનને શ્રાવક દિન કૃત્ય
૫૨. જૈન કથાઓ ભાગ-૧૨
૫૩. ચેઈયિથયથુઈ સંગ્રહ
૫૪. ભૂર્ભુવઃ સ્વઃ ભા-૨
૫૫. જૈન કથાઓ સુબોધ કથાઓ
૫૬. સુબોધ કથાઓ જૈન દર્શન
૫૭. બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮. જૈનધર્મ પ્રવેશક ભા-૧
૫૯. ઉપમિતિ ભવ પ્રપંચા-કથા ભા-૧
૬૦. ઉપમિતિભવ પ્રપંચા-કથા ભા-૨
૬૧. નુતન સ્તવનાવળી
૬૨. ઉપદેશસીત્તરી
૬૩. સહસ્રકુટનામાવલી
૬૪. જૈન કથાઓ ભા-૧૩
૬૫. જૈન કથાઓ ભા-૧૪
૬૬. જૈન કથાઓ ભાગ-૧૫
૬૭. જૈન મહાભારત
૬૮. જૈન ઇતિહાસ
૬૯. જૈનધર્મ પ્રવેશક ભા-૨
૭૦. જૈન રામાયણ
૭૧. વસુદેવહિંડ ચરિત્ર
૭૨. સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩. નવ સ્મરણમૂળ
૭૪. નવપદ મહાત્મ્ય
૭૫. લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬. અકલંક આત્મકથા
૭૭. સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮. ચેઈય થય થુઈ સજ્ઝાય માળા ભા-૩
૭૯. જૈન કથાઓ ભા-૧૬
૮૦. જૈન કથાઓ ભા-૧૭
૮૧. નવકારના જાપની નોંધ
૮૨. તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૩. જૈન પ્રશ્નોત્તરી ભા-૧

# અભિપ્રાય

મુનિ અકલંક વિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૮૨ પુસ્તકો છપાયા છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંત કથાઓ ચરિત્રો અને આત્મવૃતાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રૂચી ઊભી કરી તેમને સદાચાર અને સદ્‌ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંત કથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડે ઘણે અંશે એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંક વિજયજી ધન્યવાદને પાત્ર છે.


લિ.
મુગટલાલ પો. બાવીશી
ડો. પી. એચ. ડી.
૪/૪ સાંઈ એપાર્ટમેન્ટ
હવાડીઆ ચકલા પાછળ
સુરત–૩૯૫૦૦૩